સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

પદવીદાન વ્યાખ્યાન

(તેમજ અન્ય પ્રવચનો)

: વક્તા :

પૂ. શાસ્ત્રીશ્રી પાંડુરંગ વૈજનાથ આઠવલે

બાવીસમો વાર્ષિક અને વિશેષ પદવીદાન સમારંભ

શનિવાર, ૧૫ ડિસેમ્બર, ૧૯૭૯

તા. ૧૫–૧૨–૧૯૭૯ ના રોજ આયોજિત સરદાર પટેલ યુનિવર્સિટીના ૨૨મા વાર્ષિક અને વિશેષ પદવીદાન સમારંભના અતિથિવિશેષ તરીકે પૂ. શાસ્ત્રીશ્રી પાંડુરંગ વૈજનાથ આઠવલેએ વલ્લભ વિદ્યાનગરમાં આપેલાં પ્રવચનો તથા પદવીદાન વ્યાખ્યાનનો આ પુસ્તિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

અનુક્રમ		વિગત	પાન
(૧)	૧૫–૧૨–૧૯૭૯	પદવીદાન વ્યાખ્યાન	૧ થી ૧૪
(૨)	૧૪–૧૨–૧૯૭૯ (બપોરે)	વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયના મધ્યસ્થખંડમાં અધ્યાપકો સમક્ષ આપેલું પ્રવચન.	૧૫ થી ૩૫
(૩)	૧૪–૧૨–૧૯૭૯ (સાંજે)	શાસ્ત્રીમેદાનમાં વિદ્યાર્થીઓ, વાલીઓ તથા જાહેર જનતા સમક્ષ આપેલું પ્રવચન.	૩૬ થી ૬૭

हमारे प्रेरणा-स्रोत

तीर्थरूप प. पू. पांडुरंगशास्त्री आठवलेजी

પદવીદાન વ્યાખ્યાન

આજે મહાન પવિત્ર દિવસે હું અહીં આવ્યો છું. પૂજારી તરીકે આવ્યો છું. ઉપદેશક તરીકે નહીં, અને વક્તા તરીકે પણ નહીં. ભારતીય અસ્મિતા જાગૃત કરનાર સરદાર પટેલશ્રીનો આજે સ્મરણ દિવસ છે અને આ સરસ્વતીના પ્રાંગણમાં આવતાં જ એમની યાદ આવે છે. જેમના નામે આ યુનિવર્સિટી શરૂ કરવામાં આવી છે તે સરદારને કૃતજ્ઞતા વૃત્તિથી, નમસ્કાર કરું છું. તે જ રીતે અહીં વિવિધ વિષયના જ્ઞાની લોકો આવ્યા છે. તે જ્ઞાન ગુરુઓને પણ નમસ્કાર કરું છું. પરસેવો પાડીને, મહેનત કરીને, અભ્યાસ કરીને જેમણે પદવી મેળવી છે, તે સ્નાતકોને હું નતમસ્તક થાઉં છું. તે જ રીતે પોતાના વિચાર, ઉચ્ચાર, આચાર અને જ્ઞાનની જેમની સુગંધ છે અને જેની સુગંધ આ યુનિવર્સિટીને આવતાં જ યુનિવર્સિટીને પ્રેમનો ઉભળકો આવ્યો અને જેમને ઓનરરી ડોકટરેટની પદવી આપવામાં આવી, એવી આ ત્રિમૂર્તિને, ગુરુદત્તાત્રેય રૂપ સમજીને હું નમસ્કાર કરું છું.

આજે સ્નાતકો અહીંથી બહાર જવાના છે તેમને એટલું જ કહું, બધાના વતી કહું, આ જ્ઞાનીઓને આગળ કર્યા છે એટલે તેમની ભાષામાં કહું. તમે બધા સુખી થાઓ, ભાગ્યશાળી બનો, પણ સુખી થાઓ શબ્દનો અર્થ સમજી લો. તમે ભણેલા છો. ચાર પૈસા મળશે એટલે સુખ મળે છે આ રીતની કલ્પના છોડીને જ બહાર નીકળજો. નાનપણમાં મને વાર્તા કહેવામાં આવી હતી, અહીં બધા વિદ્વાનો જ છે તેથી તે ટૂંકમાં કહું, તેમાં ઘણો અર્થ ભર્યો છે.

એક રાજા હતો. તેને લાગ્યું, પૈસા મળશે એટલે સુખ મળશે અને સમૃદ્ધ થવાશે અને સમૃદ્ધ થઈશું એટલે આપણી પાસે બધું આવી જશે. એટલે તે રાજાએ ભગવાનને પ્રાર્થના કરી, ભગવાન પ્રસન્ન થઈ ગયા, (કેમ કે વાર્તામાં ભગવાન જલ્દી પ્રસન્ન થાય છે) અને પ્રસન્ન થયા પછી એણે કહ્યું કે 'હું જેને હાથ લગાડું તેનું સોનું થવું જોઈએ. મને જો સોનું મળશે તો હું સુખી થઈ જઈશ.' 'તથાસ્તુ' ભગવાન આવી રીતનું વર આપીને ચાલી ગયા. રાજા ખુશ થઈ ગયો. તેણે ટેબલને હાથ લગાડી જોયો, કે ખરેખર વર

આપ્યો છે તે સાચો છે કે ખોટો. કેમ કે ભગવાન ઉપર થોડો જ વિશ્વાસ છે? તેણે જોયું કે ટેબલ સોનાનું થઈ ગયું. દિવાલને હાથ લગાડયો, દિવાલ સોનાની થઈ ગઈ. તે ખુશ ખુશ થઈ ગયો. તેને લાગ્યું કે વિશ્વનો પહેલા નંબરનો શ્રીમંત હું થવાનો. જેને હાથ લગાડીશ તે સોનું થશે. તે આમ વિચારતો હતો એટલામાં એને તરસ લાગી. તેણે પીવા પાણી માંગ્યું. પાણીનો ગ્લાસ હાથમાં લેતાં જ તે સોનું થઈ ગયો. એટલામાં તેનું બાળક દોડતું દોડતું આવ્યું. આલિંગન આપવા તેણે તેને ઉપાડયું. ઉપાડતાં જ બાળક પણ સોનાનું થઈ ગયું. ત્યારે તેને લાગ્યું કે જીવનમાં સોનું સર્વસ્વ નથી. તે તો જીવનનો ફક્ત એક જ ભાગ છે. તેણે પાછું તપ કર્યું અને કહ્યું 'ભગવાન તારું વરદાન પાછું ખેંચી લે.' આ રીતની વાર્તા છે. તેથી જીવનનો બાકીનો ૩/૪ ભાગ જો સુખી અને સમૃદ્ધ કરવાનો હોય તો પૈસા સિવાય બીજી પણ કોઈ વાત આપણી પાસે હોવી જોઈએ. આટલું સમજીને તમે અહીંથી જાઓ.

તમે જ્ઞાનના ઉપાસક છો, સરસ્વતીના ઉપાસક છો. તમે સુખી અને સમૃદ્ધ થાવ. આજના કરાળકાળમાં તમે અહીંથી બહાર જાઓ છો ત્યારે હું તમને બધા સ્નાતકોને આટલી જ વિનંતી કરું કે તમે બધા બુદ્ધિનિષ્ઠ બનો. આજે સમાજમાં બુદ્ધિનિષ્ઠા ઓછી થયેલી દેખાય છે. બુદ્ધિની લોકો બહુ ડંફાસ મારે છે. પણ લોકોમાં બુદ્ધિનિષ્ઠા દેખાતી નથી. જૂના કાળમાં સ્ત્રી, કાં તો વિત્તને માટે લડાઈઓ થતી. પણ ભવિષ્યમાં એક પણ લડાઈ સ્ત્રી કાં તો વિત્તને માટે થશે નહીં, વિચારને માટે થશે. વિચારોને કિંમત અપાશે. એનો અર્થ, માણસ સુધર્યો છે એવું પણ નથી. પરંતુ, સ્ત્રી અને વિત્તને માટે ઝગડા થશે. લડાઈ નહીં થાય. તેથી ભવિષ્યમાં વિચારને બહુ મોટી કિંમત મળશે.

વોલ્ટર એક વખત પેરીસ આવતો હતો. પેરીસના ટોલનાકા પાસે જ્યારે તેની ગાડી ઊભી રહી ત્યારે ટોલનાકા ઉપરના ઓફિસરે પૂછયું "ઇઝ ધેર એનિથિંગ ઓબ્જેકશનેબલ ઈન યોર કાર?" ત્યારે તેણે કહ્યું "આઈ એમ ધી ઓન્લિ પર્સન ઓબ્જેકશનેબલ ઈન ધિસ કાર." વોલ્ટર પેરિસમાં ન આવે એમ લોકોને લાગતું હતું.

શા માટે? એના વિચારને લીધે. વોલ્ટરે એક ઠેકાણે કહ્યું છે (તમે ભણેલા છો એટલે તમને તો ખબર જ હશે.) કે "ભગવાન પ્રસન્ન થયા અને ભગવાને માણસને બુદ્ધિ આપી, પણ માણસે ભગવાન ઉપર વેર લીધું. બુદ્ધિ ન જ ચલાવીશ એવી તેણે હઠ પકડી. પરિણામે આજે પ્રત્યેક ક્ષેત્રમાં એકેય માણસ બુદ્ધિ જ ચલાવતો નથી. "ગતાનુગતિક" જ બધું ચાલતું રહ્યું છે. જાણે કે સમાજમાં સ્વતંત્ર "થિંકિંગ" જ જણાતું નથી. "ગતાનુગતિકો લોકઃ ન લોક પારમાર્થિકઃ।" એવું ચાલ્યા કરે છે. માણસે બુદ્ધિ ન જ ચલાવવાનો સત્યાગ્રહ કર્યો લાગે છે. જીવનના કોઈ જ ક્ષેત્રમાં, પછી તે ધર્મનું ક્ષેત્ર હોય કે પછી બીજું કોઈ ક્ષેત્ર—પણ કોઈ જ ઠેકાણે તે બુદ્ધિ વાપરતો નથી. તેથી કહું છું કે 'બુદ્ધિનિષ્ઠ' બનો." હું ફરી ફરીથી શબ્દ વાપરું છું કે બુદ્ધિનિષ્ઠ બનો. તમારી બુદ્ધિમાં જે ઉતરે તે ચકાસીને જુઓ અને બુદ્ધિમાં જે ઉતરે તે નિર્ભયતાથી જીવનમાં આચરવાની શરૂઆત કરો. તે વિચાર કેવો છે, લોકો શું કહેશે, એવી બધી વાતોથી ડરવાનું કોઈ કારણ નથી. નિર્ભય બનો.

આજે માણસો બુદ્ધિવાદી છે, બુદ્ધિજીવી છે, પરંતુ બુદ્ધિનિષ્ઠ નથી. આપણે બુદ્ધિવાદી છીએ. એક ભાઈ મને મળ્યા હતા. બહુ મોટા જમીનદાર હતા, થોડા દિવસ પહેલાં તે કહે કે 'હું સોશ્યાલિસ્ટ છું'. મેં કહ્યું કે 'બહુ સારી વાત છે. જો તમે સોશ્યાલિસ્ટ હો તો તમારી બધી 'એસ્ટેટ' ગરીબોને આપી દો ને!' ત્યારે કહે કે 'કાયદો થશે ત્યારે આપીશ.' 'ત્યારે તો આપ્યા વગર કોઈના બાપનો છૂટકો નથી. તમે જો એ વિચારના હિમાયતી હશો તો આજે જ તમારે તે આપવી જોઈએ.' પણ આવા 'વાદી' લોકો વાદી જ રહે, કરે કાંઈ નહીં. આવા લોકો બુદ્ધિવાદી કહેવાય. આજે ડિગ્રી લીધેલા બધા બુદ્ધિવાદી થયા છે.

તે જ રીતે ઘણા લોકો બુદ્ધિજીવી છે. "હી લીવ્સ ઓન હીઝ વીટ્સ" એના ઉપર જ જેનું જીવન છે. તે બુદ્ધિજીવી છે. પરંતુ, માણસ બુદ્ધિનિષ્ઠ જોઈએ. બુદ્ધિ ઉપર તેનો વિશ્વાસ હોવો જોઈએ અને બુદ્ધિમાં જે ઉતર્યું તે નિર્ભયતાથી કરવાની હિંમત જોઈએ. હું ઘણા ભણેલાઓને જોઉં છું. જતાં જતાં મંદિર આવે

તો તે આમ આમ હાથ ઊંચા કરીને નમસ્કાર કરે અને પછી કોઈ જોતું નથી એમ ધીમેથી આજુબાજુ જોઈને ચાલતો થાય. તારી બુદ્ધિમાં જો, ભગવાન ઉતર્યા હોય તો હિંમતથી નમસ્કાર કર અને ન ઉતર્યા હોય તો નમસ્કાર ન કર. પણ લોકો ભગવાનને પગે લાગે છે તેનું કારણ– તે નકામું બગાડે કરે તો? પગે લાગી રાખીએ તો નુકસાન તો ન કરે. બીજી રીતે કહેવું હોય તો જે ન્યૂસન્સ વેલ્યુ છે તે ભગવાન. દુઃખની વાત છે કે આપણે બુદ્ધિશાળી આવું વિચારતા થયા છીએ. આપણે બુદ્ધિવાદી થયા છીએ. આપણે બુદ્ધિનિષ્ઠ નથી. ભલે આપણે કહેતા હોઈએ કે માણસોને બુદ્ધિ ઉપર વિશ્વાસ છે. પણ વાસ્તવમાં માણસોને બુદ્ધિ ઉપર વિશ્વાસ નથી. હું તમારી બુદ્ધિ બદલાવીશ તો તમે બદલશો તેના ઉપર પણ મારો વિશ્વાસ નથી.

વીસેક વર્ષ પહેલાં એક બનેલી ઘટના છે. એક તત્ત્વજ્ઞાની બિહાર તરફ મોટરમાં પ્રવાસ કરતા હતા. રસ્તામાં નદીમાં પૂર આવ્યું. આગળ જઈ શકાય તેમ ન હતું. મોટર અટકી ગઈ. પૂર ઊતરતાં ત્રણ–ચાર દિવસ થઈ જાય અને ચાર દિવસે મોટર જઈ શકે તેવી પરિસ્થિતિ હતી. ત્યારે એમણે એવો વિચાર કર્યો કે પાસે જ રેલ્વે સ્ટેશન છે. એક વેગનમાં મોટર ચડાવી દઈ આપણે જઈએ. તેથી બે જણા સ્ટેશને ગયા. સ્ટેશન માસ્તરને મળીને તે બે માણસો પાછા આવ્યા અને કહ્યું કે સ્ટેશન માસ્તર ના પાડે છે. ત્યારે બીજા ભાઈએ કહ્યું કે તમારું કામ નથી. તમને ખબર નથી. અરે, સો રૂપિયાની નોટ આપત તો તરત તમને વેગન મળત. ત્યારે બીજો એક ત્યાં ઊભો હતો તેણે કહ્યું, 'સો રૂપિયા કાંઈ ફોગટના આવ્યા છે?' એક દંડો દેખાડત તો તરત આપત. કહેવાનો મતલબ, માણસને વિત્તશક્તિ ઉપર વિશ્વાસ છે. દંડશક્તિ ઉપર વિશ્વાસ છે. પણ માણસને બુદ્ધિશક્તિ ઉપર વિશ્વાસ નથી. કે મારી અગવડ બીજાને સમજાવીશ, અને તેના મગજમાં ઉતારીશ તો તે મારું કામ કરશે. જનતા બુદ્ધિ ઉપરનો વિશ્વાસ ખોઈ બેઠી છે. પણ વિદ્યામંદિરમાંથી નીકળેલા માણસોએ તો બુદ્ધિનિષ્ઠ થવું જોઈએ. તેથી હું બધા સ્નાતકોને કહું છું કે તમે બુદ્ધિનિષ્ઠ થાવ.

તે જ રીતે તમે વ્રતનિષ્ઠ બનો. ફક્ત વિદ્યા સ્નાતકોની કિંમત નથી. મનુ મહારાજ મનુસ્મૃતિમાં કહે "વેદવિદ્યા વ્રતસ્નાતાં શ્રોત્રિયાન્ગૃહમેધિનઃ" વિદ્યાર્થી વિદ્યાસ્નાતક હોય, તેમ તે વ્રત સ્નાતક પણ હોવો જોઈએ. જીવનમાં અહીંથી નીકળતી વખતે કોઈએક વ્રત લો. તમે સરદાર પટેલ યુનિવર્સિટીના વિદ્યાર્થી છો. સરદાર પટેલે જીવનમાં વ્રત રાખ્યું હતું તેથી તેના નામની યુનિવર્સિટી થઈ. તેમની આંખો, નાક બધું આપણા જેવું જ હતું. કાંઈ ફરક ન હતો પણ એમનામાં જે કંઈ 'પ્લસ' હતું તે વ્રતનિષ્ઠ જીવન હતું. વ્રતનિષ્ઠા રાખો. જીવનમાં કોઈ જ વ્રત ન હોય તો વિદ્યા ખીલે નહીં. વિદ્યા શોભે નહીં. તમારું કલ્યાણ નહીં થાય અને સમાજનું પણ કલ્યાણ નહીં થાય. તમે બુદ્ધિનિષ્ઠ બનો અને કોઈને કોઈ વ્રત લઈને નીકળો. આજનો સમાજ, આજના લોકો, તમારા જેવા ભણેલા તથા બુદ્ધિશાળી લોકો તરફ આશાની નજરે જોતા બેઠા છે. તેમને લાગે છે કે આ લોકો અમારું કલ્યાણ કરશે, આ લોકો અમને રસ્તો દેખાડશે, આ લોકો અમને શુદ્ધ અને સાચું માર્ગદર્શન કરશે, તેથી આશાભૂત થઈને આંખોમાં પ્રાણ લાવીને તમારી સૌની તરફ જોતા રહ્યા છે.

આજે તમારી સામે જુદી જુદી સમસ્યાઓ છે તે જ રીતે એક વ્રત લેવાની પણ સમસ્યા છે. તમારે માણસને સુખી કરવાના છે. માણસને માણસ પાસે લઈ જવાનું, કાં તો માણસને માણસનો ઉત્પાદક, જે ભગવાન છે તેની પાસે લઈ જવાનું કાર્ય તમારે કરવાનું છે. આ કાર્ય કરવાની પ્રતિજ્ઞા ત્રણ સંસ્થાઓએ કરી હતી, અને ત્રણે ત્રણ સંસ્થાઓ અયશસ્વી થઈ છે, નાપાસ થઈ છે. તમે પાસ થયા છો તે ઘણું સારું થયું છે.

આ ત્રણ સંસ્થાઓ એટલે (૧) ધર્મ સંસ્થા (૨) વિજ્ઞાન સંસ્થા અને (૩) રાજનીતિ. આજે આ ત્રણે સંસ્થા રીપેર માંગે છે. બુદ્ધિનિષ્ઠ લોકો તે રીપેર નહીં કરે તો બીજું કોણ કરશે? જરા સંભાળીને બોલું. પણ આજે એ રીતની સ્થિતિ આવી છે કે કહેવાતા ધર્મે જેટલું બગાડયું છે તેટલું બહુ ઓછા લોકોએ બગાડયું છે. વાસ્તવિક, ધર્મની પહેલી પ્રતિજ્ઞા હતી કે માણસને

માણસ પાસે લઈ જઈશ, માણસને માણસનું સગપણ સમજાવીશ, માણસને ભગવાન પાસે લઈ જઈશ, માણસનું જીવન સુખી કરીશ. પણ આજે ધર્મમાંથી તે શક્તિ ચાલી ગઈ અને તે ફક્ત કર્મકાંડ પૂરતી સીમિત થઈ. ધર્મે માણસ માણસમાં અણબનાવ ઊભો કર્યો. એટલું જ નહીં, પણ ભગવાન પાસે જવાનો રસ્તો દેખાડવાની હિંમત કર્મકાંડી અને ચીલાચાલુ ધર્મ ખોઈ બેઠો અને તે અકર્મણ્યતા પોષવા લાગ્યો. નૈરાશ્ય અને નિરુત્સાહને ઉત્તેજન આપવા લાગ્યો. તેથી ધર્મની આ સંસ્થા અયશસ્વી થઈ.

બીજી સંસ્થા વિજ્ઞાન છે. તેણે પણ આ રીતનું કર્યું. સમાજને સુખી કરવા માટે વિજ્ઞાન નિર્માણ થયું પણ પરિણામ ઊલટું જ દેખાય છે. વિજ્ઞાનના પ્રાન્તમાં વિજ્ઞાન પહોંચી શકે, પણ વિજ્ઞાન ન પહોંચે એવા જીવનના ઘણા પ્રાન્તો છે. જીવનના ત્રણ ચતુર્થાંશ ભાગને વિજ્ઞાન સ્પર્શ કરતું નથી. વિજ્ઞાન માણસાઈ સમજાવી શકતું નથી. વિજ્ઞાન તમને બાપ ઉપર પ્રેમ કરવાનું શિક્ષણ આપી શકતું નથી. તમને કૃતજ્ઞ બનાવી શકતું નથી. વિજ્ઞાન તમારા જીવનમાં ભાવ વધારી શકતું નથી. અને એ જો ન વધે તો માણસ માણસ પાસે કેમ આવી શકે? માણસ પોતાના "ક્રિએટર"– સર્જક પાસે કઈ રીતે જઈ શકે?

ત્રીજી સંસ્થા રાજનીતિ છે તે તો ગજબની અયશસ્વી થઈ છે. એ 'બ્લાઈન્ડ લેમ્બ' છે, જેને પોતાના આપેલા 'શબ્દ' ની કિંમત નથી. જેને કોઈનું પાકું સગપણ નથી એનું જ નામ પોલિટિશ્યન. આવી વ્યક્તિ 'અપલીફ્ટમેન્ટ' કેમ કરી શકે? અને જેમની 'અપલીફ્ટમેન્ટ' કરવાની શક્તિ નથી તે ઘોષણા કરતા રહ્યા છે. જુદી જુદી સમસ્યાઓને હલ કરવાની પ્રતિજ્ઞા કરે છે. જુદા જુદા ઉપાયો દેખાડે છે. આ લોકો બુદ્ધિશાળી છે, તેથી કાંઈક ઉપાયો દેખાડે, એટલે સામાન્ય રીતે ઓછી બુદ્ધિના માણસો બની જાય છે. ભાષાની 'ગ્લોરી'માં ફસાઈ જાય છે અને બલાસ થઈ જાય છે. દેખાડે કાંઈક અને નીકળે કાંઈક. તેમની ભાષા બહુ સુંદર હોય, પણ તે એકેનો ય ઉકેલ કાઢી શકયા નથી. અનન્ય સત્તા અને અનન્ય પૈસો હાથમાં હોવા છતાં પણ એક પણ સમસ્યાનો જવાબ

મળી શકયો નથી. એ કેટલા દુઃખની વાત છે; તેમની ભાષા બહુ સુંદર છે તેથી આપણે બની જઈએ છીએ.

એક વખત હું સિનેમા જોવા ગયો હતો તે 'સ્લાઈડ'માં એક એડવર્ટાઇઝમેન્ટ આવી. 'સ્વચ્છતા એજ પવિત્રતા છે.' વાંચીને બહુ સારું લાગ્યું. બહુ મોટા શબ્દમાં હતું. 'સ્વચ્છતા એ જ પવિત્રતા' વાહ, વાહ, હું વાંચીને ખુશ થયો. કોઈ દિવસ સિનેમા જોવા જતો નથી. પણ તે દિવસે જોવા ગયો. મને લાગ્યું કે સિનેમામાં પણ સારું જોવા મળે છે. સ્વચ્છતા જ પવિત્રતા છે અને તે સ્વચ્છતામાંથી પવિત્રતા કેમ નિર્માણ થાય છે તેની આખી બૌદ્ધિક વિચારધારા સમજાવી હતી. બહુ સરસ સમજાવ્યું હતું. મને તે ઉપનિષદ જેવું લાગ્યું. આ બધું સમજાવ્યા પછી, નીચે છેલ્લું લખેલું કે આ સ્વચ્છતાને માટે 'સનલાઇટ સોપ' વાપરો. આમ, આ પોલિટિશયનોની વાતો વિચાર કરવા જેવી હોય છે. ભાષા સારી હોય પણ સમસ્યાઓનો જવાબ તેમની પાસેથી મળતો નથી. એકબીજાના દોષો સિવાય તેઓ બીજું કાંઈ જોતાં નથી. અને તેથી એક વિચ્છિન્ન વ્યક્તિત્વ ઊભું થયું છે. જેને આજે આપણે આજની ભાષામાં 'સ્પ્લીટ પર્સનાલિટી' કહીએ છીએ. તમે શિક્ષિત છો તેથી કહું કે આમ તો પ્રત્યેકની થોડી ઘણી સ્પ્લીટ પર્સનાલિટી તો હોય જ છે. સભ્યતા આવી એટલે 'સ્પ્લીટ પર્સનાલિટી' આવે જ. દંભ આવે. સભ્યતાનો અર્થ જ દંભ છે. દા. ત. : હું જે બોલું છું તે તમને બધાને થોડું જ કાંઈ ગમતું હશે? પણ તમે બધા બેઠા છો એનું કારણ કે તમે સભ્ય છો. તેથી ઊઠતા નથી. સભ્યતા આવી એટલે થોડું વાસ્તવ જીવન અને થોડું મિથ્યા જીવન રહેવાનું જ એમ અમે ફીલોસોફર્સ માનીએ. દા. ત. : મારા હાથમાં એક બેગ હોય અને તે હું લઈ જતો હોઉં અને એટલામાં બીજો એક માણસ આવે અને કહે કે 'દાદા, લાવો તમારી બેગ હું ઉપાડું. હું ઊંચકી લઉં' તે બેગ વજનદાર છે, બોજો છે, મને ઉપાડવામાં ભારે લાગે છે છતાં હું શું કહું છું? 'નાના એમાં બિલકુલ વજન નથી. બહુ જ હલકી છે.' આ મારું બોલવું મિથ્યા કહેવાય. સત્ય ઘટના તો એ છે કે બેગ વજનદાર છે. મારાથી ઉપડાતી નથી. પણ મારી બેગ તું ઉપાડે તે મને ગમતું નથી તેથી હું કહું છું કે 'ના, ના, બેગમાં કાંઈ ભારે નથી.

એજ રીતે કોઈને ઘેર રાતના દસ વાગ્યે આપણે પહોંચીએ તો ઘરવાળી કહે બહુ મોડા આવ્યા, પણ કંઈ વાંધો નહિ, હમણાં પૂરી ને શાક બનાવી દઉં છું. દસ મિનિટમાં થઈ જશે. ત્યારે આપણે કહીએ 'ના, ના, મને બિલકુલ ભૂખ નથી.' વાસ્તવિક ભૂખ બરાબર લાગી છે. આવા મળે તો જોઈએ છે. પણ રાતના એને તકલીફ આપવી, એ સહ્યતા નથી. તેથી આમ કહીએ છીએ. વાસ્તવ જીવનમાં, ભૂખ છે અને મિથ્યાજીવનમાં મને ભૂખ નથી. શંકરાચાર્ય કહે છે અમારા "સત્યાનૃતે મિથુનીકૃત્ય પ્રવર્તિતોડયં લોકવ્યવહાર:" લોક વ્યવહારમાં તમે આવ્યા કે સત્ય અને અનૃત ભેગું થાય છે. પણ જે સહ્યતા છે તેને હું 'સ્પ્લીટ પર્સનાલિટી' નથી કહેતો. પણ 'સ્પ્લીટ પર્સનાલિટી' એટલે 'પ્રિન્સિપલી ઓપોઝિટ' એવી બે જાતની વાતો માણસો જ્યારે કરે ત્યારે તે 'ઈનોસન્ટ' નથી. તે કેવી રીતની 'સ્પ્લીટ પર્સનાલિટી' છે તે કહેવાની જરૂર નથી. વર્તમાનકાળ કહેવાની મને જરૂર નથી. દરરોજનાં છાપાંઓ જ આપણને તે કહે છે. હું તો પુરાણકાળની વાર્તા કહેવાવાળો માણસ.

જૂના કાળની એક વાર્તા કહું. ૧૯૨૯—૩૦ સાલની વાત હશે. પૂના શહેરની વાત છે. આ પૂનામાં એક કોંગ્રેસ પ્રેસિડેન્ટ હતો અને તે મ્યુનિસિપાલિટીનો પણ પ્રેસિડેન્ટ હતો. ગવર્નર સાહેબ પૂનામાં આવવાના હતા. ત્યારે કોંગ્રેસે ઠરાવ કર્યો કે "ગો બેક" કરીને કાળો ઝંડો લગાડવો, અને મ્યુનિસિપાલિટીએ ઠરાવ કર્યો કે સાંજનાં ગવર્નરને માનપત્ર આપવું. કોંગ્રેસના ઠરાવ મુજબ સવારના તે હાથમાં કાળો ઝંડો લઈને ગયો અને "ગો બેક, ગો બેક, ગો બેક" કહી પૂના સ્ટેશન પર ગવર્નરનો બહિષ્કાર કર્યો, અને સાંજના પાંચ વાગ્યે "આપ આવ્યા તેથી પૂનાની શાન વધી." એવું માનપત્ર વાંચી દેખાડયું. 'ધિસ ઈઝ સ્પ્લીટ પર્સનાલિટી'. આ વિચ્છિન્ન વ્યક્તિત્વ છે. વિચ્છિન્ન વ્યક્તિત્વમાં પોતે પણ સુખી થતો નથી ને બીજાને પણ સુખી કરતો નથી. તેથી કહું કે આ સંસ્થાઓ રીપેર માંગે છે અને તમે વ્રત લઈને જાઓ.

ધર્મ રીપેર માંગે છે. ધર્મમાંથી બુદ્ધિ ગઈ છે. બુદ્ધિહીન—જડ ધર્મ થયો છે. ભક્તિ શા માટે એ કોઈ મને કહેતું નથી. મૂર્તિપૂજા

શા માટે? તે કોઈ મને કહેતું નથી. મૂર્તિમાં ભગવાન છે કે કેમ? તે કોઈ મને સમજાવતું નથી. અને આગતિક બનીને હું મૂર્તિપૂજા કરું છું. ધર્મ, ભક્તિ વગેરે પ્રત્યેક વાત બુદ્ધિમાં ઉતરે એવી છે તે બુદ્ધિમાં ઉતારી લો અને બુદ્ધિમાં ઉતર્યા પછી તે સ્વીકારવાની હિંમત દેખાડો. કોઈ પણ સ્થિતિમાં હો બહુ મોટા સ્થાન પર જાવ. તો પણ બુદ્ધિનિષ્ઠ રહેજો; કેવળ બુદ્ધિવાદી નહીં. અવેતન સંસ્થાઓ રીપેર માંગે છે. આ બધી સંસ્થાઓને રીપેર કરવાનું વ્રત લો. ક્રાન્તિ કરવાને માટે સ્નાતકો અહીંથી જાય છે. સરદાર પટેલની કિંમત ક્રાન્તિને લીધે થાય છે. સરદાર પટેલ જેવા સેંકડો એરિસ્ટરો થયા. પણ સરદાર પટેલ એટલે સરદાર પટેલ. સાગરે સાગરોપમાં, રામ-રાવણ યુદ્ધ એટલે રાવણ યુદ્ધ તેને બીજી ઉપમા અપાય નહીં. તે રીતે સરદાર પટેલને બીજી ઉપમા આપી શકાય નહીં. સરદાર પટેલ એટલે સરદાર પટેલ. તેમણે ક્રાન્તિ કરી હતી. પણ ક્રાન્તિ એટલે આપણને લાગે કે અશાંત. અસ્વસ્થ વાતાવરણ ઊભું કરવું. પણ ક્રાન્તિનો અર્થ સંસ્કૃતમાં તેવો નથી. સંસ્કૃતમાં ક્રાન્તિ શબ્દનો અર્થ 'આગળનું પગલું'. આગળ પગલું ભરવાનું છે. થઈ ગયું તે થઈ ગયું. બની ગયું તે બની ગયું પણ આગળ પગલું ભરવાનું તેનું નામ ક્રાન્તિ છે. વ્યવહારમાં જે 'આગળનું પગલું' તેને ક્રાન્તિ કહે તેમ અધ્યાત્મમાં જે આગળનું પગલું તેને ઉત્ક્રાંતિ કહે. જે ઉપર જાય છે. આપણને ક્રાન્તિનો એક જ અર્થ ખબર છે. અને તે એટલે અશાંતિ ઊભી કરવી. એથી આજના બધા નવજુવાનો અશાંતિ નિર્માણ કરવાના છે. ભાંગફોડ કરવી તેને જ ક્રાન્તિ સમજે છે.

એક વખત ચાર ક્રિશ્ચિયન ચર્ચા કરતા હતા. તેમાં એક ડોક્ટર હતો. એક પોલીસ ઓફિસર હતો. એક એન્જિનિયર હતો. આવા ચારેક નવજુવાનો ભેગા થયા હતા, તેમાં ડોક્ટરે કહ્યું, 'આદમની પાંસળીમાંથી ઈવ ઊગી છે તે ભગવાનને ખબર કેમ પડી? તેણે ઓપરેશન કર્યું તેથી તો તેને ખબર પડી. તેથી ભગવાનનો પહેલો અવતાર ડોક્ટરનો હતો.' ત્યારે એન્જિનિયર કહે 'હવે ચૂપ બેસ. ન જોયો મોટો ઓપરેશન વાળો. તે વખતે કદાચ ઓપરેશન થીયેટર આજના જેવું ડેવલપ ઈકવીપ્ડ નહીં હોય. પણ ઓપરેશન કરવા માટે ઝૂંપડીની તો જરૂર પડી જ હશે ને? તે સિવાય ઓપ-

રેશન કેમ થાય ? એટલે કે ભગવાનનો પહેલો અવતાર એન્જિનિયરનો હતો. ઝૂંપડી આંધ્યા વગર તે ઓપરેશન થતું હશે ? ત્યારે ત્રીજો પોલિસ ઓફિસર હતો તે કહે, ભાઈ જ્યાં ઓપરેશન કરવાનું હોય ત્યાં શાંતિ હોવી જોઈએ. શાંતિ હોય તો જ ઓપરેશન થાય. ઓપરેશન માટે શાંતિ જોઈએ કે નહીં ? ભગવાનનો પહેલો કોઈ અવતાર હશે તો તે પોલિસ ઓફિસરનો હશે. ત્યારે નવજુવાન છોકરો કહે ખોટી વાત છે તમારી. શાંતિની કિંમત કયારે થાય ? જો અશાંતિ હોય તો. પહેલાં અશાંતિ હતી અને પછી શાંતિ આવી તેથી ભગવાનનો પહેલો અવતાર ક્રાન્તિકારનો હતો. તેથી તેની ડિક્ષનેરીમાં ક્રાન્તિ શબ્દનો અર્થ જ અશાંતિ ઊભી કરવી એવો છે.

તેથી અહીંથી જવાવાળી પ્રત્યેક વ્યક્તિ, સ્નાતક થયેલી દરેક વ્યક્તિ, બુદ્ધિનિષ્ઠ બને, વ્રતનિષ્ઠ બને, જીવનમાં એક ક્રાન્તિ ઊભી કરે. ચીલે ચાલુ રહેલું જીવન છે. તેનાથી આગળ વધે. પીછેસે આયા આગે લૌટા દીયા એવું ન કરો. સોલોમન ગ્રાન્ડી બોર્ન ઓન મન્ડે, ક્રાઇશ્ચન્ડ ઓન ચ્યુઝડે, મેરીડ ઓન વેનસડે, સીકન્ડ ઓન થર્સડે, વર્સ ઓન ફ્રાઈ ડે, ડાઈડ ઓન સેટરડે, બરીડ ઓન સન્ડે-ધીસ ઈઝ ધી એન્ડ ઓફ સોલોમન ગ્રેન્ડી, તે કવિતા વાંચી છે ? ક્રાન્તિ કરવી એટલે આવું જીવન નહીં. ક્રાન્તિ કરવી એટલે મારા જીવનમાં પ્લસ કંઈ કહેવા જેવું છે, લખવા જેવું છે, આપવા જેવું છે, સમજાવવા જેવું છે. એવું લાગવું જોઈએ. જીવનમાં ક્રાન્તિ લાવો, તે માટે વ્રતનિષ્ઠ જીવન જીવો. તેવું જીવન નથી તેનું આ પરિણામ છે. તેથી માનવ્યનો હ્રાસ થયો છે.

આપણા દેશને માટે આજે ત્રણ સમસ્યાઓ ઊભી છે. એક સ્વાતંત્ર્ય રક્ષણ, બીજી ભૂખ અને ત્રીજી રાષ્ટ્રીય એકતા. વૈયક્તિક દૃષ્ટિએ અને રાષ્ટ્રીય દૃષ્ટિથી પણ ત્રણ સમસ્યાઓ હલ કરવાની છે. સ્વાતંત્ર્યનું રક્ષણ થવું જોઈએ એ પહેલી સમસ્યા છે. પણ જ્યાં 'સ્વ'નું જ ઠેકાણું નથી ત્યાં વળી સ્વાતંત્ર્ય રક્ષણની વાત કયાંથી કરવી ? કોઈમાં ખુમારી નથી. 'સ્વ'નો મિજાજ નથી. નાનામાં નાની 'અન ટુ ધી લાસ્ટ' પ્રત્યેક વ્યક્તિની આંખમાં તેજ ઊભું કરો. આજે ભૂખથી ભીખ નિર્માણ થઈ છે. ભૂખથી ભક્તિ

નિર્માણ થવી જોઈએ. તે તમે ઊભી કરો. માણસને જુદો દૃષ્ટિકોણ આપો. 'તું હલકો છે, તું ક્ષુદ્ર છે. તારી પાસે બુશશર્ટ નથી. તારી પાસે ગમબૂટ નથી એટલે તારા જીવનનો કોઈ અર્થ નથી.' એમ કહી લોકો બધા રડાવવા જ આવે છે. તમે તેમની અસ્મિતા જાગૃત કરો. 'સ્વ'નું રક્ષણ કરો. સ્વાતંત્ર્યમાં સ્વરક્ષણ થવું જોઈએ. સ્વનું ઠેકાણું જ નથી. દુઃખની વાત તો એ છે કે આજે સ્વાતંત્ર્યમાં માણસ જેટલો વેચાતો લેવાય છે તેટલો બીજે કોઈ કાળમાં લેવાતો ન હતો. આજે કોઈ પણ માણસને તમે ખરીદી શકો છો. યુ કેન પરચેઈઝ એની બડી. જે ઠેકાણે આવી સ્થિતિ આવી ગઈ છે તે ઠેકાણે શાનું સ્વાતંત્ર્ય? સ્વાતંત્ર્ય એટલે 'લીનલીથ ગેા મે ગેા એન્ડ નહેરુ મે કમ.' એમ બોલવાથી સ્વાતંત્ર્ય આવતું નથી. ગોરો ગયો અને કાળો આવ્યો એટલે સ્વાતંત્ર્ય નહીં. સ્વાતંત્ર્યમાં આત્મપ્રત્યયવાન માણસ હોવો જોઈએ. હું વેચાઈશ નહીં એ 'સ્પિરિટ' હોવો જોઈએ. કોમન મેનને આત્મપ્રત્યયવાન બનાવો. આજે બુદ્ધિશાળી, ભણેલા લોકો આત્મગૌરવહીન બન્યા છે. તેમને પોતાની જાતનું ગૌરવ નથી. મારી પાસે કંઈક વિચાર છે, મારી પાસે કંઈક થિંકિંગ છે. વે ઓફ થિંકિંગ, વે ઓફ લાઈફ એન્ડ વે ઓફ વરશીપ એનો વિચાર કોઈ કરતું જ નથી. કોઈના 'સ્વ'નું ઠેકાણું નથી. આવા આ કાળમાં સૌ પ્રથમ સ્વાતંત્ર્ય રક્ષણ કરવું જરૂરી છે. હું માનું છું. આ યુનિવર્સિટીમાંથી પાસ થઈને ગયેલો સ્નાતક એક જુદી જ ખુમારીનો હશે. એની આંખ વાંચ્યા પછી ખબર પડવી જોઈએ કે આ વલ્લભ વિદ્યાનગરનો સ્નાતક છે. તો તેવા સ્નાતક થવાને કાંઈ અર્થ છે. સામાન્ય માણસમાં આત્મપ્રત્યય નથી. ભણેલાઓમાં આત્મગૌરવ નથી. વે ઓફ થિંકિંગ, વે ઓફ લાઈફ, વે ઓફ વરશીપ મળીને કલ્ચર ઊભું થાય છે. તેના માટે સ્વતંત્ર વિચારધારા હોવી જ જોઈએ. તે આજે નથી. બધું ચીલાચાલુ જ ચાલતું રહ્યું છે, તેથી કહું છું કે સ્વાતંત્ર્ય રક્ષણ એ પહેલી વાત છે.

બીજી વાત ભૂખ છે. ખરેખર, ભૂખ જવી જ જોઈએ. જગતમાં માણસ જ્યાં સુધી ભૂખ્યો છે ત્યાં સુધી આપણને ખાવાનું મન થવું ન જોઈએ. ખાવાની ઇચ્છા થવી ન જોઈએ. માણસ ભૂખ્યો ન જ રહેવો જોઈએ. પણ ભૂખ પણ વિવિધ પ્રકારની છે. ભૂખ, કીર્તિની

છે, સ્ત્રીની છે. સત્તાની છે. શાની ભૂખ નથી? તેના માટે માણસ સર્વસ્વ ફેંકી દેવા તૈયાર થયો છે. આજે બધા જ ભૂખ્યા છે. ભૂખ, ભૂખ, ભૂખ, બધા જ એમ બૂમ મારે છે. માણસને ન મળે તે ભૂખ સમજી શકાય છે. પણ ભૂખોનાં રૂપો જ બદલતાં જાય તો ભૂખ કોઈ દિવસે મટવાની નથી. આવતી કાલે પ્રત્યેકને દશ દશ હજાર રૂપિયા પગાર આપશો તો પણ તેની ભૂખ મટવાની નથી. એ તમે નક્કી સમજો. એક દિવસ હું આદિવાસી લોકોમાં બેઠો હતો. તદ્દન આદિવાસીઓ સામે બેઠા હતા. મારો ભાઈચારો બધાની જ જોડે છે. ત્યારે આદિવાસીઓને મેં પૂછ્યું 'મહેનત છે તેટલું જરૂર કમાઓ, ન્યાયનું છે તેટલું લો. પણ જે મળ્યું છે તેમાં સમાધાન તૃપ્તિ કેવી રીતની મેળવવાની એનું શિક્ષણ લો.' મેં એમને કીધું. 'ત્રણ પેઢી પહેલાં આ તમારી ઝૂંપડીઓમાં દૂધ ને ખાંડ કોઈને પીવા મળતી હતી?' તો કહે, 'કોઈને પીવા નથી મળી.' આજે સવારમાં ઊઠીને પ્રત્યેકને ઘેર દૂધને ખાંડ મળે છે નહીં? તમે ચા પીવો છો કે નહીં! આજે દૂધ, ખાંડ, ચા તમારા ઘરમાં આવી ગઈ. તમારા દાદા ચા પીતા ન હતા. તેમને તે મળતી ન હતી. તમને તે મળે છે. પણ બધા લોકો તમને રડાવતા જ બેઠા છે. ભૂખ ભૂખ ભૂખ કરીને તમને લડાવે છે. મહેનત જેટલું તમે કમાઓ, ન્યાયનું છે તે જરૂર લો. પણ જે મળ્યું છે તેમાંથી સમાધાન મળે, તૃપ્તિ મળે તેનું શિક્ષણ લેશો કે નહીં? તમે જરૂર વધુ કમાઓ પણ તેનો અર્થ એ તો નથી કે ભૂખ ભૂખ કરીને રડતા બેસો? "જીવનમાં નેગેટિવ થિંકિંગ રાખીને તમે કોઈ દિવસ સુખી થવાના નથી. પોઝિટિવ આઉટલુક રાખો. બીજી સમસ્યા જે ભૂખની છે તે મટાડવા માટે ભેજું બદલવું પડશે. તો જ ભૂખ મટી જશે, નહીં તો નહીં.

ત્રીજી સમસ્યા છે રાષ્ટ્રીય એકતાની. આપણે વિવિધ ભાષાના લોકો છીએ. વિવિધ ધર્મના લોકો છીએ. તે એક કેવી રીતના થઈશું, એ મોટો પ્રશ્ન છે. આજે ભણેલા લોકોએ 'ધર્મ' નો વિચાર છોડી દીધો છે અને તે ઈન્ડિવિડ્યુઅલ કરવાનો એમ સમજ્યા છે. વૈયક્તિક રીતે તમે ધર્મ આચરો. વૈયક્તિક તમે ભક્તિ કરો. પણ ફક્ત આ વૈયક્તિક વાત નથી. ભક્તિ ઈઝ એ સોશ્યલ ફેક્ટર્સ. ભાવનગરમાં ઉત્સવ થયો હતો ત્યારે બધા મુસલમાનો આપણા

સ્વાધ્યાયમાં આવ્યા હતા. તેમાંના મુલ્લા, મૌલવીઓ મારી પાસે આવ્યા અને એમણે કહ્યું કે તમારા લોકો ગામે ગામમાં જાય છે. તે અમને બહુ ગમ્યું છે. તેથી અમે પણ તમારી જેમ ગયા વર્ષથી ઈસ્લામ ધર્મ લઈને ગામેગામ જવાની શરૂઆત કરી છે. મેં કહ્યું કે બહુ સારી વાત છે. ધર્મ તો પ્રત્યેકને જોઈએ. સ્વાધ્યાયમાં ફક્ત કહેવા પૂરતો પણ સર્વધર્મ સમભાવ નથી. સર્વધર્મ સ્વીકાર છે. સર્વધર્મ સમભાવની અંદર તમે અળગા રહો છો. પણ માણસની સર્વધર્મ સ્વીકારવાની તૈયારી જોઈએ. ધર્મ એ જીવનને વળાંક આપવા માટે છે, તે આવશ્યક છે. એમાં શંકા જ નથી. ધર્મ મા જેવો છે. જેમ મા બાળકને ઉછેરે છે તેમ ધર્મ વિના બાળકનું ઘડતર કોણ કરશે? બાળકને મોરાલિટી, કોડ ઓફ કન્ડકટ સમજાવશે કોણ? તેથી ધર્મ જોઈએ. મેં તેમને કહ્યું કે તમે જો ઈસ્લામ ધર્મ લઈ જશો તો તેમાં હું સાથે ન આવું. અને હું જો હિંદુ ધર્મ લઈ જઈશ તો તમે સાથે નહીં આવો. તો આપણે થોડું'ક એકસચેઈન્જ કરીએ. રીલિજિયન એ આવશ્યક વાત છે, અતિ આવશ્યક વાત છે. પ્રત્યેકને ધર્મ હોવો જ જોઈએ. પણ રીલિજિયસ થિંકિંગ કરતાં પણ ઉપર એક ડીવાઈન થિંકિંગ છે. તમે ખુદા લઈને જાવ તો તેમાં હું સાથ આપીશ. અને હું ભગવાન લઈને જઈશ તેમાં મહંમદ સાહેબ સાથ આપશે. તેથી મેં કહ્યું કે 'ભક્તિ ઈઝ એ સોશ્યલ ફોર્સ.'

આજે લોકો બૂમાબૂમ કરે છે કે અસ્પૃશ્યતા જવી જોઈએ, અસ્પૃશ્યતા જવી જોઈએ. પણ તે જશે કઈ રીતે? શા માટે જશે? આજે અહીં જે બેઠા છે, ઉપર બેઠા છે. નીચે જમણા હાથ તરફ, ડાબા હાથ તરફ બેઠા છે, બધા સુખી માણસો છે, સારા માણસો છે, વિદ્વાન માણસો છે. તેમાંના કોઈ માણસો અસ્પૃશ્યતામાં માનતા નહીં હશે એ હું સમજી શકું છું પણ એક વાત વિચારવા જેવી છે કે હું એક ડોકટર છું, સોલીસીટર કે એન્જિનિયર છું. કાં તો કેમિસ્ટ છું. એકાદ ફેકટરીમાં મેનેજર છું કાં તો બેન્કમાં મેનેજર છું. હું કોઈને હલકો સમજતો નથી, હું પોતે કોઈને અસ્પૃશ્ય માનતો નથી. હું ઘરે આવું છું ટી. વી. જોઉં છું. મારાં છોકરાંછૈયા સાથે વાતોચીતો કરું છું, ત્યારે મારે સામે ચાલીને ભંગીને બાથમાં લેવાનું કારણ શું? કયા ઈન્સેન્ટિવના લીધે હું ભંગીને ગળે લગાડું? કયા

કારણસર, કયા લોજિકથી, તે તમે મને કહેશો? હું ટી. વી. જોતો બેઠો છું. મારા છોકરાંછૈયામાં પડ્યો છું. બેઠો છું. હું ઊઠીને સામે ચાલીને એકાદ ભંગી પાસે શા માટે જાઉં? તેની પાછળ કોઈ લોજિકલ થિંકિંગ છે? શા માટે હું ભંગીને ગળે લગાડું? હા, જે લોકોને દર પાંચ વર્ષે મત માગવા માટે જવાનું છે તે લોકો ભલે જાય તેમના ઉમરા ઉપર જાય. તે લોકો ઘૂમાઘૂમ કરતા હોય છે કે અસ્પૃશ્યતા જવી જ જોઈએ. અસ્પૃશ્યતા જવી જ જોઈએ. કારણ કે દર પાંચ વર્ષે એમને એમના ઉમરા પર જવું પડે છે. પણ અહીં બધા મોટા મોટા પ્રોફેસરો છે, સાયન્ટિસ્ટો છે. કોને ત્યાં જવાની જરૂર છે? કોઈને નથી. તો એ માણસ શા માટે ઊઠીને ભંગીના ઝૂંપડામાં જાય? એ કહેવાની તાકાત કોઈ વિચારમાં નથી. પણ ભક્તિમાં તે છે. જે તારું હાર્ટ ચલાવે છે તે જ ભંગીનું હાર્ટ ચલાવે છે. જે તારો ક્રિએટર છે તે જ ભંગીનો ક્રિએટર છે. તેથી ભંગીનું ને તારું સગપણ છે. જો તું ન જાય તો તે ગુન્હો છે. એ કહેવાની શક્તિ ભક્તિમાં છે. ભક્તિ ઈઝ એ સોશ્યલ ફોર્સ તે વાત ધ્યાનમાં લો. જીવનમાં તે ધ્યાનમાં રાખશો તો તમારો અને સમાજનો પણ ઉદ્ધાર કરી શકશો. સાંસ્કૃતિક ઉત્થાનમાં પણ તમારો મોટો ફાળો હશે. મારે ૪-૫૦ મિનિટે બોલવાનું બંધ કરવાનું છે. ૪-૫૦ અહીં લખેલું છે. બધા લોકોની સાથે વાતો કરવાથી મને આનંદ મળે છે. પણ સમયને ધ્યાનમાં રાખી હું બોલવાનું બંધ કરું પણ તમને નમ્રતાથી એટલું જ કહું કે બુદ્ધિનિષ્ઠ બનો, વ્રત-નિષ્ઠ બનો અને ક્રિએટરને અક્કલ હોશિયારીથી સમજીને 'ભક્તિ ઈઝ એ સોશ્યલ ફોર્સ' તે ભક્તિ ઉપાડો. તમારું જીવન સુખી થશે. અને તમે જે સમાજમાં જન્મ્યા છો તે સમાજનું જીવન પણ સુખી કરી શકશો. આ ક્રાન્તિ આજે જોઈએ છે. આ વૈચારિક ક્રાન્તિની જરૂર છે. તે કરવાને માટે સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટીના લોકો તૈયાર થાય તેમ હું ઇચ્છું છું અને તે તૈયાર થતા જાય છે. મૂર્તિપૂજા-આઇડોલ વરશીપ તેજસ્વી છે તે કહેવામાં જે એન્જિનિયરો અમેરિકામાં બહુ મોટું કામ કરે છે તેમાં વલ્લભ વિદ્યાનગરના એન્જિનિયર્સ વધારે સંખ્યામાં છે એમાં શંકા નથી. તેથી આ સ્નાતકોને કહું કે ભગવાન તમને બધાને સુખી રાખે, હું ભગવાન પાસે પ્રાર્થના કરું અને બધા બુદ્ધિમાન અને જ્ઞાની લોકોને નમસ્કાર કરીને હું મારું બોલવું પૂરું કરું.

વી. પી. હૉલમાં આપેલું વ્યાખ્યાન

આજે વિદ્યામંદિરના પવિત્ર વાતાવરણમાં હું આવ્યો છું. શિક્ષણનું મહાન કાર્ય કરવાવાળા લોકો અહીં ભેગા થયા છે. હું એમને શિખામણ દેવા નથી આવ્યો, ઉપદેશ કરવા નથી આવ્યો પણ અહીં સમાજનો વિચારવંત વર્ગ ભેગો થયો છે. તેથી વિચાર-વિનિમય કરવાને માટે કેટલીક રજૂઆત કરું છું. જ્યાં સુધી શિક્ષણ કેવળ માહિતીને માટે રહેશે ત્યાં સુધી તે માનવને ઘડશે નહીં. ઈન્ફરમેટિવ એજ્યુકેશન જોઈએ, પણ એજ્યુકેશનનો જે અર્થ છે, એજ્યુકેશન મીન્સ ટુ ડ્રો આઉટ–માણસમાં રહેલા સુપ્ત ગુણો બહાર કાઢવાના આનું નામ એજ્યુકેશન. આજે ઘણા સરસ્વતીનાં મંદિરો છે, પણ તે ઠેકાણે સરસ્વતી ગભરાઈ ગઈ હોય એવું લાગે છે. જાણે ત્યાં સરસ્વતીને સ્થાન જ નથી એવું લાગે છે. વાસ્તવિક, સ્કૂલ શબ્દનો અર્થ જ એ છે. ગ્રીક શબ્દ સ્કોલા ઉપરથી સ્કૂલ શબ્દ આવ્યો છે. તે જમાનામાં માણસ પોતાની રોટી કમાતો હતો. રોટી કમાયા પછી, બપોરે ચાર, સાડા ચાર વાગે, ગામ ગામમાં જુદા જુદા ભેગા થતાં હતાં. તે ગ્રુપ્સ જ્યાં ભેગાં થતાં હતાં. તે જગાને સ્કોલા કહેતાં. રોટીનો વિચાર કરવાને માટે તે લોકો ત્યાં ભેગાં થતાં ન હતાં. જીવનનો વિચાર કરવા માટે ભેગા થતા હતા. જીવન શું છે? તે ડેવલપ કરી શકાય? કઈ દિશામાં જીવન લઈ જવું જોઈએ? એક જીવનનો બીજા જીવન સાથે શો સંબંધ હોઈ શકે? વગેરે જે વિચારો છે તે વિચારો કરવાને માટે જે ગ્રુપ ભેગાં થતાં હતાં એટલે આજની જરા મશ્કરીની ભાષામાં બોલવાનું હોય તો ટાઢા પહોરનાં ગપ્પાં મારવાને માટે, તે જગાને સ્કોલા કહેતા હતા. જીવનવિષયક વિચાર કરવાને માટે ભેગો થયેલો તે વર્ગ હતો. જીવિકાને માટે નહીં. અર્થાત્ જીવિકાનો વિચાર નહીં કરવાનો એમ હું કહેતો નથી. પણ સ્કૂલ શબ્દના મૂળમાં શું છે તે જોવું જોઈએ.

જો આવતી કાલે પ્રત્યેક વર્ગ ફક્ત જીવિકાને માટે જ વિચાર કરશે તો તેની અંદર માનવ ઊભો કેમ થશે? માનવનું ઘડતર થશે

નહીં. ફરીથી કહું, કોઈ ગેરસમજ કરી ન લે, કે જીવિકાનો વિચાર કરવાનો નહીં એમ કહેવાનો અભિપ્રાય નથી. પણ જીવનનો વિચાર થાય છે કે શું? તે વિચાર કરવાની જરૂર જરૂરિયાત છે. તેથી મેં શરૂઆતમાં કહ્યું કે બધા સરસ્વતીનાં મંદિરોમાં સરસ્વતી જ ગભરાઈ ગયેલી છે. મને શંકા જ છે કે તે ઠેકાણે સરસ્વતીનું પૂજન થતું હશે કે નહીં? આવી સંસ્થાઓમાં તેની પૂજા કરે કોણ?

સરસ્વતીનું મંદિર જે આ ચાર થાંભલા ઉપર ઊભું છે. એક થાંભલો છે શિક્ષક, બીજો થાંભલો છે પાલક, ત્રીજો થાંભલો છે બાળક અને ચોથો થાંભલો છે સંચાલક. આ ચાર થાંભલા ઉપર આ મંદિર ઊભું છે. આ ચારે ચાર થાંભલા શાનો વિચાર કરે છે તે પ્રત્યેક પ્રામાણિક માણસે નક્કી કરવું જોઈએ. શિક્ષક શાનો વિચાર કરે છે? લક્ષ્મીનો પાલક શાનો વિચાર કરે છે? કે કયા પ્રોસ્પેકટમાં છોકરાને વધારે પૈસા મળશે. તે પ્રોસ્પેકટ્સ જુએ છે. તેનું લાઈફિંગ જોતો નથી એને કંઈ જીવનમાં પ્રાપ્ત થવાનું છે તે પાલક જોતો નથી. પાલક તો એટલું જ જુએ છે કે બાલકને કઈ લાઈનમાં નોકરી જલ્દી મળે. તે લક્ષ્મીનો જ વિચાર કરે છે. અને સંચાલક, પોતાની સંસ્થા સેલ્ફ સપોર્ટિંગ છે કે નહીં એટલો જ વિચાર કરે છે. આર્થિક દૃષ્ટિથી સદ્ધર, પગભર થયેલી સંસ્થા એટલે સારી ચાલતી રહેલી સંસ્થા એમ સંસ્થાના સંચાલકની સમજણ છે. અને વિદ્યાર્થી પણ પૈસાનો કેરિઅરનો જ વિચાર કરે છે. હવે આ ચારે ચાર થાંભલા જો ઉધઈએ ખાધેલા હશે તો બહારથી ગમે તેટલો રંગ લગાડશું તો કંઈ સરસ્વતીનું મંદિર થશે ખરું? ન થાય. આજે બધા લોકો શિક્ષણને માટે બૂમ મારતા રહ્યા છે. પણ બધાએ જ ભેગા થઈને વિચાર કરવાનો પ્રસંગ છે. હું તો ઘણી વખત કહું છું કે આ સમાજના આઠ ગુરુઓ છે. આઠ ગુરુ સંસ્થાઓ છે. જેની કુંડલીમાં ગુરુ બગડી જાય તો કુંડલી બગડી ગણાય. આવું જ સમાજની કુંડલીમાં આ ગુરુ સંસ્થાઓ બગડી છે. આવી રીતના આઠ ગુરુઓ છે. પહેલો ગુરુ છે પાલક, બીજો ગુરુ છે શિક્ષક, ત્રીજો ગુરુ છે વર્તમાનપત્રો, વર્તમાનપત્ર ગુરુ છે. ચોથો ગુરુ છે વાગ્મય, પાંચમો ગુરુ છે સિનેમા, છઠો ગુરુ છે વ્યાખ્યાન, આખ્યાન કરવાવાળા લોકો, સાતમો ગુરુ છે સંત મહાત્માઓ ઈત્યાદિ અને આઠમો ગુરુ છે બ્રાહ્મણ. આઠે આઠ ગુરુ

જેના બગડયા છે, તે સમાજની ઉન્નતિની કેવી રીતની અપેક્ષા રાખી શકીએ? આ અષ્ટ ગુરુ સંસ્થાએ પાછું ભેગા થઈને વિચાર કરવાનો, રી–થિંકિંગ કરવાના દહાડા છે અને જેટલા જલ્દી તે થશે તેટલું સારામાં સારું કાર્ય થશે.

આજે લોકો કહે છે કે શિક્ષણ સારું નથી. પ્રત્યેક માણસ એમ બોલ્યા કરે છે. એજ્યુકેશનમાં ખામી છે પણ શું ખામી છે તે તો કહેશો! કોઈ પણ વ્યક્તિ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં આવી કે બોલવાની શરૂઆત કરે, અને બહારના માણસો પણ બોલે કે એજ્યુકેશન બહુ બરાબ છે. અમે બધા એજ્યુકેશનમાં રહેલા કમિટી મેમ્બરો પણ કેવી રીતના હોય છે? કોઈ સિમેન્ટનો વેપારી હોય તો કોઈ ઈંટનો વેપારી, આ એની કમિટીમાં બેઠા હોય ને કીધે રાખતા હોય કે એજ્યુકેશન બરાબર નથી, એજ્યુકેશન બરાબર નથી. પણ મને થાય છે કે સમાજને એજ્યુકેશન જોઈએ છે કે નહીં, આ જ પ્રશ્ન છે.

માણસનું સાર્વત્રિક સંશોધન કરશો તો જણાશે કે માણસને આજે સજ્જન માણસની અપેક્ષા છે કે નહીં એ પણ વિચારવાનું છે. તમે જુઓ, તમે કોઈના ઘેર જાવ. મા-બાપ બેઠાં હોય, મારા જેવી વ્યક્તિ જાય તો કહે 'દાદા, આ મારો મોટો છોકરો છે. તે ભગવાનનો માણસ છે.' અને બોળામાં લઈને બેઠા હોય તેને બતાવી કહે-'આ નાનલો લુચ્ચો છે, એવો લુચ્ચો છે....' એ બોલતી વખતે મા–બાપ બન્ને એવાં ખીલેલાં હોય કે જાણે લુચ્ચા છોકરાને જન્મ આપીને તે ધન્ય થયા. અને આનું કારણ મા-બાપની પ્રથમ ધારણા છે કે સજ્જન છોકરો આ જગતમાં જીવી શકશે નહીં. લુચ્ચો હશે તે જ આ જગતમાં જીવી શકશે. આ જગતમાં જે ઠેકાણે આ ધારણા જ સ્વીકારાઈ છે. ત્યાં જીવન શિક્ષણને કેટલો અર્થ?

હું પ્રત્યક્ષ બનેલી વાત કહું. વીસેક વર્ષ પહેલાંની વાત છે. તે વખતે તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ નવું બોલ્યું હતું. તો પૂના યુનિવર્સિટીએ આ પ્રયોગ જોવા માટે બોર્ડ મોકલ્યું હતું. મને એમણે એફિલિયેશન પણ આપ્યું પણ મેં લીધું ન હતું. ત્યારે તે વખતે યુનિવર્સિટી બોર્ડના લોકો બે ત્રણ દિવસ રહ્યા હતા. જતી વખતે ત્રીજે દિવસે

એક બહુ જ મોટા એજ્યુકેશનાલિસ્ટ કહે કે અહીં વાતાવરણ બહુ જ સારું છે. વિચારો બહુ સારા છે. બધું જ સારું છે. એને પુષ્કળ ગમ્યું. ફ્રેન્ડલી રીલેશન્સ હતા. ફ્રેન્ડલી વાતો હતી. વાતો કરતાં કરતાં તેમને મેં કહ્યું, "તમને ગમ્યું હોય તો મૂકી દો તમારા છોકરાને અહીં આ શિક્ષણમાં." ત્યારે કહે "ના, ના, મારા છોકરાને અહીં મૂકીશ નહીં. શિક્ષણ બહુ સારું છે. બહુ સારો માણસ થઈને તે બહાર નીકળશે. પણ હું મૂકીશ નહીં." મેં કહ્યું, "કેમ ?" તો તે કહે "અહીંથી નીકળેલો આટલો સારો બની ગયેલો વિદ્યાર્થી જગતમાં જીવી શકશે કે નહીં. તેની મને શંકા છે." કહેવાનો મતલબ જે ઠેકાણે મોટા ભાગની સમાજની ધારણા જ એવી છે તે ઠેકાણે તમે માગણી કરો કે બહુ સારા વિદ્યાર્થી તૈયાર થવા જોઈએ, વિશિષ્ટ રીતે તૈયાર થઈ, નીકળવા જોઈએ, યાજ્ઞવલ્કય નીકળવા જોઈએ, તે ક્યાંથી નીકળે ? આપણી માંગણી જ નથી કે આવો સમાજ તૈયાર થાય. પછી અમે બૂમાબૂમ કરીએ કે શિક્ષણ બગડયું તેનો શો અર્થ છે ?

સમાજનું થિંકિંગ જ્યાં સુધી બદલતા નથી, ત્યાં સુધી કેવળ એક કરીક્યુલમ બદલાવીને, કાં તો ટાઈમ-ટેબલ બદલાવીને, કાં તો શિક્ષકો ઉપર બે પ્રવચનોનો એક ડોઝ આપી દઈને, તે સુધરશે એમ માનવાનો કાંઈ અર્થ નથી. એનો મતલબ આ પ્રયત્નો કરવા નહીં એમ હું કહેતો નથી. પણ આ રોગનાં મૂળ તપાસવાના આ પ્રયત્નો નથી. રોગનું મૂળ તપાસીને માણસે ઇલાજ કરવાનો હોય. કોઈ પણ સામાન્ય વિચારવંતની, વિચાર કરવાવાળાની આ એક માંગણી છે કે સમાજમાં નૈતિક શિક્ષણ જોઈએ. બાકી બધું શિક્ષણ મળે છે તે ઈન્ફરમેટિવ છે. તે સારામાં સારું છે. પણ તે નૈતિક શિક્ષણ નથી. હું નૈતિક શિક્ષણ કહું છું. એનો અર્થ ચોરી કરો નહીં, વ્યભિચાર કરો નહીં, કોઈને લૂંટો નહીં, આ નૈતિક શિક્ષણ તો છે જ. પણ આ આટલી સામાન્ય વાત છે કે કોઈ પણ વિચારવંત માણસના મગજમાં ઉતરે. તે માટે કાંઈ ભણતર ભણાવવાની જરૂર છે તેમ મને લાગતું નથી. બીજાના પરસેવાનું ન ખાવું, ચોરી ન કરવી એ તો સામાન્ય વાત છે. તેના માટે ભણતરની આવશ્યકતા નથી. આ ન હોય તો માણસ, માણસ ન ગણાય. એટલે આને હું નૈતિક શિક્ષણ નથી કહેતો. નૈતિક

શિક્ષણ એટલે સત્ય સિદ્ધાન્તો ઉપર વિશ્વાસ. ધ્યેયપૂર્ણ અને ધૈર્યવાળું જીવન. અસંમત સુખો છે, તે ટાળવાની હિંમત અને ભવિષ્યને માટે આજે ત્યાગ કરવાની તૈયારી. આ બધું નૈતિક શિક્ષણમાં ગણાય. નૈતિક શિક્ષણ એટલે ખરું બોલવું કે ખોટું બોલવું તે નહીં. તે તો અતિશય સામાન્ય છે. મને નથી લાગતું કે માનવને આ વાતો ભણાવવી પડે. આ વાતો તો જતાં જતાં જાણી શકાય. ગળથૂથીમાં મળે એવી રીતની આ વાતો છે. શરૂઆતના બે પાંચ વર્ષના ભણતરમાં આ વાતો આવી જાય છે. તે માટે કંઈ વલ્લભ વિદ્યાનગરની જરૂર નથી. નૈતિક શિક્ષણ એટલે શું? સત્ય સિદ્ધાંતો ઉપર વિશ્વાસ નિર્માણ થવો જોઈએ. 'ગુડ એન્ડ રાઈટ, ચોગ્ય અને સારું.' ચૂંટતાં આવડવું જોઈએ એને હું નૈતિક શિક્ષણ કહું છું. આ નૈતિક શિક્ષણ જો મળતું ન હશે તો બાકી કરોડો રૂપિયા ખર્ચીને જે શિક્ષણ મળે છે તે બેકાર છે. પેઢીની પેઢી આ બનાવટ ચાલતી રહી છે. જીવનોનાં જીવનો જશે અને ખોટાં સમાધાનમાં માણસ રાચશે કે અમારું એજ્યુકેશન વધતું જાય છે. તેથી સૌ પ્રથમ નૈતિક શિક્ષણનો વિચાર કરવાનો હોય તે સત્ય સિદ્ધાંતો ઉપર વિશ્વાસ નિર્માણ થવો જોઈએ. ગાંધીજીએ ટ્રુથ એન્ડ નોન વાયોલેન્સ કહ્યું એ બહુ મોટી વાત છે. માણસમાં સત્ય બોલવાની હિંમત જોઈએ. કારણ કે તેનાં પરિણામો સહન કરવાની તૈયારી હોય તો જ માણસ સત્ય બોલે ને? સત્ય જે રીયાલિટી છે તે રીયાલિટી ફેસ કરવાની તાકાત હોવી જોઈએ. કાલ્પનિક જગતમાં ફરતો રહેલો માણસ એ પોતાનો વિકાસ ન સાધી શકે. સ્વપ્નના જગતમાં ફરતો રહેલો માણસ એ દૈવી ન બને. તેથી કહું છું કે સત્ય સિદ્ધાંતો ઉપર વિશ્વાસ હોવો જોઈએ.

તેવી જ રીતે માણસ ધ્યેયવાન થવો જોઈએ. તેને હું નૈતિક શિક્ષણ કહું. જીવનમાં કંઈ ધ્યેય મળવું જોઈએ. જીવનમાં કંઈ ધ્યેય જ ન મળે એ તે કંઈ જીવન છે? આપણી સમજણ છે કે કોલેજમાંથી નીકળ્યા પછી છોકરો સારા ઠેકાણે એસ્ટાબ્લિશ થાય, વેલપ્લેસ્ડ થાય વગેરે વગેરે. પણ એ તો કોઈ પણ માણસ કરશે. ભૂખ લાગ્યા પછી મારે એક મૂઠી ચોખા જોઈએ તે માટે માણસમાં કેટલી યુક્તિ, પ્રયુક્તિ બધું જ કરશે. તે ભણાવવાની જરૂર નથી.

વિદ્વષો જીવનમ્ મૂર્ખઃ (સંસ્કૃત) વિદ્વાનો મૂર્ખાઓ ઉપર જીવે છે. તમારી પાસે નથી મારી પાસે છે. તો હું તમને જે મારી કલા આપીશ તેનું વળતર લઈશ અને આમ આ વ્યવહાર ચાલશે. એમાં કંઈ વિશેષ નથી. તો આજે શિક્ષણમાં રીયાલિટી ફેઈસ કરવાની તાકાત મળતી નથી. બીજું, ધ્યેય દૃષ્ટિ આવતી નથી. જીવનમાં કંઈ ધ્યેય હોવું જોઈએ. ખાઓ, પીઓ, રહો આ કંઈ ધ્યેય નથી. ધ્યેય તેને કહેવાય કે જેનું ધ્યાન કરી શકાય. પેઢીની પેઢી સુધી જેનું ધ્યાન ધરી શકાય તેને ધ્યેય કહેવાય. આજે મહત્ત્વાકાંક્ષા છે, ધ્યેય નથી. પણ એનો કંઈ અર્થ જ નથી. મહત્ત્વાકાંક્ષા એટલે મહત્ત થવાની આકાંક્ષા. એનો કંઈ અર્થ જ નથી. લોકો પણ મહત્ત્વાકાંક્ષાનો ઊલટો સૂલટો અર્થ કરે છે. એક દિવસે જૂના કાળના એક માણસની બૈરી મરી ગઈ. બીજી વખત પરણ્યો, તે બૈરી પણ મરી ગઈ. ત્રીજી વખત પરણ્યો તે પણ મરી ગઈ. તે ચોથી વખત પરણ્યો, પાંચમી વખત પરણ્યો, પાંચમી બૈરી પણ મરી ગઈ. છઠ્ઠી વખત પરણ્યો. જૂના કાળમાં એ ચાલતું હતું. ધંધા જ આ. બૈરી મરી જાય એટલે પરણ્યા કરે. ત્યારે આવું ચાલતું હતું. સાતમી વખત જ્યારે પરણવા તૈયાર થયો ત્યારે તેનો મિત્ર કહે, 'અલ્યા શું માંડયું છે તેં? છ છ વખત બૈરી મરી ગઈ. હવે સાતમીની સાથે પરણે છે? ત્યારે કહે કે, 'ચૂપ' મારી એક મહત્ત્વાકાંક્ષા છે. પણ એવી કઈ મહત્ત્વાકાંક્ષા છે? તો કહે "મરતી વખતે વિધુર મરીશ નહીં. વિધવા રાખીને મરીશું આ મારી મહત્ત્વાકાંક્ષા છે."

મહત્ત્વાકાંક્ષાના શબ્દને કાંઈ અર્થ હોય કે નહીં? આપણે મોટા મોટા શબ્દો સામાન્ય ઠેકાણે વાપરી વાપરીને લીસા કરી નાખ્યા છે. તેથી કહું કે જેનું ધ્યાન કરી શકાય તે ધ્યેય. પણ આજે ધ્યેય મળતું નથી. હું સ્નાતક થઈશ પણ મને કંઈ ધ્યેય જ નથી. તો શું ધ્યેય સમજાવવાનો ક્લાસ રાખવાનો? ધ્યેય સમજાવવાને ક્લાસ નથી જોઈતો. પણ સમજાવવા વાળા જે લોકો છે તે સવારથી સાંજ સુધી બોલતાં ચાલતાં ફરતાં તેના ભેજામાં ક્યારે ધ્યેય મૂકી દે તે ખબર ન પડે. તે રીતનું ધ્યેય જીવનમાં આવવું જોઈએ. ધ્યેય વિનાનું જીવન તે મોણું જીવન છે. માણસનું જીવન ધ્યેય-

નિષ્ઠ હોવું જોઈએ. ટેનીસનનું એક કાવ્ય છે તમે ભણાવતા હશો "વન ડે ધે ઘ્રોટ હર વોરિયર ડેડ," બહુ સુંદર કાવ્ય છે. એક લડવૈયો છે. લડાઈમાં મરી ગયો છે તેનું શબ લઈ ગામડામાં આવે છે ટેનીસને બહુ સુંદર લખ્યું છે. તમે ભણ્યા અતિ સુંદર કવિતા છે– જે ઠેકાણે શબ લઈને આવે છે ત્યાં ગામ ભેગું થયું. તે બહેનને પરણે બે ત્રણ વરસ થયાં હશે. તેને છ સાત માસનું બાળક પણ છે. ત્યાં આંગણામાં તેની પત્ની શબ તરફ ફાટી આંખે જોઈ રહી છે. રડતી પણ નથી. ધણી મરી ગયો છે. જીવન જીવવાનો અર્થ છે? ધણી મરી ગયો હવે જીવીને ફાયદો પણ શું? આંખે અંધારું છવાઈ ગયું છે. કવિ લખે છે 'શી મસ્ટ વીપ ઓર શી વીલ ડાય' એણે રડવું જોઈએ, નહીં તો તે મરી જશે. એટલામાં એક વયોવૃદ્ધ માણસ આવે છે તે હાથમાં છ માસનું બાળક લે છે અને ત્યાં શબ પડયું છે. વિધવા સ્ત્રી ઊભી છે. હસતી નથી રડતી નથી. આવી પરિસ્થિતિમાં તેની વચ્ચે જઈને તેના છ માસના બાળકને દેખાડે ને વિધવા જ્યારે બાળક જુએ છે ત્યારે કૂદકો મારીને બાળકને પાસે લે છે. "ઓહ માય ચાઈલ્ડ! આઈ લીવ ફોર ધી" કહીને ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે. મને જીવવાનો અર્થ બબર પડ્યો. શા માટે મારે જીવવું મને બબર પડી. તને મોટો કરીશ. એમના જેવો કરીશ. એને જગતના આંગણમાં રાખીશ. આટલા માટે મારે જીવવું છે. જીવવું શા માટે? જ્યાં સુધી માણસને બબર પડતી નથી ત્યાં સુધી તેનું જીવન મોળું છે. મીઠા વગરનું છે. આવતી કાલે કોલેજમાંથી ભણીને છોકરા ઘરે જાય છે તેને કદાચ પાંચ પાંચ હજાર પગાર મળશે. પણ શા માટે જીવન? એ બબર ન પડે તો આ જીવન મોળું છે. દાળમાં બાકી બધું સારું છે. બરાબર છે. પણ મીઠું જ નથી તો દાળ સ્વાદ વગરની થઈ જશે. આજે બધાનું આવું જ છે મોટર છે, ફ્રીજ છે, બધું છે. પણ અંદરથી જુઓ તો બધા લોકો રડતા દેખાય છે. શા માટે? શું કરવું? કઈ રીતે કરવું? કરીને કરવું શું? તે કાંઈ જ બબર નથી અને શિક્ષણમાંથી કોઈ પણ જાતનું ધ્યેય મળતું ન હોય તો તે શિક્ષણ નૈતિક શિક્ષણ નથી.

જેમ ધ્યેયવાન માણસ જોઈએ તેમ ધૈર્યવાન માણસ પણ જોઈએ. જે શિક્ષણથી ધૈર્યવાન માણસ થાય તે શિક્ષણ નૈતિક છે.

જેના જીવનમાં ધૈર્ય છે. એટલે કે સુખ અને દુઃખની સામે મસ્તક ન નમાવતાં હિંમતથી ઊભા રહેવાની શક્તિ. આજે જરા સુખ આવે છે કે માણસ પડી જાય છે. આજે કૉલેજમાંથી શીખીને છોકરો ગયો અને તેને પાંચ હજાર રૂપિયાનો પગાર થયો એટલે કે સારુ કમાવા લાગ્યો એટલે તે પડી જાય છે. તેને લાગે કે મારો પગાર પાંચ હજારનો ! અને મારા માસ્તરને ૩૦૦/- રૂપિયાનો પગાર ! એ 'માસ્તર' શબ્દ બોલતો થઈ જાય છે. એ બિચારા માસ્તર માટે કાંઈક કરવું જોઈએ. આવું બોલવું 'માસ્તર'-જેવા શબ્દ પ્રયોગ કરે. એટલે સમજવું કે તે સુખની સામે પડી ગયો છે. તેને પૈસો મળ્યો, સત્તા મળી. પચાવી શકયો નથી. સુખ પચાવવું કઠણ છે. દુઃખ સહન કરવું કઠણ છે. પણ સુખદુઃખની સામે અવિચળ રહેતાં આવડવું જોઈએ. આવું શિક્ષણ આપણે આપ્યું ખરું ? કોણ આપશે આ શિક્ષણ ? સુખોની સામે કાં તો દુઃખોની સામે હિંમતથી માણસ ઊભો રહે. ગમે તેટલું સુખ આવવા દો. ગમે તેટલું દુઃખ આવવા દો. હું નહીં જ પડીશ. આવો જો માણસ તૈયાર થતો હશે તો તેને હું નૈતિક શિક્ષણ લીધેલો માણસ કહું.

માણસની છાતીમાં આવી હિંમત આવવી જોઈએ. ખોપરીમાં આવી રીતની હિંમત આવવી જોઈએ. આવો માણસ તૈયાર થવો જોઈએ. તે માટે એક જુદું જ વાઙમય તેને સમજાવવું જોઈએ. એ ઈન્ફરમેટિવ નહીં હોય પણ લોકો તરત પૂછશે કે પણ એનો ઉપયોગ શું ? તે વાઙમય ઉપર પ્રેમ અને શ્રદ્ધા હોવી જોઈએ. તે વાઙમય એટલે વ્યાસનું વાઙમય. તે આપણા જીવનમાંથી ગયું. તેથી આ સ્થિતિ આવી છે. શિક્ષણમાં, ભણતરમાં વ્યાસની લીટી વાંચો તેમ હું કહેતો નથી. પણ વ્યાસના વિચારોને સ્થાન આપો. વ્યાસના કાંઈક ચિરંતન વિચારો છે. તેથી હજુ સુધી જે બેઠક ઉપરથી આ વિચારો પીરસાય છે તેને વ્યાસપીઠ બોલીએ છીએ. આવું જીવન તૈયાર કરવાની તાકાત ફક્ત વ્યાસમાં છે. તે વિચારો પીરસો અને કેવળ એટલું જ નહીં, તો વ્યાસના માટે આદર હોવો જોઈએ. વ્યાસનું વાઙમય દૈવી છે. વાઙમય એ મોટામાં મોટી ગુરુ સંસ્થા છે. કયું વાઙમય વાંચવાનું ? કેવી રીતે વાંચવાનું ? તેની સમજણ જોઈએ. કેવળ ઈન્ફરમેટિવ વાંચે તેનો અર્થ નથી. માણસ આમ કરે, તેમ

કરે, ટેકનિકલ ડેવલપમેન્ટ કરી લે, એમાં જ માણસ ટેકનિકલ થઈ જાય માણસે ટેકનિકલ ડેવલપમેન્ટ કરી નહીં લેવાનું એમ હું કહેતો નથી. પણ વ્યાસ બહુ મોટી શક્તિ છે. વ્યાસના વિચારોને માટે આદર હોવો જોઈએ. એમ નહીં સમજતા, હું થોડું ઘણું સંસ્કૃત જાણું છું. હિન્દુસ્તાનમાં જન્મ્યો છું. એટલે વ્યાસ, વ્યાસ, વ્યાસ કર્યા કરું એમ રખે કોઈ માની લેતા. પણ વ્યાસની કલમમાં જે તાકાત છે. તેવી કોઈની કલમમાં તે તાકાત નથી.

મહાભારતના પાને પાને, લીટી લીટીમાં તેજ ઓજસ છે. જીવનના પઝલ્સ સામે ઝઝૂમવાની તાકાત આપવાની શક્તિ તેમાં છે. મારી દૃષ્ટિથી કહું તો વ્યાસ એ જીવનનો ભાષ્યકાર છે. ઘણી વખત કહું છું વ્યાસ આ જીવનનો ભાષ્યકાર છે. કયું લેખન સારું ? સુંદર પૂંઠું ચઢાવ્યું હોય તે લેખન સારું કે અંદર વાર્તાઓ સારી હોય તે લેખન સારું ? મધુર લોકોને ગમે, તે આવ્યું હોય એટલે તે સારું ? કે પછી એલિટરેશન હોય તે સારું ? રઘુવંશમાં તો તે જ દેખાશે. એલિટરેશન. આવું એલિટરેશન વિશ્વમાં કોઈ ઠેકાણે નથી. પણ આટલું સુંદર મધુર લખાણ હોઈને પણ કાલિદાસ જીવનનો ભાષ્યકાર થઈ શકતો નથી તેનું લખાણ સુંદર છે. પણ તે જીવનનો ભાષ્યકાર નથી. જેમ જીવનનો ભાષ્યકાર કાલિદાસ નથી તેમ શેકસપીયર પણ નથી. અંગ્રેજી માટે મને કંઈ સૂગ નથી. થોડું અંગ્રેજી હું પણ જાણું છું. શેકસપીયરનું લખાણ અતિશય સુંદર છે. પણ તેમાં માણસને ઊભો કરવાની તાકાત નથી. આ મને વ્યથા થાય છે. તેનાથી માણસ ઊભો થતો નથી, પડી જાય છે, ક્રિપલ્ડ થાય છે. તેના વિચારોથી કરોડરજ્જુ પાવરફુલ થતી નથી. શેક્સપીયરનો વિચાર કરવાનો હોય તો અહીં શેકસપીયર વાંચેલા ઘણાં લોકો હશે. શેકસપીયરની છ ટ્રેજડી બહુ મોટી કહેવાય છે. ખરેખર તેનું લખાણ સુંદર છે. પણ બહુ વર્ષોથી મને એક શંકા છે કે આ શબ્દનો સમ્રાટ, શેકસપીયર, માણસને ઊભો કેમ કરી શકતો નથી? તે બધે જ સુદ પક્ષનો નહીં પણ વદ પક્ષનો જ ચંદ્ર ચીતરે છે. તેણે નાનામાં નાના માનવશાસ્ત્રીય સિદ્ધાંતોની ચર્ચા કરી છે. નથી કરી એમ નથી. શેકસપીયરની છ મોટી ટ્રેજડી છે. ઓથેલો છે, કિંગ લીયર છે, હેમલેટ છે, જુલિયસ સીઝર છે. રોમીઓ જુલીયેટ છે પણ જરા ઝીણવટથી જોશો તો જણાશે કે ઓથેલો કેટલો કર્તૃત્વવાન

છે ! કેટલો શક્તિશાળી છે ! પણ પરાકાષ્ટાનો મતલબી છે. પોતાની અનન્ય નિષ્ઠ પત્નીનું ગળું દાબે છે. કિંગ લીઅર, રણુચતુર, રણપંડિત, શૂરવીર છે. પણ સત્તા હાથ આવતાં તે બાટકી બની ગયો. જુલીઅસ સીઝર અરે, કેવડો મોટો પણ તેનું ઉન્નત ચરિત્ર શેક્સપીયર ચીતરતો નથી. શેક્સપીયર બધાં પડી ગયેલાં ચરિત્રો ચીતરે છે. શા માટે ? કારણ કે ઉદાત્ત ત્યાગી ચરિત્ર, શેકસપીયરની સામે હતું જ નહીં. સુખદુઃખોની સામે લડીને પણ જીવનમાં સ્થિર ઊભો રહેલો અને રત્નજડીત સિંહાસન ઉપર બેસીને પણ અવિચલિત નિષ્ઠાવાળો માણસ, એની આંખની સામે હતો જ નહીં અને વ્યાસની આંખની સામે તે ચરિત્ર હતું. અને તે એટલે ગોપાલ કૃષ્ણનું. શેકસપીયરની સામે કૃષ્ણ હતો નહીં. શેકસપીયરની જેમ છ ટ્રેજડી છે તેવા દશ ઐતિહાસિક 'પ્લેઝ' છે. તમે તે વાંચ્યા હશે. તમને બબર હશે રાજા જહોનથી શરૂ કરી આઠમા હેનરી સુધી ૩૫૦ વર્ષનો કાળ બંડ તેણે આ ઇતિહાસ પ્લેઝ લખવા માટે ઉપાડયો છે. પણ કોઈ ઠેકાણે તત્કાલીન રીફોર્મેશન, રીવોલ્યુશન વગેરેનો કોઈ ઠેકાણે સંબંધ આવતો નથી. તેની નોંધ જ નથી. જ્યારે વ્યાસની કલમમાંથી નાનામાં નાની વાત પણ છૂટતી નથી. માણસ સત્તા ઉપર ગયા પછી બગડે જ છે. આવી રીતનું તેણે શેકસપીયરે ચિતર્યું છે. સત્તા ઉપર રહ્યા પછી સંપત્તિની ટોચ ઉપર ગયા પછી પણ, કાં તો દુઃખના બાડામાં પડયા પછી પણ ન બદલાતાં માણસો રહી શકે છે. આમ વ્યાસે ચીતર્યું છે. પાવર આપ્યો છે. જીવનમાં આ પ્રસંગો આવવાના જ છે. છત અને અછતના બંને પ્રસંગોમાંથી આપણે પસાર થવાનું છે. તેમાંથી છતના પ્રસંગમાં કે અછતના પ્રસંગમાંથી પડી જતા હો તો તમને શું શિક્ષણ મળ્યું ? ટૂંકમાં નૈતિક શિક્ષણ મળ્યું જ નથી અને તેનું કારણ વ્યાસનું વાઙમય અમે સ્વીકાર્યું જ નથી. હું શેકસપીયર માટે આત્યંતિક આદર યુક્ત પ્રેમ રાખીને કહું છું. શેકસપીયર શબ્દનો સમ્રાટ છે. તેની ટ્રેજડી ફરી ફરી વાંચવાનું મન થાય છે. નાના નાના માનસશાસ્ત્રીય એવા કાંઈક પ્રશ્નો તેણે પોતાના વાઙમયમાં લીધા છે. એની બુદ્ધિકૌશલ્યની વિરુદ્ધ હું નથી. એના ભાષા પાંડિત્ય વિરુદ્ધ પણ હું નથી. પણ માણસની એ કરોડરજ્જુ પાવર-

ફુલ કરવાની તાકાત તેનામાં નથી. જેમ શેકસપીયરમાં નથી તેમ કાલિદાસમાં પણ નથી. શાકુંતલ વાંચશો તો તેની ભાષા બહુ સારી છે. જેણે જીવનમાં શાકુંતલ વાંચ્યું નથી તેનુ જીવન ફોગટ ગયું. વૃથા ગતં તસ્ય તદ્ જીવનમ્–આટલું મધુર શાકુંતલ કાવ્ય છે. પણ તેનાં બધાં કેરેકટર્સ કેવી રીતનાં છે તે ખબર છે? ધોઈ લૂછીને માંજીને રાખી દીધાં છે. કોઈનામાં ડાઘ જ નથી. માનવી જીવનમાં ભૂલ કરી બેસે છે પણ તેણે ભૂલ કબૂલ કરવાની હિંમત દેખાડવી જોઈએ. તૈયારી દેખાડવી જોઈએ. ભૂલ સુધારવાની હિંમત હોવી જોઈએ. રાજા—કિંગ ડઝ નો રોંગ, જેવી વાત છે. વાસ્તવિક શકુંતલાની જોડે દુષ્યંત પરણ્યો હતો તો તેણે કબૂલ કરવું હતું કે હું પરણ્યો છું. જનાનખાનામાં આવીને તે કહેવાની તેની હિંમત નથી કારણ કે તેમને લોકસત્તા પણ જોવી પડતી હતી. જૂના કાળના રાજાઓને ઓટોક્રેટિક રુલની અંદર પણ લોકસત્તા જોવી જ પડતી હતી. ત્યારે તે બોલી શક્યો નથી કે તે પરણ્યો છે. તેથી રાજાના બચાવમાં કાલિદાસ દુર્વાસાનો શ્રાપ વચમાં લાવ્યો. રાજાને દુર્વાસાએ શ્રાપ આપ્યો તેથી તેને વિસ્મરણ થઈ ગયું. ઠુ પ્રોટેકટ કિંગ, કાલિદાસે દુર્વાસાનો શ્રાપ ઘૂસાડયો છે. એ ઐતિહાસિક નથી. જે વેદવ્યાસના લખાણમાં નથી, મહાભારતમાં નથી, એ આવ્યો કયાંથી? પણ દુર્વાસાનો શ્રાપ થયો તેથી બિચારો ભૂલી ગયો. જેની જોડે પરણ્યો તેને ભૂલી ગયો. પણ એ બધાં માંજીને રાખેલા વાસણો જેવું છે. તે ચકચકતાં વાસણો ફક્ત રાખી મૂકવાના. બહારથી તે ઉજળાં હોય પણ અંદરથી ખાલી હોય. તેમાં કાંઈ ભરે નહીં. પણ ફક્ત વાસણો બહારનાં જુઓ. ઉત્તર ગુજરાતમાં જઈએ તો ઘેરે ઘેરે આવા વાસણો રાખેલાં હોય. ફક્ત તે ડેકોરેશનનાં હોય. અંદર કાંઈ હોય નહીં. કાલિદાસનું તેવું છે. તેના પાત્રો જેવાં બધા જ પરફેકટ—દોષરહિત પણ વાસ્તવમાં આવું હોતું નથી. પણ વેદવ્યાસનું તેવું નથી. તેના પાત્રો વાસ્તવિક છે. તેના બલનાયક દુર્યોધનમાં ગુણો પણ છે અને યુધિષ્ઠિરના દોષો પણ ચીતર્યા છે. વીસમી સદીમાં મેં આ ન્યૂયોર્કમાં ને વોશિંગ્ટનમાં પણ કીધું કે વ્યાસની કલમમાં જે માણસને ઊભો કરવાની જે તાકાત છે તે વ્યાસના વિચારો અને વ્યાસને માટે પ્રેમ ઊભો કરવો

જોઈએ. નૈતિક શિક્ષણ લાવવાનું હોય તો તે કરવું જ પડશે. મહાભારતમાં એકે સમસ્યા એવી નથી પછી તે સામાજિક હોય, રાજકીય હોય કે ઈન્ડિવિજ્યુઅલ હોય અને સમસ્યાની જોડે ઝઝૂમવાની માણસની તૈયારી ન હોય. પણ તેના માટે આપણને આદર કયાં છે? વાઙમય એ ગુરુ ખરા પણ ગ્રંથને માટે કેવળ પ્રેમ ન ચાલે તે માટે આદર પણ જોઈએ. શ્રદ્ધા અને ભાવ જોઈએ.

કુરાન ઉપર ઘણી ટીકાઓ છે. જુદી જુદી બસો અઢીસો ટીકાઓ છે. પરંતુ સારામાં સારી રીતની લોજિકલ ટીકા અબ્દુલકલામ આઝાદની છે. કુરાન પર જે અબ્દુલકલામ આઝાદની છે તે જ ટીકાનું અરબીનું ઉર્દૂમાં કર્યું છે. હું ન ભૂલતો હોઉં તો બેંતાલીસની સાલની વાત હશે. એકતાલીસ બેંતાલીસની સાલમાં તે જ્યારે પૂરું થયું ત્યારે તેને જ્યારે મૌલાના અબ્દુલકલામ આઝાદે તે પુસ્તક અર્પણ કોને કરવું? એક સવાલ હતો. કલકત્તાના બહુ મોટા મોટા વહેપારીઓ પોતાના બાનું નામ દઈને, બાપાનું નામ દઈને, પૈસા આપીને, અર્પણ કરવા માટે પૈસા આપતા હતા, કહું તો ચાલે. ફી આપો તો ચાલે. આમ થાય તો ચાલે, તેમ થાય તો ચાલે, એવી રીતનું કહેતા. એમને મૂંઝવણ હતી કે કોને એ અર્પણ કરવું? એટલામાં રાતના સાડા નવ વાગે, દશ વાગે એક આરબ ત્યાં આવ્યો. તેણે કલકત્તામાં આવીને તેમના ઘરનું બારણું બખડાવ્યું. અબ્દુલકલામ આઝાદે બારણું ખોલીને પૂછયું કે કોણ છે તું? તેણે પૂછયું કે તમે કુરાન પર કાંઈ લખ્યું છે? તો કહે હા, તો તે પવિત્ર કુરાન પર લખ્યું છે તો મારા માટે એક પ્રત રાખશો. મારી પાસે પૈસા નથી. પણ મેં સાંભળ્યું કે ચાલીસ રૂપિયા તેની કિંમત (તે વખતની ચોક્કસ કિંમત મને બબર નથી.) ચાલીશ રૂપિયા પડે છે પણ મારી પાસે વધુ પૈસા ન હોવાથી હું કાબુલથી કલકત્તા ચાલતો આવ્યો છું. ચાલીશ રૂપિયા બચાવ્યા છે. આ ચાલીશ રૂપિયા લો ને મને કુરાનની એક પ્રત આપો. અબ્દુલકલામ આઝાદે કહ્યું કે કુરાનની લીટીએ લીટી એની જોડે બોલશે. બાકી કોઈની જોડે નહીં. તેથી તે દિવસે અર્પણ કરવાની તેમની મૂંઝવણ ટળી ગઈ. તેમણે લખ્યું, કાબુલથી કલકત્તા સુધી કુરાનના પ્રેમને લીધે ચાલતા આવેલા એક અજ્ઞાત મુસાફરને અર્પણ.

આજે શિક્ષણ સંસ્થામાં આવા વિચારો કે કરોડરજ્જુ છે એના માટે આદર નિર્માણ કરવાનો છે. પરંતુ તે માટે નૈતિક શિક્ષણ જોઈએ ને.

આજે માણસની તાકાત ખલાસ થઈ ગઈ છે. માણસ મરી ગયો છે. તેની વૈચારિક કરોડરજ્જુ તૂટી ગઈ છે. થિંકિંગ ક્રિપલ્ડ છે. પરંતુ વ્યાસનું ગીતાનું થિંકિંગ ક્રિપલ્ડ નથી. અહીં બહુ મોટી સંખ્યામાં જુદી જુદી કોલેજના પ્રોફેસરો છે. તેથી હું કહું કે જેમ જેની કરોડરજ્જુ તૂટી જાય તો તે માણસ ચાલી શકતો નથી. તેમ આજે બિચારોની કરોડરજ્જુ તૂટી ગઈ છે. હું કાંઈ છું, ને હું કાંઈ કરી શકું છું. આ હિંમત જ માણસની ખલાસ કરી નાખી છે. માનવ એટલે પરિસ્થિતિનો ગુલામ. મેન ઇઝ ધી સરવન્ટ ઓફ સરકમ્સ્ટન્સીસ. એમ જ બધા બોલે છે. પણ તું તેના પર અસવાર થઈ શકે છે. તું તેની જોડે લડી શકે છે હિંમતથી ફેઈસ ટુ ફેઈસ નિર્માણ થયેલી પરિસ્થિતિ તરફ જોઈ શકે છે. આ વિચાર જ આપવામાં આવ્યો નથી. થિંકિંગ ક્રિપલ્ડ થયું છે. અહીં ભણેલા બેઠા છે તેથી હું કહું કે સાયકોલોજીનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગ્રંથ ગીતા છે. વ્યાસ ઇત્યાદિનું લખાણ છે, આ બધું સંસ્કૃતમાં લખેલું છે, આ દેશનું છે, આપણે આ દેશમાં જન્મ્યા છીએ. તેથી ગીતાનું મહત્ત્વ ગાવું જ જોઈએ, આથી વ્યાસનું સારું બોલવું જ જોઈએ, આવી રીતનું નથી. તમે બધા રેશનલ લોકો છો. તમારી સામે વ્યાસ રાખું છું હું કે તમારું થિંકિંગ ક્રિપલ્ડ નથી. વ્યાસને જેમ જીવનમાં રાખશો તેમ ગીતાને રાખો તેનું થિંકિંગ પાવરફુલ છે.

મારી દૃષ્ટિએ આજની મોટી સમસ્યા આ કે મારો ઉદ્ધાર બીજો કરે તે સમજીને માણસ જીવે છે. પોતાના ઉદ્ધાર માટે તે બીજા ઉપર નિર્ભર છે. પછી બીજી કોઈ સંસ્થા કરે કે બીજી વ્યક્તિ કરે. પરંતુ ગીતા જ ફક્ત આવી રીતનું સ્પષ્ટ કહે છે. "ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્"... (૫ – ૬) "તારો ઉદ્ધાર તારે જ કરી લેવો જોઈએ. બીજા કોઈએ નહીં." ગીતા આ કહે છે. તેનો થોડો વિચાર આપણે કરશું તો માનસશાસ્ત્રનો વિચાર કરતી વખતે અઢારમી સદીથી ઓગણીસમી સદી સુધીના એટલે કે

નાઈટીનથરટી સુધી વોટસનના વિચારોની બહુ કિંમત હતી. અઢારમી સદીના અંતમાં વોટસનના પચાસ વર્ષ, આવી રીતનાં ગયાં કે વોટસનને ભણેલા લોકો માથે લઈને નાચ્યા. વોટસનનું કહેવું હતું તે કહેતો કે તમને જેવો માણસ બનાવવો હોય તેવી રીતનો બનાવી શકાય. તમને વશિષ્ઠ બનાવવો હોય, તો નાનપણથી મારી પાસે આવો. તેવી રીતનું વાતાવરણ ઊભું કરીશ. તેવી રીતનું કરીશ તે વશિષ્ઠ બનાવી દેખાડીશ. તમને ભૂપત બહારવટિયો બનાવવો હોય તો તે પણ બનાવી દેખાડીશ. જે બનાવવાનું હશે તે બનાવી દેખાડીશ. પણ વોટસનના વિચારો થોડા દિવસમાં જ ચાલ્યા ગયા. બહુ સારી વાત થઈ. કેમ કે વોટસનની પહેલી વાત એવી રીતની જેણે વોટસન વાંચ્યો હશે તેને ખબર હશે કે વોટસન મનને જ ડીસ્કાર્ડ કરે છે. તે એવી રીતની ભાષા બોલવા લાગ્યો કે પંડિતોના મગજમાંથી તેનું વર્તનબાદ ઉતરી ગયું. ચાલ્યું ગયું. પણ તેની અસર ઘણા લોકો ઉપર હજુ સુધી રહી છે. જન્મેલું પ્રત્યેક બાળક સરખું જ હોય છે જેવું વાળશો તેવું થશે. આ બોલવું અશાસ્ત્રીય છે. આ કઠોર સત્ય છે. તેનાં ઘણાં કારણો છે. રીબર્થ પણ એક કારણ છે. બીજા કાંઈ કારણો છે. તેમાં હમણાં પડતો નથી. પણ વોટસન ચાલ્યો ગયો છે.

ત્યારપછી એક બહુ મોટી શક્તિ આ જગતમાં આવી તેનું નામ માર્ક્સ. મારી દૃષ્ટિએ માર્ક્સ બહુ મોટો માણસ છે. હજુ પણ હું કહું છું. માર્ક્સને વિશિષ્ટ વિચારધારા સુધી ઋષિબળ માનવાની મારી તૈયારી છે. અને પચાસ સાઠ વર્ષ સુધી આવી રીતની પરિસ્થિતિ હતી, કે બધા જ ભણેલા લોકોનાં મગજમાં માર્ક્સની બહુ મોટી કિંમત આવી ગઈ. અરે આજ સુધી પ્રત્યેક ધર્મશાસ્ત્રકારે કહ્યું છે કે ગરીબોને મદદ કરો. પછી તે ઈસ્લામ હોય, ક્રિશ્ચિયન કે હિંદુ હોય. કોઈ પણ હોય. ગરીબને મદદ કરો. આમ જ પ્રત્યેકે કહ્યું છે પણ આ એક મહાન બહાદૂર નીકળ્યો અને એણે કહ્યું કે ગરીબી જ કાઢી નાંખો. આવું કહેવાવાળો માણસ આ જ એક નીકળ્યો. ગરીબી નીકળી શકે કે નહીં તે સ્વતંત્ર વાત છે. ગરીબી જશે કે નહીં આ સ્વતંત્ર વાત છે. પણ ગરીબી જ કાઢી નાખ. આ શબ્દ જ્યારે સાંભળે ત્યારે કોઈ પણ ભણેલા જુવાન માણસને માર્ક્સ માટે પ્રેમ થાય. ને માર્ક્સ હતા જ એવા, એમાં શંકા નથી.

માર્ક્સનું વાઙમય વાંચશો તો તમને ધ્યાનમાં આવશે. મને તો એમ જ લાગે છે કે માર્ક્સ કોઈ દિવસ જડવાદી હતો જ નહીં. માર્ક્સ અનાત્મસત્તાવાદી હતો. આવું મારું કહેવું છે પણ માર્ક્સે એક ખોટી વિચારધારા ઊભી કરી છે ને તે એ કે ગુનો થાય છે. તેની જવાબદારી કોની ? ગુનાની જવાબદારી કોની ? આનો જવાબ વોટસન જુદો જ આપે છે અને માર્ક્સ આર્થિક નિયતવાદ લાવ્યો. તેથી ગુનો થાય છે. ગુનાની જવાબદારી સમાજની છે. વ્યક્તિની નહીં. હું ચોર થાઉં તો તેનો જવાબદાર સમાજ છે. હું નહીં. એમાં વ્યક્તિ છૂટી જાય છે. મારા ગુનાનો જવાબદાર હું નથી. વોટસનની દૃષ્ટિથી પણ નથી. અને માર્ક્સની દૃષ્ટિથી પણ નથી.

ત્રીજો એક મહાપુરુષ એ કાળે થયો છે. તેનું નામ ફ્રોઇડ. ડૉ. ફ્રોઇડને હું બહુ પ્રેમથી માનું છું. એનું કારણ કે તમને મૂર્તિપૂજા સિદ્ધ કરવાને માટે આ ફ્રોઇડ બહુ ઉપયોગી છે. પણ ફ્રોઇડના સપ્રેસ્ડ કોમ્પ્લેકસના સિદ્ધાંત મુજબ માણસનાં હાથે ગુનો થાય છે. તેનો જવાબદાર માણસ નથી. કોઈ એવી પરિસ્થિતિ હતી. તેની તેના મન ઉપર અસર થાય છે. તેથી માણસ ગુનો કરવા પ્રેરાય છે. આના લીધે અમેરિકન સોસાયટીમાં જાતજાતની સમજણ ઊભી થઈ છે. કોઈને કંઈ બોલાય નહીં. તમે કોઈ મનોવિશ્લેષણ-શાસ્ત્રજ્ઞને ત્યાં જશો અને ત્યાં વિવિધ પુસ્તકો વાંચશો તો પુરાણો વાંચતી વખતે જેમ ગમ્મત પડે તેવું આ પુસ્તકો વાંચ્યા પછી લાગશે. એક પ્રસંગ કહું. એક મનોવિશ્લેષણશાસ્ત્રજ્ઞને ત્યાં એક બહેન ગયાં. તે કહે છે હું અસ્વસ્થ છું. કારણ પૂછતાં તેણે કહ્યું કે મારી બેનપણીને ઉપાડીને મારો ધણી ચાલ્યો ગયો છે. હું બહુ અસ્વસ્થ છું. ત્યારે મનોવિશ્લેષણશાસ્ત્રજ્ઞ તેને સલાહ આપતાં કહે છે કે તમે અસ્વસ્થ ન થાવ. તમારા ધણી ઉપર ગુસ્સે ન થાવ. કારણ કે નાનપણમાં તેને કંઈ ઉપાડવાની વૃત્તિ થઈ હતી તે સંતોષાઈ નથી દબાઈ ગઈ હતી. તેથી તે હવે તમારી બેનપણી ઉપાડી ગયો. માનવીની સપ્રેસ્ડ ગ્રંથિઓ બંધાય છે. તે કોઈને કોઈ ઠેકાણે એકસપોઝ થાય છે. બધું વાંચવા જેવું છે. મૂળ વાત ફ્રોઇડ પણ માને છે કે મનુષ્ય તેના દુષ્કૃત્યનો જવાબદાર નથી.

અમારા દેશમાં પણ એક ભ્રાન્ત ઈશ્વરવાદ આવ્યો છે કે જેની જોડે ભણેલા, ઈશ્વરને મારવા નીકળ્યા છે. ભ્રાન્ત ઈશ્વરવાદ જોડે ઝગડવા નીકળ્યા છે. તેણે માણસને ક્રિપલ્ડ કરી નાખ્યો. આ ભ્રાન્ત ઈશ્વરવાદ માને છે. ભગવાનની ઇચ્છા છે તેવું થાય છે. કેમ ભાઈ તેં હરામખોરી કરી ? ચોરી કરી ? તો કહેશે પ્રભુની ઇચ્છા. તેની ઇચ્છા આગળ આપણું શું ચાલે ? આપણે તો એના હાથમાંનું એક રમકડું છીએ. અરે વાહ રે વાહ ! તું રમકડું તેને તો બે લપડાક વધારે મારવી જોઈએ. આપણા મહાન પુરુષોએ શું કીધું અને આ ભાઈએ શું સાંભળ્યું ? બધા કથામાં કહે કે ઉપરવાળાની ઇચ્છા હોય તેવી રીતનું થાય. ઉપરવાળાની ઇચ્છા તો તને સારો બનાવવાની હતી. તો હું હરામખોર થયો જ કેમ ? હુ ઈઝ રીસ્પોન્સિબલ ? મને કાંઈ ફ્રી વિલ છે કે નહીં ? મારી સ્વતંત્ર ઇચ્છાશક્તિ વિલ-ઇચ્છા છે કે નહીં ? હું ઈચ્છું તેવું કરી શકવાની ભગવાને સ્વતંત્ર ઇચ્છાશક્તિ આપી છે. પણ મહાપુરુષોએ કીધું એટલે આપણે પણ કહેવા લાગ્યા. ઉપરવાળાની ઇચ્છા હોય તેવી રીતનું થાય છે. બધું ભગવાનની ઇચ્છાથી થાય છે. તેની ઇચ્છા વગર પાંદડું એ હાલતું નથી. હવે ટાઇમ થઈ ગયો છે. મારાથી વધારે બોલાય નહીં. તેના તત્ત્વજ્ઞાનમાં ઘૂસતો નથી પણ જતાં જતાં કહું કે આપણને સ્વતંત્ર ઇચ્છાશક્તિ આપી છે. ફ્રી વિલ છે. વિલ ફોર બીકમિંગ એન્ડ કેવ ફોર સમથિંગ. કોઈ પણ વસ્તુ જોઈ, આપણી બુદ્ધિ ઉપર તેનો આઘાત થાય છે. અને આઘાત થયા પછી લાઈકસ એન્ડ ડીસલાઈકસ નિર્માણ થાય છે. જેવા લાઈકસ એન્ડ ડીસલાઈકસ નિર્માણ થયાં કે જોઈએ ન જોઈએ ઊભું થયું. બહારની કોઈ પણ વસ્તુ જે બુદ્ધિ ઉપર આઘાત કરતી નથી, તે માટે લાઈકસ એન્ડ ડીસલાઈકસ નિર્માણ થતાં નથી. જોઈએ, ન જોઈએ નિર્માણ થતું નથી. અને આ ખૂબ જ ઉપરની ભૂમિકા છે. ત્યાં પછી 'વિલ' જ બંધ થઈ જાય છે. વશિષ્ઠ, શંકરાચાર્ય, વલ્લભાચાર્યની તેમની ઇચ્છા જ બંધ થઈ. તો તો પછી ખોખાનું (શરીરનું) વર્કિંગ બંધ થઈ જાય. વાસ્તવિક ઇચ્છાને લીધે તો આપણી કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો ચાલે છે. સવારે ઊઠીને આપણે આંખો ખોલી કે પહેલી ઇચ્છા થાય કે ચા પીવું. તેથી ઊઠીને પ્રાયમસ પાસે ગયા. ઇચ્છા વગર કાંઈ થતું નથી. સાંભળવાની ઇચ્છા થઈ તેથી અહીં આવ્યા. મને ઇચ્છા થઈ, સંભળાવવું જોઈએ,

તેથી હું અહીં આવ્યો. માણસની ઇચ્છા જ બંધ થઈ જાય તો ખોખું બંધ થઈ જાય. તો વશિષ્ઠ, યાજ્ઞવલ્કય, શંકરાચાર્ય, વલ્લભાચાર્ય જેવા મહાપુરુષો કે જેઓ જન્મજન્માંતરથી શુદ્ધ, સ્વચ્છ, દૈવી બનેલું મન અને બુદ્ધિ લઈ આવ્યા અને ઇચ્છા જ ન કરે તો જીવન નકામું જાય તે ભગવાનથી જોવાતું નથી. પછી શું થાય? બંધ પડી ગયેલી મિલ માલિક જો ન ચલાવે તો શાસન હાથમાં લે, તેવી રીતનું બંધ પડેલું વશિષ્ઠ, યાજ્ઞવલ્કય, પતંજલિ, શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્યનું જે ખોખું છે, તેનામાં દૈવી મન અને બુદ્ધિની ભગવાનને જરૂર છે તેથી તે ઠેકાણે ભગવાન પોતે પોતાની વિલ મૂકી દે છે. તે લોકો આવી રીતનું કહે તે ભગવદ્ ઇચ્છાથી થાય છે. શંકરાચાર્યે કહ્યું કે ભગવદ્ ઇચ્છાથી થાય છે ત્યારે શંકર ડ્રાઇવર પણ બોલવા લાગ્યો કે ભગવદ્ ઇચ્છાથી થાય છે. ટૂંકમાં સમજ્યા વગરનું આ બધું ક્રિપલ્ડ થિંકિંગ ભ્રાન્ત ઈશ્વરવાદે માણસને મારી નાંખ્યો છે. આ બધી જુદી જુદી વિચારધારાએ માણસને મારી નાંખ્યો છે. .....તેથી કહું છું પાવરફુલ વિચારધારા જીવનમાં લાવો કે વ્યાસ અને ગીતા માટે પ્રેમ ઊભો કરો. જીવનને ઉપયોગી આવો આ ગ્રંથ છે. તે લેશો તો જ તો નૈતિક શિક્ષણ આવશે. તે ઉપાડો અને ખાત્રી કરી જુઓ. જુઓ આ શિક્ષણ આવે છે કે નહીં. જીવનમાં ઝઝૂમવાની તાકાત આવશે. ગીતા પાસે તે શક્તિ છે. એક વખત એક પરદેશી માણસ મળ્યો હતો. મને કહે કે નટ-શેલમાં મને ગીતાનું મહત્ત્વ સમજાવો. બીજા ધાર્મિક ગ્રંથો કરતાં તેમાં મહત્ત્વનું શું છે? મેં કહ્યું 'હી ડઝ નોટ વર્ક ફોર યુ' એમ ગીતા પહેલું કહે છે. 'હી ડઝ નોટ વર્ક ફોર યુ' તો એના વગર હું જીવી શકું છું? 'નો' 'હી વર્ક્સ વિથ યુ. વીધાઉટ હીઝ આસિસ્ટન્સ યુ કેન નોટ વર્ક' આ અલૌકિક તત્ત્વજ્ઞાન ગીતાએ કહ્યું છે. તેણે માણસને ઊભો કર્યો છે. "ઉદ્ધરેદાત્મનાત્માનમ્ નાત્માનમવસાદયેત્ આત્મૈવ હ્યાત્મનો બંધુઃ આત્મૈવ રિપુરાત્મનઃ (૬-૫) " તારો ઉદ્ધાર કરવો યા અવનતિ કરવી તે તારા જ હાથની વાત છે. અને આવા નૈતિક શિક્ષણની જવાબદારી આ બધી જ અષ્ટગુરુ સંસ્થાઓની છે. જીવનમાં તે શિક્ષણ તેમણે લાવવું જોઈએ. બધાએ જ તે જોવું જોઈએ. વાઙમયે જોવું જોઈએ. વર્તમાનપત્રોએ તે જોવું જોઈએ.

કે હું માનવી જીવનની કરોડરજ્જુ તોડું છું કે શું? શિક્ષક, પાલક, સિનેમા બધા જ એ કરોડરજ્જુ તોડે છે. ગુરુ, સંત, મહંત બધા જ આજે તે કરોડરજ્જુ તોડતા રહ્યા છે. ગુરુ જોઈએ. ગુરુ શા માટે? મને ક્રિપલ્ડ કરવાને માટે મને ગુરુ જોઈએ? 'તું તો માયામાં પડ્યો છે. મારા વગર તારો કયાંથી ઉદ્ધાર થાય? મને પગે પડ. મારા વગર તારો ઉદ્ધાર નથી.' એમ કહી આજે ગુરુ લોકોને પાંગળા બનાવે છે. ગુરુ જરૂર વિકાસ માટે માર્ગદર્શન આપે પણ વ્યક્તિને પાંગળી તો ન બનાવે. બહુ વર્ષો પહેલાં હું ઋષિઓનાં ચરિત્ર વાંચતો ત્યારે ઋષિઓમાં બધી ગરબડ દેખાતી હતી. ફલાણા ફલાણા ઋષિ સ્ત્રીને જોઈ ચલિત થયા. આવી રીતના આવા મોટા મોટા માણસો લપસી ગયા. ત્યારે મને થતું આ કેમ બને? પ્રત્યેકનો દોષ છે જ, અને બધા ઋષિઓએ પોતે જ તે લખી રાખ્યું છે. એટલે ના પણ બોલાય જ નહીં. અને આવા મહાન ઋષિઓ આટલા ઢીલા. બુદ્ધિ માનવા તૈયાર થાય નહીં. તો શું તે બધું પ્રક્ષિપ્ત હશે? બોટું કંઈ ઘૂસી ગયેલું છે. બધું પ્રક્ષિપ્ત હશે તેવું પણ કંઈ બોલાય નહીં. તો શું સમજવું? એક મૂંઝવણ હતી. એટલામાં એક દિવસ હું ખલિલ જિબ્રાનનું પુસ્તક વાંચતો હતો, તમે ભણેલા લોકો છો માટે કહું છું. વીસ વરસનો હતો ત્યારે ખલિલ જિબ્રાન વાંચ્યો હતો. જેણે વાંચ્યો હશે તેને ખબર હશે કે ચાર ચાર લીટીમાં તેની વાર્તાઓ છે. બહુ સુંદર વાર્તાઓ છે. તેમાં એક વાર્તા આવી રીતની છે. ખલિલ જિબ્રાન આવી રીતનું કહે છે કે સંત પુરુષ પાસે હું બેઠો હતો. તેમનું નાનપણથી હમણાં સુધીનું આયુષ્ય, વિશુદ્ધ છે. ડાઘ વગરનું છે, તે મને ખબર છે. તેની પાસે હું બેઠો હતો. ત્યારે એક થાકી ગયેલો માણસ આંખમાંથી તેનું તેજ ચાલી ગયું છે. લંગડાતો લંગડાતો હાથમાં લાકડી લઈને, વાંકો વળેલો ત્યાં આવ્યો. બાપજી કહી નમસ્કાર કર્યા. સંતે પૂછયું, 'શું છે?' 'મારે કાંઈ જોઈતું નથી. મારો ઉદ્ધાર કરો, હું મહાન પાપી છું'. તેણે કહ્યું. ત્યારે તે સંત પુરુષે કહ્યું, 'હું પણ તેટલો જ પાપી છું.' ત્યારે તે કહે 'ના, ના, તમે કેટલા સારા છો? કેટલા પવિત્ર છો? તમને અમારું વિશ્વ જ ખબર નથી? કે મેં કેટલીક વખત દારૂ પીધો છે. હરામખોરી કરી છે. વ્યભિચાર કર્યો છે.' 'અરે, એ તો તું મારો જ અનુભવ બોલે છે.'

સંતે કહ્યું. ત્યાર પછી એણે કહ્યું, 'ના, ના, તમને ખબર નથી મેં લોકોને લૂંટ્યા છે. લોકોનાં ખૂન કર્યાં છે. મારાં પાપ મારી છાતી ઉપર આવી બેસે છે. મારી ઉંઘ ઊડી જાય છે.' 'અરે, એ તો તું મારો જ અનુભવ કહેતો હોય એમ લાગે છે. મેં કેટલા લોકોનાં કાટલાં કાપ્યાં છે.' 'તમે તો ચોખ્ખા છો. પવિત્ર છો.' ત્યારે તે કહે, 'ભાઈ, તું ભૂલ કરે છે. તું જેવો છે. તેવો જ હું હતો.' ત્યારે તેણે આંખો ઉપર કરીને સંતની સામે જોયું. ઊભો થયો. લંગડાતો લંગડાતો આવ્યો હતો. 'અબાઉટ ટર્ન' કરીને છાતી ઉપર કરીને ચાલ્યો ગયો. ત્યારે જિજ્ઞાને તે સંત પુરુષને પૂછ્યું, 'તમે તેને આવું શા માટે કહ્યું? તમારા જીવનમાં એક પણ ડાઘો નથી. કેટલા વિશ્વાસથી તે તમારી પાસે આવ્યો હતો. તમને કેટલા પવિત્ર પુરુષ સમજી તમારી પાસે આવ્યો હતો, ખોટું બોલીને તમારા ઉપરની શ્રદ્ધા તમે તોડી નાખી!' ત્યારે તે સંતપુરુષે કહ્યું 'ચોક્કસ મારા ઉપરની એની શ્રદ્ધા તૂટી ગઈ છે. એમાં શંકા નથી. પણ તેની જાત ઉપર તેની શ્રદ્ધા બેઠી છે. તેને થયું હશે કે આટલો ખરાબ માણસ પણ જો આટલો સારો થઈ શકે તો હું પણ સારો થઈ શકીશ.'

તે દિવસે મને સ્પષ્ટ થયું કે ઋષિઓએ પણ માણસની જાત ઉપરની શ્રદ્ધા નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેથી તેમણે ન કરેલાં પાપો પણ લખી કાઢયાં છે. પણ તે ન સમજતાં આપણે તેમને સમજવામાં ગોટાળો કર્યો છે. અરે, જેનામાં બ્રહ્માંડથી પણ આગળ જોવાની હિંમત છે તેને હાડકાં, ચામડાંની સ્ત્રીએ લોભિત કર્યો. સંભવ જ નથી. પરંતુ માણસમાં આ રીતે છે. આત્મશ્રદ્ધા જાગ્રત કરવાનું કાર્ય ગુરુ કરે છે. જવા દો એ વાત. મૂળ વાત માણસની વૈચારિક કરોડરજ્જુ જાગ્રત થવી જોઈએ, એ એની મહત્ત્વની વાત છે. તે આ નૈતિક શિક્ષણ કરે છે. ટાઈમ ઘણો થઈ ગયો છે હવે નૈતિક શિક્ષણ ઉપર બોલવાનું હોય તો મને બે કલાક બીજા લાગે. માણસે ધૈર્યવાન થવું જોઈએ. માણસમાં તેવી રીતે (શાસ્ત્રોને) અસંમત સુખો ટાળવાની વૃત્તિ હોવી જોઈએ. તથા તે ટાળવાની હિંમત હોવી જોઈએ. પાસે આવ્યા પછી પણ અને ભવિષ્યને માટે આજે ત્યાગ કરવાની તૈયારી માણસને દેખાડતાં આવડવી જોઈએ. આ બધું નૈતિક શિક્ષણ છે. આવું શિક્ષણ આપણે

આપીએ છીએ ? શિક્ષણ આપવાવાળાએ તે જોવું જોઈએ. આપણને તેવું શિક્ષણ મળે છે કે નહીં ? તે ભણવાવાળાએ જોવું જોઈએ. આપણને આવું શિક્ષણ મળે તેની વ્યવસ્થાનો પાલકે વિચાર કરવો જોઈએ. તો શિક્ષણ ઉપર આવે. કેવળ કરીકયુલમ બદલાવીને કાં તો આવતી કાલે શંકરાચાર્યના બે સ્તોત્રો ગોખાવીને નૈતિક શિક્ષણ અપાય નહીં. બેઝિકલી માણસને કંઈ મળે છે કે નહીં તે જોવું જોઈએ. કરોડરજ્જુ તૂટેલો માણસ જેના વિચારોની કરોડરજ્જુ તૂટી ગઈ છે, એવો ભ્રાન્ત થયેલો માણસ, આત્મ ગૌરવ શૂન્ય બનેલો માણસ ભણેલો હશે તો પણ કોઈના પગ ચાટતો રહ્યો છે. મુળ મુદ્દા આમ છે કે હું કંઈ કરી શકું છું, મારો ઉદ્ધાર હું જ કરીશ. આવી ખુમારીનો માણસ તૈયાર થવો જોઈએ. તેના બદલે મારો ઉદ્ધાર બીજો કોઈ કરે, આજે ભણીને પણ છોકરાઓ બહાર જાય છે તે પહેલો કહે, લાગવગ હોય તો નોકરી મળે, નોકરી મળે તો જ સંસાર ચાલે, અને તે કપાળને હાથ લગાડીને બેઠો છે. અરે પંદર વરસનું ભણતર અને તેટલા વરસના તેના પૈસા ફોગટ ગયા. અરે ' આઈ કેન અર્ન માય બ્રેડ ' હું આણંદના સ્ટેશન ઉપર ઊભો રહીશ, હમાલી કરીશ તો રોજના રૂપિયો મેળવીશ. એમાં શું છે ? આવી વૃત્તિ નિર્માણ થવી જોઈએ. પણ માણસમાંથી તે વૃત્તિ જ ગઈ છે. વિચારોની કરોડરજ્જુ જો તોડી નાખી હશે તો ગમે તેટલાં સારાં પુસ્તકો ભણાવો, ગમે તેટલું એલિટરેશન અને વાઙમય ને કવિતા મોઢે કરાવો, બાકી બધું કરાવો પણ તમો માણસ ઊભો કરી શકશો નહીં. નૈતિક શિક્ષણની આવશ્યકતા છે અને તેથી સમાજના બધા જ વર્ગો જે પાલક હશે, સંચાલક હશે, શિક્ષક હશે, કોઈ પણ હશે. પ્રત્યેકે બેસીને વિચાર કરવો રહ્યો કે આના માટે આપણે કાંઈ કરીએ છીએ ? અને આ કરવાની જરૂર છે જે ઠેકાણે આ થાય, તે ઠેકાણે સરસ્વતીની ઉપાસના થઈ ગણાય. વધારે બોલતો નથી. વિદ્વાનોની સામે મારે શું કહેવાનું ? પ્રોફેસરોને મારે શું ભણાવવાનું ? ભણાવવાને માટે થોડો જ બેઠો છું ? ઉપદેશ કરવાને માટે થોડો બેઠો છું ? પણ વસ્તુસ્થિતિ શું છે તે કહું. સમર્થ પુરુષો પાસે જ મંગાય. હું એક સામાન્ય અનટુધી લાસ્ટ–સમાજના અંતિમ સદસ્યનો રિપ્રેઝન્ટેટિવ છું. એને આજે શું જોઈએ છે ? તે તમને કહું, તે આટલાં મોટાં મોટાં બિલ્ડિંગો બાંધીને, કરોડો રૂપિયા ખર્ચીને પણ મળતું નથી. એ દુઃખની વાત

છે. તેથી રડવાનું હોય તો સમર્થ માણસ પાસે રડવાનું. તમે બધા સમર્થ છો, શક્તિશાળી છો. કરી શકો એવી રીતના છો. શ્રીમાન છો, તેથી તમારી સામે કહું છું. આપી શકાય તો આપો. માણસની કરોડરજ્જુ ઊભી કરવાની હિંમત હોય તો કરો અને તેના માટે શું કરવું તેનો વિચાર કરો. આટલું જ બધાને કહું. અને મારૂં બોલવું પૂરું કરૂં સર્વેને નમસ્કાર !

શાસ્ત્રીમેદાનમાં આપેલું પ્રવચન

વસુદેવ સુતં દેવં, કંસ, ચાણૂર મર્દનમ્ દેવકી પરમાનંદમ્ કૃષ્ણં વંદે જગત્ ગુરુમ્।

આજે વિદ્યાનગરના પ્રાંગણમાં આપણે ભેગા થયા છીએ. હું કહી કહીને બીજું શું કહેવાનો છું, છતાં, લોકો હું કંઈ કહું એટલા માટે આવ્યા છે. પણ હું એક જ વાત કહેવાનો છું અને તે એ કે ગીતા ઉપાડો. એટલું જ કહીશ. બીજું શું કહેવાનું હોય? અને ગીતા પરિપૂર્ણ છે તેથી બીજું ઉપાડો એમ કહેવાનું કારણ શું? તેથી કહું છું, ગીતા ઉપાડો. ગીતા એ જીવનગ્રંથ છે. ગીતામાં કયાંય ક્રિયાંકાંડ નથી. એકાદશીના ઉપવાસમાં શું ખાવું, તે ગીતામાં કીધું નથી. કાં તો શંકષ્ટી ચોથનું ઉદ્યાપન કેવી રીતે કરવાનું એ ગીતામાં કીધું નથી. પણ ગીતા માનવી જીવનનું એક એક પાસું અજવાળે છે. ગીતા એ માનવ માત્ર માટે જીવન રાહ ચીંધેલો જીવનગ્રંથ છે. ધાર્મિક ગ્રંથ છે. પણ એ જ્યારે હું કહું છું. ત્યારે સ્પષ્ટતા કરું કે માનવ તરીકેનો જે ધર્મ છે, એ જ ધર્મ ફક્ત ગીતાએ કહ્યો છે.

એચ. જી. વેલ્સને જેમણે વાંચ્યો હશે, તેમને ખબર હશે, એચ. જી. વેલ્સનું એક સ્વપ્ન છે, અહીં બધા ભણેલા લોકોની વચ્ચે જ હું બેઠો છું, તેથી માનું છું કે એચ. જી. વેલ્સ વાંચ્યો જ હશે. એચ. જી. વેલ્સનું એક સ્વપ્ન છે. એક દિવસ વન વર્લ્ડ ગર્વમેન્ટ થાય, તો માનવમાત્રને માર્ગદર્શન મળે એવો કોઈ ગ્રંથ છે ખરો? તો તેનો જવાબ છે હા, તે ગ્રંથ ગીતા છે, તેમ મારું કહેવું છે. તે ધાર્મિક ગ્રંથ છે એમ બોલતી વખતે હું શરમાતો નથી, કાં તો અચકાતો નથી. માનવ ને માનવ પાસે લઈ જનાર, જો કોઈ ગ્રંથ હશે તો તે ગીતા ગ્રંથ છે. આજે શું થયું છે, લોકો હું નેશનાલિસ્ટ છું એમ મિજાસથી કહે છે. હું સોશ્યાલિસ્ટ છું એમ અહંકારથી કહે છે. પણ હું ધાર્મિક છું એમ બોલતી વખતે માણસને જરા ક્ષોભ થાય છે. એટલું જ નહીં, પણ કોઈ આપણને ધાર્મિક કહે તો વાંદો

બલા ઉપર પડયા પછી જેમ આપણે ઝાટકી નાખીએ, તેવી રીતનો ફટ દઈને ઝાટકી નાંખીએ છીએ. આસ કરીને મારા જે જુવાન ભાઈઓ છે, અહીં બધા આવ્યા છે, તેમને જો કોઈ ભૂલેચૂકે ધાર્મિક કહે તો તેઓ વાંદો જેમ બલે પડી જાય ને ઝાટકી નાખે, તેમ ઝાટકી નાંખશે. તેનું કારણ છે. ધર્મ શબ્દ ઉચ્ચારતાં જ એમની સામે ચોટલી, ચંદન ઇત્યાદિ વાતો આવે છે. ધર્મ શબ્દનો ઉચ્ચાર આવતાં જ અંધશ્રદ્ધા, અકર્મણ્યતા, નિષ્ક્રિયતા વગેરે વાતો ઊભી થાય છે, જાણે કે ધર્મ, મસ્તકમાંથી ગયો, અને ચંદનમાં આવ્યો. ધર્મ, વિચારોમાંથી ગયો, જીવનમાંથી ગયો અને ચોટલીમાં પેઠો. તેથી ધાર્મિક શબ્દ બોલતાં માણસ ગભરાય છે. આટલું ગભરાઈ જવાનું કારણ નથી. માણસના વિકાસમાં જો કોઈએ મોટો ભાગ ભજવ્યો હશે તો તે ધર્મે ભજવ્યો છે. તેમાં બુદ્ધિશાળી લોકોને ના પાડવાનું કોઈ કારણ નથી. અહીં બધા બુદ્ધિશાળી લોકો જ ભેગા થયા છે. બુદ્ધિશાળી લોકોને હું આટલું જ પૂછું. એક બની ગયેલી ઘટના કહું એટલે ધ્યાનમાં આવશે.

હું દિલ્હી ગયો હતો. તે વખતે ફન્ડામેન્ટલ રાઇટ્સ ઉપર કેસ ચાલતો હતો. અને તે વખતે સુપ્રિમ કોર્ટમાં મોટા મોટા જજીઝ બેઠા હતા. ઓલ ઈન્ડિયા ફેઈમના મોટા મોટા સોલિસિટર હતા. એક દિવસ સાંભળવા હું પણ ગયો. પછી થોડા વકીલો, સોલિસિટરો ભેગા થયા તેમાંથી એક જણે એમ પૂછયું, 'દાદા તમે પણ ત્યાં આવ્યા છો તો ફન્ડામેન્ટલ રાઇટ્સ માટે તમારો શું મત છે?' મેં કહ્યું, 'પહેલાં મને એ કહો કે તમને ફન્ડામેન્ટલ રાઇટ આપ્યો કોણે?' એમણે કહ્યું કે 'કોન્સ્ટિટયુશને આપ્યો'. 'ધિસ ઇઝ રોંગ' મેં કહ્યું. 'મને જીવવાનો હક્ક છે તે પહેલો હક્ક આપ્યો કોણે? દુર્બળને પણ આ જગતમાં જીવવાનો હક્ક છે. સબળ તેને મારી શકતો નથી. માનવમાત્રને આ જગતમાં જીવવાનો હક્ક છે. પછી તે દુર્બળ હોય કે નિર્બળ પણ તું તેને મારી શકતો નથી. તારે જીવાડવા હોય તો જીવાડ, ને ન જીવાડવાનો હોય તો ન જીવાડ 'લીવ એન્ડ લેટ લીવ'. પણ તું તેને મારી શકતો નથી. જગતમાં આવી રીતનું પહેલું ધર્મે કહ્યું છે. કારણ કે સમાજમાં હંમેશાં 'એકસપર્ટ અને નોન-એકસપર્ટ' એમ બેનો ઝઘડો તો

ચાલ્યા જ કરવાનો છે. સમાજમાં કોઈ એક સબળ રહેવાનો અને બીજો દુર્બળ રહેવાનો. ત્યારે હું દુર્બળને શા માટે ન મારું? દુર્બળને શા માટે મારીને ન ખાઉં? એમ સૌ પ્રથમ કોઈએ તો કીધું હશે ને? જેમ સબળ એ ભગવાનનું ક્રીએશન છે. તો નિર્બળ પણ ભગવાનનું જ ક્રીએશન છે. એને જીવવાનો હક્ક છે. એને જીવવાનો ફન્ડામેન્ટલ રાઇટ જો કોઈએ આપ્યો હશે, તો તે ધર્મે આપ્યો છે, તે તમે કબૂલ કરો. તે કહેતાં શા માટે ડરો છો? આદિ માનવના કાળમાં પણ એક માનવ બીજા માનવને ખાતો હતો તે વખતે પણ પહેલો હક્ક ધર્મે જ આપ્યો છે, કે તું નિર્બળને મારી શકતો નથી. નિર્બળને આ જગતમાં જીવવાનો હક્ક છે. એમ ધર્મે પહેલું કહ્યું છે. તમે, બાયસ થાઓ નહીં, અને ધર્મને માટે તમે આ સ્વીકારો તો હું આગળ કહું અને તેમણે તે કબૂલ કર્યું. પછી મેં કહ્યું, 'જગતમાં કોઈ પણ ધર્મે રાઈટ ટુ પ્રોપર્ટી એ ફન્ડામેન્ટલ રાઇટ માન્યો નથી. રાઈટ ટુ પ્રોપર્ટી ઇઝ નોટ ચેાર ફન્ડામેન્ટલ રાઈટ.' હું આ બોલું છું તે સાંભળીને લોકો જરા ડરશે—પણ એનું કારણ છે. પ્રત્યેક ધર્મે દાન આપો, દાન આપો એમ કીધું છે; પછી તે ઈસ્લામ હોય કે ક્રિશ્ચ્યન હોય, હિન્દુ હોય, કે બીજો કોઈ હોય. બધાએ જ દાનનો મહિમા ગાયો છે. એનું કારણ જ આ છે કે તારી પાસે જે વધારે આવી ગયું છે તે તારું નથી. એ સંભાળી રાખવાનો તારો ફન્ડામેન્ટલ રાઈટ્સ નથી. રાઇટ ટુ પ્રોપર્ટી ઇઝ નોટ ચેાર ફન્ડામેન્ટલ રાઇટ એમ ધર્મે કહ્યું છે. મારે કહેવાનું તાત્પર્ય છે કે તમે ધાર્મિક બનતાં ડરો નહીં.

માનવને પહેલો ધર્મ શા માટે જોઈતો હતો? પછી ભલે તે ક્રિશ્ચ્યન હોય, હિન્દુ હોય, મુસ્લિમ હોય કે પારસી હોય, તે ગમે તે હોય. પણ માનવ જ્યારે વિકાસનો વિચાર કરે છે, જિજ્ઞાસાથી, ઇન્ટેલેકચ્યુઅલ લવ ટોવર્ડઝ ગોડ, એ રીતનો વિચાર કરવા બેસે છે ત્યારે તેને ખાત્રી થાય છે કે માનવને ઉપર લઈ જવાવાળો, મને ઉપર લઈ જવાવાળો મારો ધર્મ છે. તે કઈ ભાષામાં છે એ પ્રશ્ન નથી.

માણસમાં પહેલાં સ્વગૌરવ સ્થાપિત થવું જોઈએ. અસ્મિતા નિર્માણ થવી જોઈએ કે હું કાંઈક છું અને એ જો માણસના જીવનમાં ન હોય તો માણસ દુર્ગુણો જોડે ઝઘડી શકશે નહીં અને સગુણો ઉપાડી શકશે નહીં. સગુણો ઉપાડવાની તાકાત, કાં તો દુર્ગુણો જોડે ઝઘડવાની તાકાત માણસમાં લાવવાની હોય, તો માણસની અસ્મિતા જાગ્રત કરવી જોઈએ. તેથી જે અસ્મિતા જાગ્રત કરતો હોય તે ધર્મ છે. પછી ભલે તે ગમે તે ભાષામાં હોય. તે ગ્રીકમાં હોય, લેટિનમાં હોય, હિબ્રુમાં હોય કે સંસ્કૃતમાં હોય. જે માનવ વિકાસને માટે, માનવની અસ્મિતા જાગ્રત કરતો હોય તે ધર્મ. પણ કેવળ અસ્મિતા જાગ્રત થાય, તો માણસ રાક્ષસ બની જશે. તેથી ભાવ જાગ્રત પણ થવો જોઈએ. અને જે અસ્મિતા જાગૃતિ અને ભાવજાગૃતિ બંને કરે છે, તે ધર્મ છે તે ધર્મ કોઈ પણ ભાષામાં હશે તો પણ તે અમારો ધર્મ છે.

ધર્મે અસ્મિતા જાગૃત કરવી જ જોઈએ. મારી અસ્મિતાને જો ધર્મ તોડતો હોય તો તે ધર્મ મને નથી જોઈતો. અને અસ્મિતા એટલે શું? અસ્મિતા શબ્દમાં બે અર્થ આવે છે. હું કાંઈક છું, ને હું કાંઈક કરી શકું છું તેથી ધર્મ જો માનવને પાંગળો કરતો હોય કે તું કાંઈ કરી શકતો નથી, તારા હાથમાં કાંઈ નથી, ઉપરવાળાની આજ્ઞા થશે ત્યારે બધું થશે. તો તે ધર્મ શું કામનો? 'આઈ કેન ચેઈન્જ માય ડેસ્ટિની' આખું મારું લાઇફ બદલી શકું છું. 'કરાગ્રે વસતે લક્ષ્મીઃ કરમૂલે સરસ્વતી, કરમધ્યે તુ ગોવિંદઃ પ્રભાતે કર દર્શનમ્' તે મુજબ મારું જીવન હું બદલાવી શકું છું. તે માટે ટાઈમ લાગશે, ઝઝૂમવું પડશે. ઝઘડવું પડશે. પણ તેટલી શક્તિ માણસે ઉપાડવી જ જોઈએ. હું કાંઈક છું. આ પહેલી વાત માણસને લાગવી જ જોઈએ. ધર્મ જો તે ન કહેતો હોય તો તે ધર્મ નથી જોઈતો. પછી તે ગમે તે ભાષામાં હોય. સંસ્કૃતમાં હોય કે હિબ્રુમાં હોય. હું કાંઈક છું. માનવ જન્મ્યો છું તો મારે કાંઈક થવું છે. 'નર અપની કરની કરે તો નરકા નારાયણ હો જાય'. એ મને કોઈ કહેતો હશે મારા મગજમાં બેસાડતો હશે, તો તે ધર્મ મારો છે. અને ગીતાએ તે જ કીધું છે. વેદોએ તે જ કીધું છે. 'અહમ્ બ્રહ્માસ્મિ,' 'તત્ત્વમસિ શ્વેતકેતો' હું કાંઈ સામાન્ય નથી. તેનો તું

છે. તેને માટે તું છે અને તે જ તું છે હું તેનો છું. તેને માટે છું. યથાર્થ રૂપમાં તે જ છું એમ જે ધર્મે કહ્યું હશે તે ધર્મ મારો છે. હું આ કહું છું ત્યારે તમને ભણેલા લોકોને તે મશ્કરી જેવું લાગતું હશે કે ભગવાન અહીં બેઠા છે? અરે, ઘાસલેટ પણ અમને મળતું નથી. તે માટે લાઈનમાં ઊભા રહેવું પડે છે અને તમે વળી પ્રવચનમાં કહેવા લાગો છો કે ભગવાન મારામાં બેઠો છે! હું જ ભગવાન છું!

ફિલોસોફીમાં બે પઝલ્સ છે. એક બ્રહ્મનું માનુષીકરણ અને બીજું મનુષ્યનું બ્રહ્મીકરણ, આ બે વાતો છે. ફિલોસોફીમાં આ પઝલ્સ છે. અત્યારે એ પઝલ્સમાં હું જતો નથી. પણ સમજવા માટે તમને કહું કે આ મનુષ્ય સામાન્ય પામર જીવડો છે. અરે, જરા તડકો આવ્યો તો ગભરાઈ જાય છે. જરા ઠંડી પડે તો ધ્રૂજવા લાગે. અને વરસાદમાં જરા પલળી જાય તો ન્યુમોનિયા થાય. હાડકું જરા આમ કરીએ તો તૂટી જાય અને સંધાય નહીં. આવો તો દુબળો માનવ છે. બધા પ્રાણીમાત્રમાં જે કોઈ દુબળો હશે તો તે માનવ છે. ગાયનું વાછરડું જન્મ્યું કે ચાર પગે ઊભું રહે છે ને જાતે ચાલીને ગાયના આંચળને બાઝી જાય છે. પણ માણસના આ વાછરડાને ઊભો કરતાં દશ મહિના લાગે. અને પછી એક બીજાને મોઢે વર્ણન કરતાં હોય કે બાબો ચાલવા લાગ્યો. અરે, ગાયનો બાબો તો તે જ દિવસે ચાલવા લાગે છે! જ્યારે આવી રીતનું જ છે, કે માનવ આટલો દુબળો છે, તો તે માનવ મિજાસથી કહેતો રહ્યો છે કે મારામાં ભગવાન છે! ગીતા પણ કહે છે. 'सर्वस्य चाहम् हृदि संनिविष्टः।' ઋષિઓ પણ કહે છે કે માણસમાં ભગવાન બેઠો છે. તો સાચું શું?

આજે એક ફિલોસોફરે મને પ્રશ્ન પૂછ્યો કે ભગવાન જેવી અલૌકિક શક્તિ, યુનિવર્સ નિર્માણ કરવાવાળી શક્તિ, આ જે કોઈ ઠેકાણે વસતી હોય તો ચંદ્ર ઉપર વસે છે એમ કોઈ કહે તો તે સમજી શકાય; સૂર્ય ઉપર વસે છે કોઈ કહે, તો તે સમજી શકાય. સાગરમાં છે કહે તો તે સમજી શકાય. હિમાલયમાં ઉપર જઈને બેઠી છે, કહે તો તે સમજી શકાય પણ એક ક્ષુદ્ર, પામર, ઘાસતેલની

લાઇનમાં ઊભા રહીને પણ ઘાસતેલ મળતું નથી, એક બે છોકરાઓને નાના મોટા કરતાં કમર વાંકી થઈ જાય. આવા એ માનવની અંદર એ પ્રભુ આવીને બેઠો છે, એવું બોલવું એના જેવી નાલાયકી બીજી કઈ હોઈ શકે? માણસ પાસે શું છે? સૂર્યનું તેજ નથી. ચંદ્રની શીતલતા નથી. સાગરની ગંભીરતા નથી. હિમાલયનું સ્થૈર્ય નથી. ફૂલની સુગંધ નથી. તો પછી માણસ પાસે શું છે? કે જેથી ભગવાન અહીં આવીને બેસે? ત્યારે મેં કહ્યું, 'ભાઈ, તમે સમજ્યા નથી. ચંદ્ર પાસે શીતલતા છે, પણ તે કુદરતે આપેલી છે પણ માનવ પોતે શીતલ થઈ શકે છે. સૂર્ય પાસે તેજસ્વિતા છે, પણ તે કુદરતે આપેલી છે. પણ માણસ તેજસ્વી બની શકે છે. પર્વત પાસે સ્થૈર્ય છે. સ્થિરતા છે. પણ તે કુદરતે આપેલી છે. પણ માણસ સ્થિતપ્રજ્ઞ બની શકે છે. આ થઈ શકે છે, બની શકે છે. આ જે ઇચ્છા છે આ 'વિલ' છે, તે અફલાતૂન છે અને આ બની શકે છે, થઈ શકે છે એ જોઈને આ દેહની અંદર ભગવાન આવીને બેઠા છે. એમાં ક્રીએશન છે, ક્રીએટિવ એનર્જી, ક્રીએટિવ પાવર છે. આ બધા અહીં જુવાનિયાઓ ભેગા થયા છે. એ એક એટમ છે. એ એટમ ફૂટશે તો જગત સુધારી નાખશે અને જો અયોગ્ય રીતે ફૂટશે તો બગાડી પણ નાખશે. તે બંને કરી શકે. એમાં છે શું? ધારે તે કરી શકે.'

એક વેસ્ટર્ન ફિલોસોફરને એક ભાઈએ એક ચકલી મુઠીમાં બંધ રાખી પૂછયું કે 'આ હાથમાં જે ચકલી છે તે જીવતી છે કે મરેલી છે?' જો ફિલોસોફર જીવતી કહે તો તે ચકલીને મુઠીમાં દાબી મારી નાખે અને મરેલી કહે તો તે ચકલીને મુઠી ખોલીને ઉડાડી મૂકે અને કહે કે આ તો જીવતી છે. તેથી ફિલોસોફરે સુંદર જવાબ આપ્યો કે, 'તું ધારશે તેવું કરી શકશે.' માનવનું પણ એક્ઝેટલી તેવું જ છે. તે ધારે તેવું કરી શકશે.

અને આ ગુણ જોઈને ભગવાનને માનવમાં આવીને રહેવાનું મન થયું. તેથી કોઈ પણ ધર્મગ્રંથ મને જો ડરાવતો હોય મને જો કહેતો હોય કે તું કંઈ કરી શકતો નથી, તારા હાથમાં કંઈ નથી. તો તે ધર્મગ્રંથ મને જોઈતો નથી. તેથી હું કાંઈક છું અને હું કાંઈક કરી શકું છું. આ અસ્મિતા છે, અને આ અસ્મિતા જે ધર્મ

જાગૃત કરતો હશે તે ધર્મ આપણો. પછી ભલે ને તે કોઈ પણ ભાષામાં હશે. આજે અસ્મિતા જાગૃતિનો કાળ છે. કોમરેડશીપનો કાળ છે અને કોમરેડશીપના આ કાળમાં આપણે અસ્મિતા જાગૃત કરીએ છીએ. જૂના કાળમાં મજદૂર શેઠની કૃપાથી ખાતો હતો. પણ આજે મજદૂરની અસ્મિતા જાગૃત થઈ છે. આજે મજૂરને લાગે છે કે તે તેના પરસેવાનું ખાય છે. શેઠની કૃપાનું નથી ખાતો. અને આ કાળ જે બદલાતો જાય છે તે યોગ્ય જ છે. કોઈ પણ જીવાત્માનો આત્મા મારીને તેને જમાડો નહીં. એવો અમારા શાસ્ત્રમાં આદેશ છે. આ યોગ્ય જ છે. અસ્મિતા જાગૃતિના આ કાળમાં આજે સ્ત્રીને શિક્ષણ આપીએ છીએ. સ્ત્રીઓને શિક્ષણ આપ્યું એટલે શું કર્યું છે? 'કેટ' એટલે બિલાડી એ ગોખાવવું એટલે શિક્ષણ થયું? આ ભૂગોળ ખંડમાં જેને કૂતરો કહે છે તેને તે ભૂગોળ ખંડમાં ડોગ કહે છે. આવું કરવાથી શિક્ષણ નથી આવતું. તો તો ત્યાંનો ભેડૂત ભણેલો છે. જન્મ્યો ત્યારથી ભણેલો છે. તો પછી બહેનોના ભણતરથી શું થયું? બહેનોની અસ્મિતા જાગૃત થઈ છે. પચાસેક વર્ષ પહેલાંની બહેન, એ ધણીના પગની દાસી હતી પણ આજની બહેન તેની સખી બની છે. જૂના કાળની બહેન ધણીનો સંસાર કરતી હતી. અરે, ઘર બદલવાનું હોય તો કહે, 'તમને જે સારું લાગે તે લઈ લો. તમને ગમ્યું એટલે મને ગમ્યું.' પરંતુ, આજની ભણેલી સ્ત્રી પોતાનો સંસાર ધણીને મદદમાં લઈને કરે છે. જૂના કાળમાં ને આજના કાળમાં આટલો ફરક થયો છે. આજે સ્ત્રીની અસ્મિતા જાગૃત થઈ છે પણ એ અસ્મિતા જાગૃતિ જોડે જો ભાવ જાગૃતિ ન થાય તો? પતિ ઉપર પત્નીનો ભાવ જ ન થાય તો? અને આજના આ કોમરેડશીપના યુગમાં ફક્ત અસ્મિતા જાગૃતિ કરવામાં આવી છે. ભાવ જાગૃતિ કરવામાં આવી નથી. તેનાં દુષ્પરિણામો સમાજ ભોગવે છે.

આજે ફક્ત અસ્મિતા જાગૃતિ જ કરવામાં આવે છે. જે ઠેકાણેથી મને રોટલો મળે છે ત્યાં મને ભાવ જ રહ્યો નથી. તે મારું છે તેમ મને લાગતું નથી. તેના માટે ઘસાઈ જવાની મારી તૈયારી નથી. કારણ કે મારો તેના પર ભાવ નથી. કેવળ અસ્મિતા જાગૃતિ કરશો અને ભાવ જાગૃતિ ન કરશો તો માનવ રાક્ષસ થશે. આજે અસ્મિતા જાગૃતિ ઘણી થઈ છે. પણ ભાવ જાગૃતિ નથી થઈ. ભાવ જાગૃતિ

થવી જોઈએ. સ્ત્રીની જો અસ્મિતા જાગૃત થાય, અને સંસાર ઉપર ભાવ જ જાગૃત ન થાય તો બધાની જોડે ઝઘડતી જ રહેશે. અસ્મિતા જાગૃતિની જોડે, ભાવ જાગૃતિ થવી જોઈએ. કોઈ પણ ધર્મે જીવન ઉપર ભાવ ઊભો કર્યો છે? જે જે ધર્મે તે કર્યો હશે તે ધર્મ અમારો છે.

સૃષ્ટિ ઉપર ભાવ ઊભો કર્યો છે? આજે બધા કહેવાતા ધર્મો એમ જ કહે છે કે બધું માયા છે, મિથ્યા છે, ફેંકી દેવા જેવું છે. પરંતુ તે શાસ્ત્રીય નથી. શાસ્ત્રો ન પચવેલા લોકો એવું બોલે છે. વાસ્તવમાં, શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યે બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા કહ્યું છે. તે તેમની ભાવાનુભૂતિ છે. પરમોચ્ચ આનંદની અનુભૂતિ લીધા પછી બ્રહ્મનો આનંદ જ શ્રેષ્ઠ છે. તે જ આનંદ સત્ય છે અને તેની સરખામણીમાં જગતનો આનંદ તુચ્છ લાગવાનો. એનો અર્થ એવો નથી કે સંસાર મિથ્યા છે.

તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ પણ વિચારશું તો આ સૃષ્ટિ સતત બદલાતી રહી છે. અને જે સતત બદલાતું હોય તે સત્ય કેમ હોઈ શકે? તેથી સત્ય ન બદલનારું, કેવળ ઈશતત્ત્વ, બ્રહ્મ છે.

પરંતુ, શાસ્ત્રોના અર્થ અને ભાવાર્થ સમજ્યા વગર બોલે રાખે–બધું અસાર છે. મિથ્યા છે વગેરે વગેરે... સૃષ્ટિમાં ભગવાનનો વાસ છે. તેથી તેના ઉપર ભાવ નિર્માણ થવો જ જોઈએ અને ગીતાએ આ કાર્ય કર્યું છે. ગીતાએ શું કર્યું? ભાવ જાગૃતિ કરી, વૃક્ષ વનસ્પતિ ઉપર પણ પ્રેમ કરવાનું શિક્ષણ આપ્યું. આખો દશમો અધ્યાય વાંચશો તો ખબર પડશે. પ્રાણી ઉપર પ્રેમ, યુનિવર્સ ઉપર પ્રેમ, બધા ઉપર પ્રેમ કરવાનું શિક્ષણ ગીતાએ આપ્યું છે. એટલું જ નહિ. નોટ ઓન્લી લવ બટ, રેવરન્સ ફોર ઓલ ક્રીએશન એમ કહ્યું છે. જે ધર્મ અસ્મિતા જાગૃતિ અને ભાવ જાગૃતિ કરતો હશે તે ધર્મ પછી લેટિનમાં હોય કે કોઈ પણ ભાષામાં હોય તો તે અમને સ્વીકાર્ય છે અને તે દૃષ્ટિથી કહું છું કે ગીતા ધાર્મિક ગ્રંથ છે. માનવ વિકાસને માટે આવશ્યક છે. તેથી ગીતા જ ઉપાડો.

કોઈને થશે કે કોમરેડશીપના આ યુગમાં તમે ગીતા ઉપાડો એમ શું કહો છો? આ કોમરેડશીપનો જમાનો છે એટલે કે સમતા-

વાદનો જમાનો છે અને સમતાવાદમાં ગીતા જ ફક્ત ઉત્કૃષ્ટ કાર્ય કરી શકે તેમ છે, બીજું કોઈ નહીં. તે અલૌકિક સંપત્તિ આપણા હાથમાં છે. પણ તેનું થર્ડ કલાસ રૂપ આવી ગયું છે. લોકોમાં એવી સમજણ રૂઢ થઈ છે કે ગીતા એટલે મર્યા પછી વાંચવાનો ગ્રંથ. ગીતા એટલે ઘરડાએ વાંચવાનો ગ્રંથ, ઘરડા પણ નહીં, હવે તો ઘરડો શબ્દ પણ બોલતા નથી. એ જમાનો ચાલ્યો ગયો. ઘૈડો બોલે છે, ઘૈડો. ગીતા એ ઘૈડાએ વાંચવાનો ગ્રંથ છે. એવી સમજણ આવી ગઈ અને આવા ઘરડા નિષ્પ્રાણ લોકો ગીતા વાંચે તેમાં શું વળે ? આજે અહીં આવેલા બધા મારા યુવાન ભાઈઓ છે. એવી જ રીતનો બધો ભણેલો વર્ગ છે અને તેમની સામે હું ગીતા લઈને બેઠો છું. કેટલું વિષમવાદી છે નહીં ? પણ જ્યારે આટલી સંખ્યામાં લોકો આવીને બેઠા છે ત્યારે લોકોમાં રામ જાગૃત થતો જાય છે તેમ સ્પષ્ટ દેખાય છે. એને કાંઈક જોઈએ છે, ત્યારે હું કહું છું કે સમતાવાદની બેઠકમાં જ ગીતા છે. પણ લોકોને તેની ખબર જ નથી.

કરોડો રૂપિયાની દોલત આપણી પાસે છે. પણ તેની વેલ્યુ આપણને ખબર નથી પડતી. કારણ કે તેનું મૂલ્યાંકન પ્રાઈસમાં આવી ગયું છે. અહીં કોઈ ઇકોનોમિકસના વિદ્યાર્થી હશે તો તેમને ખબર હશે કે પ્રાઈસ અને વેલ્યુ એ શબ્દોમાં ફરક છે. ગીતાની પ્રાઈસ પૂછો તો કાંઈ જ નથી. પણ ગીતાની વેલ્યુ બહુ જ મોટી છે. જે વસ્તુની વેલ્યુ માનીએ તે પ્રાઈસમાં ન ગણાય. ઘણી વાતો એવી છે કે જેની પ્રાઈસ જ ન થાય અને ગીતા તેમાંની એક વાત છે કે જેનું મૂલ્ય (પ્રાઈસ) થઈ જ ન શકે. તમે ભણેલા લોકો છો અને સમતાવાદની વાત નીકળી છે તો કહું. સને ૧૮૪૮માં કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો તૈયાર થઈ ગયો, તેણે સમતાવાદની રચના કરી. ૧૮૪૮માં પણ જે કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો થયો. થોમસ ગ્રીવ જેવા તત્ત્વચિંતકો અને સીનેકા બોલ જેવા આધ્યાત્મિક લોકો તેની પછવાડે હતા. પરંતુ સમતાવાદમાં પણ આ લોકોએ ફક્ત તેની એક જ આર્થિક સાઈડ જ સ્વીકારી છે. પણ તે કેમ ચાલે ? સમતાવાદ એ માણસનો દૃષ્ટિકોણ છે. તમે કહો કે ફક્ત આર્થિક દૃષ્ટિકોણ લઈએ અગર તે ન લઈએ તો કેમ ચાલે ? તે તો ફક્ત જીવનનો વનફોર્થ ભાગ થયો. થ્રી ફોર્થ ભાગનો વિચાર તો બાકી જ રહ્યો. તેથી ફક્ત આર્થિક વિચાર લઈને ન ચાલે.

સમતાવાદમાં પહેલો કોઈ પ્રશ્ન આવતો હોય તો તે માણસને પોતાનું ગૌરવ લાગવું જોઈએ. આત્મગૌરવ લાગવું જોઈએ. હું કાંઈક છું ગમે તેનાથી ગમે તે રીતે દોરાઈ જઈશ, તેવો હું નથી. હું કાંઈ ઘેટું-બકરું નથી. હું માણસ છું મને કોઈ વેચાતો લઈ ન શકે અને આ ગૌરવ આવે તો જ સમતાવાદનો કાંઈ અર્થ છે. આજે માણસો વેચાતા લેવાય છે, વેચાતા. યુ કેન પરચેઇઝ એનીબડી.–ભણેલા, અભણ બધા જ, નાના મોટા વેચાતા લઈ શકાય છે. એકાદ ગામનો માણસ જેમ પરચેઇઝ કરી શકાય તેમ ડિસ્ટ્રિકટનો પણ પરચેઝ કરી શકાય છે. યુ કેન પરચેઝ એનીબડી, જેને પોતાની બેઠક જ નથી તે માણસ સમતાવાદને યોગ્ય જ નથી. સમતાવાદની ભાવના આવતાં, 'યુ કાન્ટ પરચેઝ' એ વૃત્તિ આવવી જોઈએ. તો સમતાવાદનો કાંઈ અર્થ છે. એના માટે મહેનત થઈ છે ? પ્રત્યેકે એ પ્રશ્ન પૂછવો જોઈએ. સમતાવાદમાં પ્રત્યેકે તે વિચાર કરવો જોઈએ કે હું જેમ છું તેમ બીજો છે. એ પ્રથમ વાત હોવી જોઈએ. બીજા તરફ તમે કઈ નજરે જુઓ છો એ સમતાવાદમાં માનનાર તમને કોઈ કહે છે ? બીજા તરફ કઈ દૃષ્ટિથી જુઓ છો, એ મહત્ત્વની વાત છે. બીજો આવ્યો, એટલે તે કાં તો નાનો હશે, કાં તો મોટો હશે, અને કાં તો સરખો હશે. ફક્ત ત્રણ જ વાત હોય છે. ચોથી વાત હોઈ શકતી જ નથી. બીજાને નાનો સમજશો, તો તમારામાં સુપીરિયારિટી કોમ્પ્લેક્ષ આવશે. ગુરુતાગ્રંથિ આવશે. અને બીજાને મોટો સમજશો તો તમારામાં ઇન્ફીરિયારિટી કોમ્પ્લેક્ષ આવશે. આ બંને વાતો અનાધ્યાત્મિક છે. અને બીજાને સરખો સમજશો તો તેના માટે લાપરવાહ થશો. બીજા તરફ કઈ નજરે જોવું એ આજની મોટી વૈશ્વિક સમસ્યા છે. અને આ સમસ્યા, ફક્ત ગીતા જ હલ કરી શકે છે. હું બધા મારા જુવાન ભાઈઓને કહું, બધા ભણેલા લોકોને કહું, કે બુદ્ધિ જાગૃત રાખીને, વિચાર કરીને આ ગ્રંથ ઉપાડો વિશ્વના ચિંતકોને હજુ બીજો કોઈ રસ્તો જડ્યો નથી. વેસ્ટર્ન થિંકર્સ બીજા તરફ ફક્ત આ ત્રણ દૃષ્ટિથી જ જુએ છે. તેમને હજુ બીજા તરફ જોવાની, આ સિવાય બીજી દૃષ્ટિ નથી મળી. અને આપણે બધા બકરા જેવા છીએ. ગ્લાઇન્ડ લેમ્બ્સ અને આપણે ત્યાંથી બીજું કાંઈ મળ્યું નથી તેથી બીજો કોઈ વિચાર ઉપાડતા નથી. હું પાશ્ચાત્યોનો વિરોધી નથી.

ત્યાંના ઘણા લોકો મારા મિત્રો છે. આત્મીયજનો પણ છે. એટલે ત્યાંના લોકો જોડે મારો વિરોધ નથી. પણ આપણે આપણી બુદ્ધિ ગીરો રાખીને કેમ ચાલીએ છીએ ?

બીજા તરફ જોવાના વેસ્ટર્ન થિંકર્સને આ ત્રણ જ રસ્તા મળ્યા છે. એક ફ્રેન્ડશીપ ફોર પ્રોફિટ, બીજો ફ્રેન્ડશીપ ફોર પ્લેજર અને ત્રીજો ફ્રેન્ડશીપ ફોર પ્રિન્સિપલ્સ. તે સિવાય તેમને ચોથો રસ્તો મળતો નથી અને મારી દૃષ્ટિએ આ ત્રણે ત્રણ રસ્તા ખોટા છે. મારી દૃષ્ટિથી આટલું જ માનનાર, કોઈ પણ માણસ બુદ્ધિમાન નથી. બીજા જોડે જે સંબંધ છે, તેને આપણે ફ્રેન્ડશીપ કહીએ. તો હું બીજા જોડે પ્રોફિટ હોય તો જ સંબંધ સંભવી શકે. પ્રોફિટ વગર સંબંધ જ ન બંધાય ? ત્યારે તો તમને સવાલ થશે કે દાદા અહીં શા માટે આવ્યા ? 'સંભાવના' મળવાની હશે. તેથી આવ્યા હશે. પણ અમને તો ન લોટ જોઈએ, ન વોટ જોઈએ, ન નોટ જોઈએ. તો પછી આવ્યા શા માટે ? એટલે કે ફાયદા વગર માણસ કાંઈ કરે જ નહીં. એ સમજણ એટલે ફ્રેન્ડશીપ ફોર પ્રોફિટ ગણાય. અને આ રીતનો માણસ, માણસ જોડે ફાયદાથી સંબંધ બાંધે, એ કાંઈ ઉન્નત માણસનું લક્ષણ ન કહેવાય. જેની પાસેથી મને ફાયદો થશે તેની જોડે જ હું સંબંધ બાંધીશ. આ કંઈ ઉન્નત માણસનું લક્ષણ કહેવાય ?

બીજો સંબંધ ફ્રેન્ડશીપ ફોર પ્લેજર્સ છે. દાખલા તરીકે રમવા માટે બીજો માણસ જોઈએ. એ રીતના સંબંધમાં પણ બહુ માનવતા નથી. હું ઘણી વખત દૃષ્ટાંત આપું છું. તમારા મારા જીવનમાં બનેલી વાત કરું છું. નવી વાત નથી કહેતો. એક ક્લબમાં ચાર જણા બ્રીજ રમવા બેઠા, બ્રીજ રમવાનાં કાર્ડ અપાતાં હતાં એટલામાં એક ભાઈ કહે, 'અરે ભાઈ, તમને ખબર છે? પેલા છગનભાઈ, રોજ ક્લબમાં આવતા હતા. તે ગુજરી ગયા. સવારે હાર્ટફેઇલ થયું ને ગુજરી ગયા. વીસ વરસથી ક્લબમાં આવતા હતા. બહુ સારા હતા. બહુ સજ્જન હતા.' બીજાએ પૂછ્યું. 'શું તેમનું હાર્ટ ફેઈલ થયું ? ગુજરી ગયા ? અરર...બહુ ખરાબ થયું.' અને તરત કહેશે— 'પાનાં વહેંચો' વીથ નો રીગરેટ્સ–અને પાના વહેંચાય. સાથી આવે ત્યાં સુધી ઠીક છે. મનોરંજન મળે અને ગયો તો ભલે ગયો.

ત્રીજો સંબંધ છે ફ્રેન્ડશીપ ફોર પ્રિન્સિપલ્સ. આમાં રુક્ષતા છે. વેસ્ટર્ન થિંકર્સને ચોથો રસ્તો મળ્યો જ નથી પણ ગીતાને તે મળ્યો છે. અને તે એટલે ફ્રેન્ડશીપ ફોર ડિવોશન. મારી અને તમારી આત્મીયતા શા માટે ? આપણે એક જ પિતાના સંતાન છીએ ગીતા તમારું અને મારું સગપણ દેખાડે છે. સમતાવાદની પાયાની બે વાતો ગીતાએ સમજાવી છે. એક, તું કાંઈક છે અને તારું બીજા જોડે સગપણ છે અને એ બે વાતો જો દૃઢ થાય તો જ સમતાવાદ સ્થિર થાય. સમતાવાદની આ બે વાતો, બૌદ્ધિક અને આધ્યાત્મિક જ્યાં સુધી ઉપાડતા નથી. ત્યાં સુધી ગમે તેટલા કાયદા કરો, ગમે તેટલી પાર્લામેન્ટો બદલાવો, સમતાવાદ નહીં આવે. સમતાવાદ માણસના બોળિયામાં ઊભો થવો જોઈએ. અથવા તેના માટે યથાર્થ પરિશ્રમ કરવો પડે. એકાદ દાયકો કરીને તે નથી થવાનો. સમતાવાદ કાયદો કરીને ન થાય. જે દિવસે મને એમ લાગે કે મારામાં ભગવાન છે તે દિવસે મારી શીકલ બદલાઈ જશે. મારો મિજાજ કાંઈ જુદો જ હશે. પછી હું તમારી ટૂંક પકડીશ નહીં. કેમ કે મારી જોડે મારો પ્રભુ બેઠો છે. હું શા માટે કોઈની ટૂંક પકડું ? આ વિચારથી માણસની અસ્મિતા જાગ્રત થશે. આરબ દેશમાં નસખાન કરીને એક રાજા થઈ ગયો. નસખાનના દરબારમાં એક ગરીબ આરબ મળવા આવવા માંગતો હતો. આરબે દરવાનને કહ્યું કે મારે અંદર જવું છે. ફાટેલાં કપડાં હતાં, તેને કોણ અંદર દાખલ કરે? કોઈએ અંદર જવા દીધો નહીં. ત્યારે તેણે ચિઠ્ઠી લખી કે જહાંપનાહ, હું એક દુર્બળ, ક્ષુદ્ર આરબ આપને મળવા માગું છું. ચિઠ્ઠી આવતાં જ નસખાને એને બોલાવ્યો. કેમકે રાજા લોકો મોટા દિલના અને સારા પણ હોય છે. રાજાની પાસે આવીને આરબ ઊભો રહ્યો ત્યારે આરબને પૂછ્યું, 'તું કોણ છે?' ત્યારે તે કહે, 'હું સૃષ્ટિનો મહાન આરબ છું.' ત્યારે નસખાને કહ્યું, 'તો શું પાંચ મિનિટ પહેલાં તેં લખી મોકલ્યું હતું તે ખોટું હતું ? તેં લખ્યું હતું કે તું દુર્બળો, ક્ષુદ્ર આરબ છે. અને અહીં આવ્યા પછી તું ફૂંફાડો કરવા લાગ્યો !' આરબ કહે, 'વાત બરાબર છે. જહાંપનાહ, જ્યાં સુધી હું તમારાથી આઘો હતો ત્યાં સુધી હું એક ક્ષુદ્ર આરબ હતો પણ જે ક્ષણે તમારી પાસે આવીને ઊભો રહ્યો તે ક્ષણે જગતમાંનો મહાન આરબ હું થઈ ગયો. તેવી રીતે જ્યાં સુધી આકાશમાં ભગવાન હતા ત્યાં સુધી હું

ક્ષુદ્ર હોઈ શકું છું પણ ભગવાન મારામાં આવીને વસ્યા છે તેની જે દિવસે મને ખબર પડી તે દિવસથી મને લાગ્યું કે આય એમ ધી ફર્સ્ટ સિટિઝન ઓફ ધિસ યુનિવર્સ.' માણસની અસ્મિતા જાગૃત થાય તો માણસ દુર્ગુણોથી બચે અને આ સમતાવાદમાં એની ખાસ જરૂરિયાત છે. આપણે સમતાની ભાષા બોલીએ છીએ પણ ક્યાંય સમતા દેખાય છે? કોઈ પણ પૈસાથી વેચાતો લઈ શકાય એવી 'ડેમોક્રસી', 'ડેમોક્રસી' શાની કહેવાય? 'યુ કેન પરચેઝ એનીબડી'. પરચેઝ થઈ ન શકે એ સ્થિતિમાં માણસ આવવો જોઈએ. જ્યાં સુધી માણસ આ સ્થિતિમાં આવતો નથી ત્યાં સુધી એજ્યુકેશન બોટું છે અને તેથી જ તો આજે ઊલટા એજ્યુકેટેડ માણસો જ 'પરચેઝ' થાય છે. કારણ કે તે શ્રદ્ધાશૂન્ય છે. તેથી 'પરચેઝ' થાય છે અને જે માણસ વેચાઈ જાય છે, જે માણસ પોતાનું શરીર અને બુદ્ધિ વેચે છે તે 'વર્સ ધેન એ પ્રોસ્ટિટયૂટ' છે. એમ માણસને લાગવું જોઈએ. તો સમતાવાદનો કાંઈ અર્થ છે. સમતાવાદમાં આ વિચાર લાવવો જરૂરી છે.

હું કંઈક છું તે જ રીતે બીજો પણ કાંઈક છે. હું બીજાને હલકો ન સમજીશ. આ સમજણ લાવવી એ આધ્યાત્મિક વાત છે. 'ફ્રેન્ડશીપ ફોર ડિવોશન' એ ભાવ કેમ થાય તે માટે સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી છે. બને ત્યાં સુધી એને હું સાથ આપીશ. સાથ ન આપી શકું તો એના આત્માને મારીશ તો નહીં જ, એ ભાવ ઊભો કરવો જરૂરી છે. તમે બીજા તરફ કઈ નજરે જોશો? દયાની નજરે કે કૃપાની નજરે? ઘણા કહે છે કે ગરીબ ઉપર દયાનો ભાવ રાખો. પણ સવાલ એ છે કે દયા કરવાવાળો તું કોણ? ભિખારી પણ તારું શું ખાય છે? મહારાષ્ટ્રના એક સંતે મિજાજમાં કહ્યું છે: 'આમ્હી કાય કુણાચે ખાતો, શ્રી રામ આમ્હાલા દેતો' મદદ કરવાવાળો તું કોણ? રાહત આપવી, મદદ કરવી વગેરેમાં પરિવર્તન લાવવા માટે વૈચારિક બદલ આવવો જોઈએ. આજનો સમતાવાદનો કાળ પરિવર્તન માંગે છે. ગરીબોને મદદ નથી જોઈતી, તેને ગરીબ, ક્ષુદ્ર, દુર્બળ ઠરાવીને મદદ ન કર. તેને લાચાર, બિચારો, બાપડો ન બનાવ. તું તારા દિકરાની ફી આપે છે તેમાં મોટું પુણ્યકારક કામ કરે છે તેવું માનવાને કોઈ કારણ નથી. કાં તો તેને ફાંકો નથી

આવતો કે મેં મારા દીકરાની ફી ભરી છે. પણ ભાણાની ફી ભરી હોય તો ? તમારું જ મન તમે તપાસી જુઓ—કેવું હોય છે ? શું ફરક પડયો. આ આધ્યાત્મિક ફરક છે. મને એક ભાઈએ મશ્કરીમાં કહ્યું 'દાદા, આજે જમાનો ફાસ્ટ ચેઇન્જ—બદલ માંગે છે.' પણ આજે મારા જુવાન ભાઈઓને અને બધા ભણેલાને કહું છું કે યોગ્ય રીતે 'ચેઇન્જ' નહીં કરીશું તો કાળના પેટમાં ફેંકાઈ જઈશું. ભગવાનના દરબારમાં ગુનેગાર થઈશું—'મીસયુઝ કરેલી ઇન્ટેલેકટ' નો પ્રત્યેકે જવાબ આપવો પડશે.

તમે સો વર્ષના કાળનો વિચાર કરશો તો જણાશે કે સો વર્ષના કાળમાં દયા-કરુણા પરોપકાર વગેરે શબ્દો એક યા બીજી રીતે પ્રચલિત થતા ગયા છે. કોઈ વખત, કેટલાક મહાપુરુષો કહે કે તું પરોપકાર કર. પછી પચાસેક વર્ષ પછી એકાદ સંત મહાત્મા નીકળે, ને કહે કે પરોપકારમાં રુક્ષતા બહુ છે, 'ડ્રાયનેસ' છે, તેથી તું દયા કર. 'દયા ધર્મકા મૂલ હૈ' ત્યાર પછી બીજાં પચાસ સો વર્ષ પછી વળી બીજા એકાદ સંત નીકળે ને કહે કે દયા બયા નહીં, તું કરુણા કર. કારણ કે દયા કરતા કરુણામાં આત્મીયતા છે. આ શબ્દો બદલાતા જાય છે, પણ તેમાં જે અનુસ્યૂત ભાવના છે તે કાયમ છે અને તે ભાવના બદલવાનો પ્રયત્ન ગીતા કરે છે.

એક ભાઈએ મને કહેલું કે 'દાદા, મારી પાસે આ ચપ્પુ છે, તે પચીસ વર્ષથી છે.' 'શું કહે છે!' મેં આશ્ચર્ય વ્યકત કરતા કહ્યું, પચ્ચીસ વર્ષથી તું ચપ્પુ સંભાળે છે! કમાલ કહેવાય!' 'દાદા પચ્ચીસ વર્ષથી મારી પાસે તે જ ચપ્પુ છે. ફકત દશ વખત તેની મૂઠ બદલાવી છે અને પંદર વખત તેનું પાનું બદલાવ્યું છે. ચપ્પુ તે જ છે.' મને હસવું આવ્યું. તે જ ચપ્પુ કેવી રીતનું થયું? દશ વખત મૂઠ બદલાવી હોય અને પંદર વખત પાનું બદલાવ્યું હોય તો તે જ ચપ્પુ કેવી રીતે કહેવાય? થોડો વિચાર કર્યા પછી મને લાગ્યું કે તેની આ વાત બરાબર છે. મૂઠ, પાનું એ બધું બદલાઈ ગયું તો ખરું, ચપ્પુનો જે ધર્મ છે-કાપવાનો, તે તો કાયમ જ છે. તે જ રીતે કૃપા, દયા, કરુણા, પરોપકાર જુદા જુદા શબ્દો વાપરો, પરંતુ તેમાં જે અનુસ્યૂત ભાવના છે કે તું હલકો છે, ક્ષુદ્ર છે,

તું દુર્બળ છે અને તને હું મદદ કરું છું. તે ભાવ તો કાયમ છે. ગીતાને આ બધા જ શબ્દો અમાન્ય છે. સમતાવાદમાં પણ આ અમાન્ય છે. ગીતા કહે છે. "આત્મૌપમ્યેન સર્વત્ર સમં પશ્યતિ યોઽર્જુન" (૬.૩૨) આત્મૌપમ્યેન બુદ્ધિથી તું ત્યાગ કર. જે બીજાને આપવાનું હશે તે આત્મૌપમ્ય બુદ્ધિથી આપ, એમ ગીતાએ કહ્યું છે. અને જો આ રીતે આપવાની વૈચારિક બેઠક નહીં બદલાય તો સમતાવાદ કોઈ દિવસ નહીં આવે.

સમતાવાદમાં બીજાને પોતાનો બનાવવાનો છે. તેથી બીજા તરફ કઈ નજરે જોવું એ મોટો પ્રશ્ન છે. જ્યાં સુધી બીજાને હું બીજો સમજતો હોઉં ત્યાં સુધી સમતાવાદ શક્ય નથી. આ એક મોટું 'પઝલ' છે. અને તે પઝલ-કોયડો છોડ્યા વગર સમતાવાદ આવવો શક્ય નથી. સમતાવાદનાં બણગાં ફૂંકીને સમતાવાદ ન આવે. કાયદાથી તે ન આવે. પાર્લામેન્ટમાં ઠરાવ પસાર કરીને ન આવે. કાં તો કોંગ્રેસ યુગ છે, એમ બોલીને પણ ન આવે. તેને માટે વ્યવસ્થિત-બરાબર વિચાર કરીને પગલું ભરવું જોઈએ અને શિક્ષિત, જુવાન વર્ગ તે પગલું નહીં ભરે તો બીજું કોણ ભરવાનું છે? અને તે વર્ગ જો પોતાની શક્તિ ન વાપરે તો એના જેવો ગુનેગાર, પાપી બીજો કોણ છે? ઉપર પ્રભુના દરબારમાં જવાબ આપવો પડશે. 'આપી દીધેલું ઇન્ટેલેકટ' વાપર્યું કે નહીં? તેનો કાંઈ જવાબ છે? તેથી બીજા તરફ તમે કઈ નજરે જોશો એ મોટો પ્રશ્ન છે.

અમે જે સ્વાધ્યાય કરીએ છીએ તે શરૂ શરૂમાં લોકોના ધ્યાનમાં નથી આવતું. લોકોને લાગે કે આ એક નવો સંપ્રદાય નીકળ્યો કે શું? આ સંપ્રદાય નથી. અમે એક ભગવાનના દીકરા તરીકે સાથે બેસીને અભ્યાસ કરીએ છીએ. એક કલાક માટે આ આધ્યાત્મિક અભ્યાસ કરીએ છીએ. 'વી આર બ્રધર્સ' અમે તેના અભ્યાસી છીએ. 'સ્વાધ્યાય જ્ઞાન યજ્ઞાશ્ચ યતયઃ સંશિત વ્રતાઃ' (૪.૨૮) એમ ગીતાએ કહ્યું છે.

તત્ત્વજ્ઞાનમાં કોયડા હોવાના જ. ઉપનિષદ તમે વાંચ્યું હશે. તેમાં એક ઠેકાણે લખ્યું છે કે 'ન એકાકી રમતે' માણસ એકલો રહી શકતો નથી. ભગવાન પણ એકલો રહી શકતો નથી. તેથી તો

તેણે જગત નિર્માણ કર્યું છે. ઠીક છે. ત્યારે, બીજાને બોલાવો. બીજાને બોલાવશો તો ભય નિર્માણ થશે. ઉપનિષદનું જ બીજું વાક્ય છે. 'દ્વિતીયાદ્ વૈ ભયં ભવતિ' બીજો આવ્યો કે ડર આવ્યો. એ એક કઠિન સમસ્યા છે. એકલા રહી શકાતું નથી ને બીજો આવે તો ડર રહે છે. કરવું શું ? આ એક કઠણ સમસ્યા છે. આપને બની ગયેલી એક વાત કહું. હું રાત્રે બાર વાગ્યાની ટ્રેઇનમાં મુંબઈ જવાનો હતો. આખું ગામ મને મૂકવા આવ્યું. સ્ટેશને ઘણા યુવાનો મને મૂકવા આવ્યા હતા. તે દિવસે હું એકલો જતો હતો તેથી બધાએ મને કહ્યું કે 'દાદા, તમે એકલા જતા નહીં. અમે તમારી જોડે આવીશું. સવારે મુંબઈ પહોંચી જઈશું અને સવારે બીજી ટ્રેઇનમાં પાછા આવી જઈશું.' પણ મેં કહ્યું તમારે કોઈએ આવવાનું નથી. અર્ધો કલાકથી ચર્ચા ચાલતી હતી. હું એકલો જાઉં છું અને તેની સૌને વ્યથા હતી. તેથી મેં કીધું કે 'ભાઈ હું એકલો કયાં છું ? ભગવાન નથી મારી જોડે ?' તો કહે, 'ના. ના. એવી રીતનું નહીં ચાલે.' બધાએ વ્યથા વ્યક્ત કરી. એટલામાં ગાડી આવી. ગાડી આવતાં જ હું અંદર બેસી ગયો. અંદર બેસી ગયો ત્યારે પ્રૌઢ ઉંમરના એક ભાઈએ બારી પાસે આવીને હળવેથી મને કાનમાં કીધું કે 'દાદા બારી–બારણાં બંધ કરી દો, હોં' ? મેં કહ્યું કેમ ? તેમણે કહ્યું 'કોઈ ઘૂસી જશે.' ગાડી ઉપડયા પછી હું વિચાર કરવા લાગ્યો. હું એકલો જાઉં છું એની વ્યથા છે અને બીજો ઘૂસશે એનો ડર છે તો કરવું શું ? એનો અર્થ એટલો જ કે બીજાનું બીજાપણું કાઢી નાંખો. પારકાપણું કાઢી નાંખો. મને આ પારકો ન લાગવો જોઈએ. આપણે એક બીજાને પારકા સમજીએ છીએ. તે પારકાપણું જવું જોઈએ. બીજા તરફ કઈ નજરે જોશો તે ગીતા કહેશે, ભક્તિ કહેશે. આધ્યાત્મ કહેશે. તેથી કહું છું કે સમતાવાદનું પહેલું અંગ આ છે અને તે ગીતા સમજાવે છે.

સમતાવાદનું બીજું અંગ ગીતા સમજાવે છે અને તે 'જાતપાત રહિતતા' છે. સમતાવાદમાં બધા મનુષ્યો સરખા છે. ઊંચનીચના ભેદ નથી. બધા ભગવાનના દીકરાઓ છે અને આશ્ચર્યની વાત છે કે ગીતા જ એક એવો ગ્રંથ છે કે જે જાતિ વ્યવસ્થાનો આગ્રહ રાખવા વાળો છે ને છતાંયે જાતિભેદ માનતો નથી. 'ચાતુર્વર્ણ્યમ્ મયાસૃષ્ટમ્' જાતિ વ્યવસ્થાનો આગ્રહ રાખવાવાળી ગીતા જાતિભેદ માનતી નથી.

તેથી જ કહું કે કોઈક કોઈક વખત એમ લાગે છે કે અહીંની માટી માથા ઉપર લઈને નાચું, કે જ્યાં ગીતા નિર્માણ થઈ છે, જ્યાં ઋષિઓ અને સંતો નાચ્યા છે. વિશ્વની બધી માટી ઉપર હું ગયો છું. એટલું જ નહીં, એશિયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા બધા ખંડોમાં સ્વાધ્યાય ચાલે છે. પણ આ માટીમાં આવ્યા પછી કાંઈક વિશેષ લાગે છે. 'દુર્લભમ્ ભારતે જન્મ' એમ લાગે છે. ત્યાં પણ સ્વાધ્યાય કેન્દ્રો ચાલે છે. પણ કાંઈક ફરક લાગે છે. તે લોકો આપણા છે છતાં ફરક લાગે છે. એનું કારણ કે ગીતા જેવો એક અલૌકિક ગ્રંથ આ ભૂમિમાં પાકયો છે. એણે વર્ણવ્યવસ્થા કહી પણ વર્ણભેદ માન્યો નથી.

ગયા મહાયુધ્ધ વખતની વાત છે. ચર્ચિલ, રુઝવેલ્ટ અને સ્ટેલિન ત્રણ જણા સાથે બેઠા હતા. કેમ કે તે વખતે તે એક હતા. સાથી રાજ્યો હતા. ત્યારે પીતી વખતે એક બીજાનું વર્ણન કરતા હતા. વખાણ કરતાં કરતાં ચર્ચિલે કહ્યું 'હું ઈંગ્લેન્ડમાં જન્મ્યો છું એનું મને ગૌરવ છે. પણ ઈંગ્લેન્ડમાં મને જન્મ ન મળે તો હું ભગવાન પાસે અમેરિકામાં જન્મ માગત. કારણ કે અમેરિકા ઉદાર મતવાદી છે. રુઝવેલ્ટે કહ્યું કે હું અમેરિકામાં જન્મ્યો છું એ યોગ્ય જ છે. પણ મને જો ભગવાન પૂછત તો હું કહેત કે ઈંગ્લેન્ડ આટલો બુધ્ધિશાળી છે તેમાં મને જન્મ આપત તો બહુ સારું થાત. સ્ટેલિને કહયું કે મારો જન્મ રશિયામાં થયો તેનું મને ગૌરવ છે પણ ભૂલેચૂકે બીજા દેશમાં મારો જન્મ થાત તો મને લજ્જાસ્પદ લાગત. તેવી રીતનું આ 'દુર્લભમ્ ભારતે જન્મ' એવું લાગે છે. આ એક એવું તત્ત્વજ્ઞાન છે કે જે વર્ણવ્યવસ્થા માન્ય કરીને વર્ણભેદ માન્ય કરતું નથી. બધા સરખા 'શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શિનઃ।' (૫.૧૮) વસિષ્ઠને જે પદ મળે તે જ પદ ગોરા કુંભારને મળે ને તે જ સ્થાન સેના નાઈને પણ મળે. જીવનમાં ગુણો દેખાડો તેનું મહત્ત્વ છે. અહીં માનવ તરીકે જન્મ્યો છું. ઉપજીવિકાને માટે જે વર્ણ મળ્યો હશે તે વર્ણ લો. પણ તમે ગુણો દેખાડો. ક્વોલિટિઝ દેખાડો એ મહત્ત્વનું છે. ગુણો દેખાડવાનો આ કાળ આવતો જાય છે. ગીતાનો કાળ છે. તમે કયા વર્ણના છો, કઈ જાતિના છો તે ગીતા જોતી નથી. ભગવાન પણ જોતો નથી. પણ તમે કેવા છો એ ગીતા જુએ છે અને આ

જ બહુ મોટી વાત છે. બુદ્ધિથી તમે જોશો તો તમને લાગશે કે આ કાળ ઉપર ભગવાનની નજર છે. લોકોને એમ લાગતું જાય છે કે કાળ બગડતો જાય છે પણ વાસ્તવમાં તેવું નથી. સમાજમાં 'રેડિકલ' બદલ આવતો જાય છે. જીવનમાં મૂલ્યો બદલતાં જાય છે. બદલાતાં રહેલાં મૂલ્યોને આપણા શાસ્ત્રકારોએ કહ્યા મુજબ જરાક વળાંક આપવાની જરૂર છે.

એક વખત સાઉથ ગુજરાતમાંના શિક્ષકો સાથે બેસવાનો મોકો મળ્યો. તે શિક્ષકોએ મને કહ્યું કે 'દાદા, આજના કાળમાં શિક્ષકોની કોઈ કિંમત નથી. મેં કહ્યું 'કેમ?' તેમણે કહ્યું કે 'ટીચર્સ ડે' ઉજવે છે અને તે જ દિવસે અમને ભીખ માંગવા બહાર મોકલે છે. શિક્ષક ડેને દિવસે પૈસા માંગવા બહાર જવાનું! આ કેવું કહેવાય? શિક્ષકની કોઈ કિંમત જ રહી નથી. મેં કીધું ભાઈ! તમે વિચારશો તો જણાશે કે આ દેશમાં અને સમગ્ર વિશ્વમાં ફક્ત રૂપિયો જ 'ડીવેલ્યુ' થયો છે એવું નથી. બધા જ 'ડીવેલ્યુ' થયા છે. શિક્ષક પણ 'ડીવેલ્યુ' થયો છે. એક કાળે ડોકટરોની કેટલી મોટી કિંમત હતી! પણ આજે તેમને કોઈ કિંમત આપતું નથી. તમે ફોન કરીને કન્સલ્ટિંગ ડોકટરને કહો કે આવીને મને 'ચેક' કરી જાવ. મને ટાઈમ નથી. મારે ફેકટરીમાં જવું છે. એક કાળે વકીલોની કેટલી કિંમત હતી! વકીલ બન્યા પછી કાળો ઝભ્ભો પહેરીને જવાતું. આજે તેની કિંમત ઘટી ગઈ. અરે, આજની છોકરીઓ વકીલને પરણવા તૈયાર નથી. એક કાળે ગવર્નરની કેટલી મોટી કિંમત હતી! ગવર્નર આવવાના એટલે શું? શુંનું શું લાગતું. આજે ગવર્નરની કિંમત પાઈની થઈ ગઈ છે. એક કાળે મિનિસ્ટરની કેટલી કિંમત હતી! આ હા....હા...મિનિસ્ટર એટલે મિનિસ્ટર! લોકોને ભેગા કરવા હોય તો મિનિસ્ટરને બોલાવતા. પણ આજે મિનિસ્ટરની કિંમત પણ 'ડીવેલ્યુ' થઈ છે. લોકો ભેગા થવા ન જોઈતા હોય તો મિનિસ્ટરને બોલાવે. આજે બધા 'પ્રોફેશન્સ ડીવેલ્યુ' થયા છે. એક કાળે બ્રાહ્મણની કેટલી મોટી કિંમત હતી. બ્રાહ્મણ રસ્તા પરથી જતો હોય તો બધા આમન્યા રાખતા. અને આજે, હું બ્રાહ્મણ છું કહેતાં પણ લોકોને શરમ આવે છે. તેથી કહું છું, આજ સુધી તમે કઈ સ્થિતિમાં છો, કઈ જાતિમાં છો, કઈ મુરશી ઉપર છો

તેની તમને કિંમત મળતી હતી. પણ હવે તેવું નથી. એક કાળે શ્રીમંતને કિંમત મળતી હતી. અરે, આજે શ્રીમંત પણ શ્રીમંત કહેતાં ડરે છે કે હું શ્રીમંત છું. ભલે મનમાં સમજતો હોય કે તે શ્રીમંત છે. પણ બહાર બોલતો નથી. વખતે લોકોને ખબર પડે અને માંગવા આવે તો! આજ સુધી તમારું સ્ટેટસ, પૈસા, વગેરે જોઈ મોટાઈ મળતી હતી. પરંતુ હવે તે દિવસો ગયા છે. હવે એવો કાળ આવતો જાય છે કે ગુણો હશે તો જ મોટાઈ મળશે. તે સમય બહુ દૂર નથી. મેં શિક્ષકોને કહ્યું, 'તમે શિક્ષકની ખુરશીમાં બેઠા છો તેથી તમને મોટાઈ નહીં મળે. તમે ઉપજીવિકાને માટે ભલે ખુરશી લીધી હશે. પણ શિક્ષક તરીકે સાંજે વડલાના ઝાડ નીચે બેસો અને દશ લોકોને જીવનનો રસ્તો સમજાવો. પછી તમને મોટાઈ મળે છે કે નહીં તે જુઓ. મોટાઈ મળવી જ જોઈએ. કેમ ન મળે? ગુણ દેખાડો પછી મોટાઈ મળે.' ગીતા તે જ કહે છે: 'स्व कर्मणा तमभ्यर्च्य'. ધંધાકીય રીતે બધા જ સરખા છે. સમતાવાદના જરૂરી સિદ્ધાંતો ગીતાએ કહ્યા છે. તેથી સેના નાઈ, ગોરા કુંભાર કાં તો વસિષ્ઠ, એ બધાને તે એક જ રીતે તોલે છે. સમતાવાદની એ મોટામાં મોટી વાત છે.

સમતાવાદમાં ત્રીજી વાત છે પીડિતોને મદદ કરવી જોઈએ. પીડિતો આવે તેને મદદ કરવી જોઈએ, એ સમતાવાદનું ત્રીજું અંગ છે. જે જે પીડિત છે. આર્થિક રીતે પીડિત હોય તો તેને પણ મદદ કરવી જોઈએ. તેને માટે આજે બધા બૂમ બરાડા પાડયા જ કરે છે. આજે લોકોને જે આર્થિક મદદ અપાતી રહી તે મદદ આપનારા-કરનારા પ્રામાણિક હશે, કે કેવા હશે, તે તો ભગવાનના દરબારમાં ખબર પડશે. પણ જેમ આર્થિક પીડિત લોક હોય છે, તેમ લોકો બૌદ્ધિક પીડિત છે, માનસિક પીડિત છે, ભાવનાત્મક પીડિત પણ છે.

આજે માણસ પોતાની જાતને હલકી સમજતો જાય છે. દિનરાત હું એટલે કોણ? કોઈ નહીં, એમ સમજે છે. પણ તું કોઈ નહીં એમ શા માટે માને છે? આજે પ્રત્યેક માણસ પોતાના પ્રોફેશનને ગાળ ભાંડતો હોય છે. અમારા ધંધામાં કાંઈ છે જ નહીં—વકીલ

પોતાના છોકરાને વકીલ કરતો નથી પણ ડોકટર કરે છે, ડોકટર પોતાના છોકરાને ડોકટર નથી કરતો પણ એન્જિનિયર કરે છે. તેથી ગીતા કહે આ બૌદ્ધિક ક્ષુદ્રતા કાઢી નાખો. ક્ષુદ્રતા શા માટે રાખવાની? આજે હું શિક્ષક છું એનું શિક્ષકને ગૌરવ છે? (શિક્ષકનું નામ એટલા માટે દીધું કે મને શિક્ષક ઉપર પ્રેમ છે.) મિજાજથી કહોને કે હું શિક્ષક છું. પણ એકાદ કોઈ શિક્ષક હોય તો તે મિજાજથી કહેતો નથી અને ખાસ કરીને એના સસરા પક્ષના તેમનો જમાઈ શિક્ષક છે, તેમ કહેતાં ક્ષોભ અનુભવે છે. ટ્રેઈનમાં કોઈ મળી જાય ને પૂછો જમાઈરાજ શું કરે છે? જમાઈ માસ્તર છે એમ તે બોલશે નહીં. 'એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં છે.' એમ કહેશે. અરે, પોતાના ધંધાને શા માટે હલકો ગણો છો. જરા કોલર ઉપર કરીને કહોને કે હું માસ્તર છું. ગીતા એ વાત કહે છે. 'स्वेस्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः' (૧૮-૪૫) જે ઠેકાણેથી રોટલો મળે તે ઠેકાણે મિજાસથી કહો કે મને અહીંથી રોટલો મળે છે. શિક્ષકનું દ્રષ્ટાંત એટલા માટે લીધું કે બધી ગાડીઓ પેટ્રોલ ભરવાને માટે પેટ્રોલ પંપ ઉપર જાય. પણ પેટ્રોલ પંપમાં જ જો પેટ્રોલ નહીં હોય તો ગાડીમાં પેટ્રોલ કયાંથી ભરાય? તેવી જ રીતે સમાજની બધી ગાડીઓ, બધા છોકરાઓ પેટ્રોલ ભરવાને માટે શિક્ષક પાસે જાય છે અને એ જ જો નબળા હોય, અમે એટલે કયા ઝાડના પાલા? એમ રડતા બેઠા હોય તો તે શું કરવાના હતા? તેથી 'स्वेस्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः' ગીતા 'આઉટલુક' બદલે છે. જીવન તરફ જોવાનો આઉટલુક બદલવો જોઈએ, આજે બૌદ્ધિક દુઃખો ઘણાં છે. તે બદલવા જોઈએ પણ તે કોણ બદલાવશે? ધંધા તરફ જોવાનો દૃષ્ટિકોણ કોણ બદલાવશે?

હું જ્યારે પહેલ વહેલો મુંબઈમાં આવ્યો ત્યારે મને ઘણી વાતોની ખબર ન હતી. ઘણી વાતોની ખબર ન હોય આપણને. એક ભાઈ મને મળ્યા. એને મેં પૂછયું કે તું શું કરે છે? તેણે કહ્યું હું દલાલ છું. મને દલાલ એટલે ખબર ન હતી. મારા મગજમાં એવું હતું કે ગજવામાં પૈસો હોય એટલે દુકાનદાર પાસે જવાનું. પૈસા આપીને માલ લેવાનો. વચ્ચે વળી દલાલ શા માટે જોઈએ? પહેલાં ગામડાના માણસોને દલાલની ખબર ન હતી પણ હવે ખબર

પડવા લાગી છે. બાકી ગોળ જોઈએ તો દુકાનદાર પાસે જવાનું. પૈસા આપીને ગોળ લઈ લેવાનો. આ દલાલ નામની કઈ વ્યક્તિ છે, કઈ ચીજ છે તે જ ખબર ન હતી. તેથી મેં પૂછ્યું, 'દલાલ એટલે શું ?' 'શાસ્ત્રીજી તમને ખબર નથી, પણ દલાલનો ધંધો બહુ ખરાબ છે.' મેં કીધું, 'કેમ ?' 'દલાલનું જીવન જ ખરાબ.' 'પણ શા માટે ?' મેં પૂછ્યું એટલે એણે મને દુહો ગાઈ સંભળાવ્યો. " મુખ મીઠા, પગ ચુરચુરા, નિર્લજ્જા નર હોય, નાક કાટકે પીછે ઘરે ઉસસે દલાલી હોય." દલાલ એટલે કેવો ખબર છે ? 'મુખ મીઠા, પગ ચુરચુરા, નિર્લજ્જા નર હોય' તે સ્વીટ ટંગ રાખે, સામાવાળો ગાળ ભાંડે તો પણ એ શાંત રહે 'મુખ મીઠા, પગ ચુરચુરા' આખા બજારમાં દોડતો હોય કયાં માલ પડયો છે કેટલો છે અને કેવો છે. તેને બધી ખબર હોય. મુખ મીઠા, પગ ચુરચુરા, નિર્લજ્જા નર હોય' નિર્લજ્જ હોય. દલાલને શેઠ કહે કે આજે મને ટાઇમ નથી. આવતી કાલે આવો તો 'જી' કહીને બીજે દિવસે આવે. 'મુખ મીઠા, પગ ચુરચુરા, નિર્લજ્જા નર હોય, નાક કાટકે પીછે ઘરે ઉસસે દલાલી હોય' એટલે એ મેં ગોખી રાખ્યું.

ચાર – આઠ દિવસ પછી બીજો એક ભાઈ મળ્યો તેને મેં પૂછ્યું, તું શું કરે છે ? ત્યારે તેણે છાતી ઉંચી કરીને કહ્યું કે 'હું દલાલ છું.' આઠ દિવસ પહેલાં એક માણસ મળ્યો હતો તે નીચું માથું કરીને કહેતો હતો કે 'હું દલાલ છું' પણ આ તો માથું ઉપર કરીને બોલે છે. મેં કહ્યું, 'દલાલ એટલે મને ખબર છે.' એટલે મેં દુહો ગાઈ દેખાડયોઃ 'મુખ મીઠા, પગ ચુરચુરા, નિર્લજ્જા નર હોય, નાક કાટકે પીછે ઘરે ઉસસે દલાલી હોય.' ત્યારે તે કહે 'શાસ્ત્રીજી, તમે ખોટા માણસના સંબંધમાં આવ્યા લાગો છો. દલાલ એટલે તમને ખબર નથી.' એણે પછી બીજો દુહો કહ્યો. "દો ખોટે કો સચ્ચા કરના, પૈસા હક્ક હલાલીકા, દોનોં કો દુઃખસે છુડાના યે કામ હૈ દલાલોં કા" 'અમે સામાન્ય લોકો નથી. વેપારી અને ઘરાક બંને ખોટા છે. એક પચાસ રૂપિયામાં માલ વેચવા માગે છે અને બીજો ચાલીસ રૂપિયામાં લેવા માંગે છે. ચાલીસ વાળાને ખબર છે કે ચાલીસમાં માલ મળતો નથી. પચાસ વાળાને ખબર છે કે પચાસમાં માલ જતો નથી. તેથી હું 'દો ખોટે કો સચ્ચા કરના' એટલે કે પિસ્તાળીસ રૂપિયામાં સોદો પતાવી આપું છું. ' દો ખોટે કો સચ્ચા

કરના, પૈસા હક્ક હલાલીકા. દોનોં કો દુઃખસે છુડાના' એકને વેચવું છે અને એકને લેવું છે. બન્નેને દુઃખ છે. તેમાંથી તેમને છોડાવું છું. 'યહ કામ હૈ દલાલોં કા' વાહ રે વાહ ! હું ખુશ થઈ ગયો. અરે, આપણા ધંધા તરફ જરા ભિન્નજથી જુઓ. ભગવાને તે આપી દીધો છે અને જે ધંધાથી મને રોટલો મળે તે મારો ધંધો છે. તેના તરફ ગૌરવથી જુઓ. આ કહેવાવાળી ફક્ત ગીતા જ છે. ધંધો કોઈ જ નાનો હોતો નથી. 'સ્વેસ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ' એ ગીતા કહે છે. પણ આજે માણસની બૌદ્ધિક નબળાઈ છે. 'આઉટલુક' બદલવાની જરૂર છે. જરા ભિન્નજ બદલવાની જરૂર છે. જરા દુઃખ આવ્યું કે રડવા લાગે છે. કોણ તેનો દૃષ્ટિકોણ બદલશે ? દુઃખો તો આવવાનાં છે. એમાં શું છે ? 'પોઝિટિવ આઉટલુક ઓફ લાઈફ' એ કહેવાવાળો ગ્રંથ ગીતા છે અને તેથી ગીતા એ જીવનગ્રંથ છે. તેથી તે અમે હાથમાં લીધો છે. તે કાંઈ ઘડપણમાં વાંચવાનો ગ્રંથ નથી. મર્યા પછી વાંચવાનો ગ્રંથ નથી. તેનાથી તો આઉટલુક બદલાય છે. તેથી યુવાનીમાં તે હાથમાં લેવાનો ગ્રંથ છે.

એક બનેલી ઘટના છે. એક એક્સિડન્ટમાં બે લોકોની આંખ ગઈ. હોસ્પિટલમાં હું એમને મળવા ગયો. એક આંખ ગઈ હતી તે ભાઈ પાસે ગયો. ત્યારે તે રડવા લાગ્યો. એણે કહ્યું કે 'દાદા કયા જન્મારાનું પાપ હશે કે મારી આંખ ગઈ ?' આમ ખૂબ રડતો હતો. હું તેને સમજાવતો હતો, પણ જેની બંને આંખ સારી છે એવો હું એક આંખ ગયેલાને સમાધાન પણ શું આપું ? ત્યારે મેં એને કીધું, 'આ દુઃખદ વાત છે.' આમ તેમ બોલીને હું નીકળી આવ્યો. પાસે એક બીજો રૂમ હતો. ત્યાં ગયો. તેની પણ એક આંખ ગઈ હતી. મને લાગ્યું કે તે પણ રડતો હશે. તેથી મેં કહ્યું કે આંખ જાય એ ભયંકર વાત છે. ત્યારે તેણે કહ્યું, 'દાદા, શું ભગવાનની કૃપા છે ! મારી એક આંખ બચી ગઈ. એક આંખે તો બધું સારું જ દેખાય છે. ભગવાનની કૃપા છે. બંને જતે તો ?' બંનેની એક એક આંખ ગઈ હતી. એક જણ, આંખ ગઈ તેથી રડતો હતો અને બીજો, એક આંખ બચી તેથી આનંદિત હતો. જોવાનો 'આઉટલુક' એ મહત્ત્વની વાત છે. 'આઉટલુક' બદલશો નહીં તો જીવનમાં આવેલાં દુઃખો

કાઢી જ શકશો નહીં. અને આઉટલુક બદલવાની તાકાત ગીતા પાસે છે. બૌદ્ધિક પીડિત લોકોનો આઉટલુક બદલાવો.

તે જ રીતે લોકો માનસિક પીડિત છે, નબળા છે. તેમનું મન મરી ગયું છે. આજે આટલી મોટી મોટી શિક્ષણ સંસ્થાઓ ચાલે છે. પણ મન પાવરફુલ બને તે માટે કોઈ સંસ્થા પ્રયત્ન કરે છે? મા-બાપ બધાંને પાળે પોષે છે. દીકરાનું એકાદ રતલ વજન ઘટી જાય તો તરત ડોક્ટરને ત્યાં જાય છે. પણ તેનું મન પાવરફુલ અને પ્રોગ્રેસિવ બને એટલા માટે કશો પ્રયત્ન કરે છે? કોઈ ઠેકાણે આવો પ્રયત્ન ચાલે છે? 'એ' પ્લસ 'બી' અને 'એ' માઇનસ 'બી' આટલું ભણીને કાંઈ પાવરફુલ માઇન્ડ થશે? શિવાજી કયારે જન્મ્યો કેવળ એ જાણીને માઇન્ડ પાવરફુલ થશે? કે ચરોતરમાં પાક કેટલો આવે છે તે જાણીને પાવરફુલ માઇન્ડ થશે? અર્થાત્ એ ન જાણવું જોઈએ તેમ હું નથી કહેતો. તે બધાની જરૂર છે. પણ સાથે સાથે જેની જરૂર છે તે મળતું નથી. પાશ્ચાત્ય દેશોનાં અશાંત મોજાં અહીં પણ આવવાનાં છે. તમને ભણેલા લોકોને ખાસ કહું. ટોફ્લરનું 'ફ્યુચર શોક' કરીને એક પુસ્તક છે. ખાસ વાંચો. તમને યુવાનોને ખાસ કહું છું કે તે પુસ્તક વાંચો. ત્યાં આજે છોકરાઓ ઉન્મત્ત થયા છે, તોફાની થયા છે. સ્વચ્છંદી થયા છે. ત્યાં નેવું ટકા લોકો સ્વચ્છંદી થતા હશે, પણ દસ ટકા લોકોનું થિંકિંગ પણ છે. દસ ટકા જુવાન થિંકિંગ કરે છે. ત્યાંના યુવાને બધી જ એસ્ટાબ્લિશમેન્ટ ચેલેન્જ કરી છે. તેઓ કહે છે, 'અમને એસ્ટાબ્લિશમેન્ટ નથી જોઈતી એમણે અમને શું આપ્યું?'

પહેલી પેરેન્ટ્સની એસ્ટાબ્લિશમેન્ટ ચેલેન્જ કરી છે. પેરેન્ટ્સે શું આપ્યું અમને? પરદેશમાં તો શિક્ષણ ફ્રી મળે. પુસ્તક પણ આપવું પડતું નથી. તે ગવર્મેન્ટ આપે છે. મા-બાપે અમને શું આપ્યું? અમારા જીવનમાં સુખદુઃખ આવવાનાં જ છે. પરણીને અમે બે જણ સાથે રહીશું એટલે ત્યારે એક બીજાનું માનીને ચાલવું પડશે. તે ઠેકાણે અમારું માઇન્ડ પાવરફુલ કેમ થાય તે માટે કાંઈ પ્રયત્ન કર્યો છે? આ તેમનો પહેલો પ્રશ્ન છે. ખુલ્લમ ખુલ્લો પ્રશ્ન છે. જરા દુઃખ આવ્યું કે હતાશ થાય છે. ફ્રસ્ટ્રેશનને લીધે નબળું

અંતઃકરણ થયું છે. આ માટે હુ ઇઝ રીસ્પોન્સિબલ? પેરેન્ટ્સ ! આ પહેલી એસ્ટાબ્લિશમેન્ટ છે.

બીજી એસ્ટાબ્લિશમેન્ટ ટીચર્સ છે. ત્યાંના યુવાનો પૂછે છે, 'તેમણે અમને શું આપ્યું?' આજે ટીચર કહે છે 'વી આર નોટ પેઇડ ફોર ધીસ'. ત્રીજી એસ્ટાબ્લિશમેન્ટ સોસાયટી છે અને ચોથી એસ્ટાબ્લિશમેન્ટ રીલિજિયન છે. ચારે ચાર એસ્ટાબ્લિશમેન્ટને એ ચેલેન્જ કરે છે. અને આ ચારે ચાર એસ્ટાબ્લિશમેન્ટે રી-થિંકિંગ કરવાના દહાડા આવ્યા છે. થોડો વિચાર કરો. શું કરવાનું એનો થોડો વિચાર કરો. રી-થિંકિંગ નહીં કરીશું તો આપણે ફેંકાઈ જઈશું. એટલું જ નહીં પણ ભગવાનના દરબારમાં આપણે જવાબ આપવો પડશે. કેવળ અમે ભગવાનમાં માનીએ છીએ અને શનિવારના દિવસે હનુમાનજીને સિંદુર ચઢાવીએ છીએ એટલું બોલીને નહીં ચાલે. મને જે કાંઈ મળ્યું છે તેનો મેં ઉપયોગ કેવી રીતનો કર્યો છે તેનો જવાબ મારે આપવાનો છે. ચારે ચાર એસ્ટાબ્લિશમેન્ટ ચેલેન્જ થાય છે તેનું કારણ, મન દુબળું થયું છે. પાવરફુલ અને પ્રોગ્રેસિવ માઈન્ડ થાય એટલા માટે કોઈ એ પ્રયત્ન કર્યો છે? સોસાયટી આટલા માટે પ્રયત્ન કરે છે? ટીચર્સ આટલા માટે પ્રયત્ન કરે છે? શિક્ષણને માટે મોટાં બિલ્ડિંગો બાંધી રાખ્યાં છે. પણ અમારા બિલ્ડિંગમાંથી જે વિદ્યાર્થી બહાર પડશે તે પ્રતિકૂળ પરિસ્થિતિ સામે હિંમતથી ઊભો રહેશે? આવી રીતની વિચારધારા, આવી રીતનું થિંકિંગ આવી રીતનું માઈન્ડ કરવાને માટે જે પ્રયત્ન કરવો જોઈએ તે પ્રયત્ન ક્યાંય થાય છે? પણ તે તરફ કોઈનું ધ્યાન જ નથી. સોસાયટીને પણ પડી નથી. આવી પરિસ્થિતિમાં જો યુવાનો આવો જવાબ આપતા હોય અને છાતી ઉપર ચડી બેસતા હોય તો તેમની ભૂલ છે? આજે બધા લોકો માનસિક પીડિત છે. તે દૂર કરવા શું રસ્તો છે? આપણા દેશમાં ઉત્કૃષ્ટ મૂર્તિપૂજા છે. સાયન્ટિફિક મૂર્તિપૂજા છે તે તેનો રસ્તો છે. અમેરિકન લોકોને મેં કહ્યું તમારી પાસે બધું જ છે. ભાવના છે, બધું છે. પણ તમારુ માઈન્ડ પાવરફુલ કેમ થતું નથી? તમે ચર્ચમાં જાઓ છો, પ્રાર્થના કરો છો, પ્રેઅર કરો છો, ઈટ ઈઝ ગ્રેટફુલનેસ. ભગવાન પ્રત્યે ગ્રેટફુલનેસ દેખાડો છો. કેન યુ કોન્સન્ટ્રેટ

ચોર માઈન્ડ? મન પ્યુરીફાય કેમ થાય? પણ જેનાથી મન શુદ્ધ થાય છે તે યુવાનો મૂર્તિપૂજાની મશ્કરી ઉડાવે છે. તેનું કારણ મૂર્તિપૂજા એટલે શું તે તમને કોઈએ સમજાવ્યું જ નથી. કોઈને જાણવું નથી. એકાદ મંદિર બાંધી નાંખ્યું, એક મૂર્તિ મૂકી દીધી, પછી કહે જા દર્શન કરવા પણ એમને એમ સમજ્યા વગર દર્શન કરવા કોણ જાય? એમને સમજાવવું જોઈએ. 'વોટ ઈઝ ધી નેસેસિટી ઓફ ધી આઈડોલ?' આઇડોલ એટલે શું છે? તેનાથી પાવરફુલ, પોગ્રેસિવ અને સેન્સિટિવ માઈન્ડ કેમ થાય? માઈન્ડ ફક્ત પ્રોગ્રસિવ યા પાવરફુલ થઈને ચાલે નહીં. સેન્સિટિવ પણ બનવું જોઈએ. તે કેવી રીતનું બને? વગેરે વાતો આ માનસિક પીડિતોને કોણ સમજાવશે? તે જ રીતે લોકો ભાવાત્મક પીડિત છે. ભાવ રહ્યો જ નથી. રૂપિયા, આના, પાઈમાં જ બધું ગણાય ત્યાં ભાવ ક્યાંથી રહે? કોઈને સ્કૂલ પર ભાવ છે? મારી સ્કૂલ, મારો ટીચર, આજે હું સારી સ્થિતિ ઉપર છું તે તેના લીધે છું એમ કોઈને લાગે છે? નથી લાગતું કારણ કે ભાવ જ ખલાસ કરી નાંખ્યો છે.

ભણેલા લોકોને વધારે કહેવાનું કારણ નથી. તમે ભણેલા છો તેથી ટૂંકમાં કહું કે માનવ જાતિના ઈતિહાસનો અભ્યાસ કરશો તો જણાશે કે બે રેવોલ્યુશન થઈ ગયાં. એક મરકન્ટાઈલ રેવોલ્યુશન અને બીજું ઈન્ડસ્ટ્રિયલ રેવોલ્યુશન. મરકન્ટાઈલ રેવોલ્યુશન અને ઈન્ડસ્ટ્રિયલ રેવોલ્યુશન આ બંનેનો અભ્યાસ કર્યા વગર તમે માણસ જાતિનો સાચો અભ્યાસ કર્યો ન ગણાય. એ મરકન્ટાઈલ રેવોલ્યુશન અને ઈન્ડસ્ટ્રિયલ રેવોલ્યુશન થયું તેમાંથી મિકેનિકલ મટીરિયાલિઝમ ઊભો થયો. આ મિકેનિકલ મટીરિયાલિઝમે લોકોમાંનો ભાવ સદંતર ખલાસ કરી નાંખ્યો. તેવી જ રીતે ભ્રાન્ત ઈશ્વરવાદે પણ એ ભાવ ખલાસ કર્યો આ બધું ખોટું છે, માયા છે વગેરે કહી કહીને ભાવના ખલાસ કરી. લોકો માયા શબ્દનો અર્થ જ સમજ્યા નથી બધા લોકો ભાવશૂન્ય બન્યા છે. બાપ તરફ શા માટે જોવું? બાપ પૈસા આપે છે? મારી પાસે એક તકરાર આવી હતી. એક વિધવા બહેને છોકરાને નાનાથી મોટો કર્યો, ભણાવ્યો તે બેન્કમાં મોટો ઓફિસર થયો બહેનને પતિનું શ્રાદ્ધ સરાવવું હતું. દીકરાએ શ્રાદ્ધ સરાવવાની ના પાડી. બંને

જણા મારી પાસે આવ્યા. બહેને કહ્યું, 'છોકરો મારું બહુ માને છે. સારો છે, કહીએ તેમ કરે છે, પણ બાપનું શ્રાદ્ધ સરાવવાની ના પાડે છે.' મેં તેને ન સરાવવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે મને કીધું 'મારા બાપાએ મારા માટે શું રાખ્યું છે કે હું તેમનું સરાવું?' ત્યારે મેં કીધું 'તને તો રાખ્યો છે કે નહીં? તો પછી શ્રાદ્ધ શા માટે ન સરાવવું જોઈએ?'

આજે કોઈ ઉપર ભાવ નથી રહ્યો. બસ બધે પૈસા પૈસા, એક જ વાત છે. બધા ભાવશૂન્ય થયા છે. ખરેખર આના જેવી સ્થિતિ, આના જેવું પશુત્વ કોઈ કાળે નહીં હોય. બધા જ હિરણ્યાક્ષ થયા છે. હિરણ્યાક્ષ એટલે જેની આંખોમાં સોનું દેખાય છે તે. મને એક વખત કોમ્યુનિસ્ટ મિત્રો જે રામાયણ પર રિસર્ચ કરે છે. તેમણે પૂછ્યું કે તમે હજીએ પુરાણોમાંની વાર્તા માનો છો? સુવર્ણની લંકા હતી. તે હજી માનો છો તમે? સુવર્ણની કોઈ દિવસ લંકા હોઈ શકે? ત્યારે મેં કીધું કે, 'ભાઈ, તમારે અમારા પુરાણો વાંચવા માટે બીજો જન્મ લેવો પડશે. ત્યાં સુધી યુ વેઈટ.' સુવર્ણની લંકા એટલે શું ખબર છે? લંકામાં રહેવાવાળા પ્રત્યેક માણસની આંખમાં સોનું જ દેખાતું હતું. પૈસો! પૈસો! પૈસો! સોનું. પૂજા કરવાની હશે તો પણ પૂજારી પૂછે, મુખ્યાજી પૂછે આપશો શું? કથા કરવાની હશે તો પણ આપશો શું? મળશે શું? કથા શા માટે કરવાની? પૈસા મળે એટલા માટે, બીજા કોઈ કારણ માટે નહીં. આવી રીતનો સમાજ જ્યારે ભાવહીન થાય, પ્રત્યેક વખત લોકોની આંખોમાં સોનું જ દેખાય, ત્યારે સોનાની લંકા થઈ જાય. અને અંતે હનુમાનજીએ તે બાળી. અને સોનાની લંકા જ બળી એમ નથી. મેં કીધું કે સુવર્ણની દ્વારકા પણ ડૂબી. તે કૃષ્ણની હતી. છતાં ડૂબી કારણ કે બધાને પૈસા સિવાય બીજું કાંઈ દેખાતું જ ન હતું. કહેવાનું તાત્પર્ય લોકોમાંથી ભાવ જ ગયો હતો. આજે પણ ભાવ બલાસ થયો છે.

ઘણી વખત કહું છું. જૂના કાળનો આપણો ઋષિ જ્યારે હિમાલય પાસે ગયો છે ત્યારે તેણે હિમાલયનું સ્તોત્ર ગાયું છે. કાલિદાસ ગયો, ત્યારે તેણે કહ્યું: 'અસ્ત્યુત્તરસ્યાં દિશિદેવતાત્મા હિમાલયો નામ નાગાધિરાજઃ (કુમારસંભવ) આ હિમાલય પૃથ્વીનો

માનદંડ છે. હિમાલયની ભવ્યતા જોતાં જ આ વિચાર આવે છે કે ભગવાન બેઠા હશે તો ત્યાં ઉપર જ બેઠા હશે. ત્યાર પછી સેવન્ટી નાઈનનો વડોદરાનો વેપારી ગયો. તો તેના મગજમાં ભગવાન આવ્યા નહીં. ભગવાનની આ ભવ્યકૃતિ છે તેમ લાગ્યું નહીં હોય. પણ તેને થયું હશે, 'આટલો બરફ અહીં નકામો જાય છે! અહીં જો આઈસ્ક્રીમ ફેકટરી ખોલીએ તો ? અમદાવાદ આઈસ્ક્રીમ પહોંચાડીએ તો ? સસ્તો પડે. સહેલાઈથી બને!' હું એમ નથી કહેતો કે નેચરલ રીસોર્સિસનો ફાયદો ન ઉઠાવવો. નેચરલ રીસોર્સિસનો ફાયદો જરૂર લેવાનો. પણ તેને પણ કંઈ 'પ્લસ વેલ્યુ' છે તે જોવાની દૃષ્ટિ કોણ આપશે ? મારે ઘેર મા રસોઈ રાંધશે જ. પણ રસોઈ રાંધવાને માટે મા નથી. માને કંઈક 'પ્લસ વેલ્યુ' છે. આ રીતે સૃષ્ટિ તરફ 'પ્લસ વેલ્યુ' દેખાડવાનું જ્યાં સુધી શિક્ષણ મળતું નથી ત્યાં સુધી સમાજમાં ભાવ ઊભો ન થાય. રૂપિયા, આના, પાઈમાં જ બધા બ્લાસ થઈ જશે. તેથી આર્થિક પીડિત, માનસિક પીડિત, બૌદ્ધિક પીડિત, ભાવનાત્મક પીડિત વગેરે પીડિતોને મદદ કરવી આ સમતાવાદનું ત્રીજું અંગ છે.

સમતાવાદનું ચોથું અંગ છે. પ્રયત્નવાદ. સમય થઈ ગયો છે, વધારે નથી બોલતો, પણ સમતાવાદમાં પ્રયત્નથી જ તમારે બધું મેળવવું પડશે. ગીતા કહે છે કર્યા વગર મળતું નથી. ફક્ત ગીતાએ જ સમજાવ્યું છે. 'ઉદ્ધરેદાત્મનાત્માનમ્ નાત્માનમવસાદયેત્' (૬.૫) અર્જુનને પણ ભગવાન આશ્વાસન નથી આપતા કે તે તેને મુક્તિ અપાવી દેશે. ભગવાન મુલ્લાજીની ચિઠ્ઠી ફાડતો નથી. કે જા તને મુક્તિ મળી જશે. પણ તારે ક્રમશઃ ડેવલપ થતાં થતાં ઉપર જવું પડશે. એમ ગીતા કહે છે. ડેવલપમેન્ટ કે મુક્તિ આ કંઈ આપવાની વાત નથી. બાહ્ય વિષય (ઓબ્જેક્ટ) બુદ્ધિ ઉપર આઘાત કરતા બંધ થઈ જાય. 'લાઈફ્સ એન્ડ ડીસ-લાઈફ્સ' બંધ થઈ જાય એનું નામ મુક્તિ છે. ત્યારે એક જાતનો બુદ્ધિયોગ, મદ્ગચિત્તં સતતં ભવ એમ ગીતા કહે છે. આ ફક્ત ઈન્ટેલેકચ્યુઅલ નહીં પણ સ્પિરિચ્યુઅલ ડેવલપમેન્ટ છે. અને તે સ્પિરિચ્યુઅલ ડેવલપમેન્ટ કર્યા વગર તને મુક્તિ મળશે નહીં. આમ ભગવાન અર્જુનને કહે છે. આજે આપણને બધું મફત જોઈએ છે. તેથી અધ્યાત્મ પણ ડહોળાઈ ગયો છે. એકાદ સાધુ

બાવાની ભભૂતિ લગાડીને જો ભગવાન મળતા હોય તો તે બધાને જોઈએ છે. ભગવાન પણ મફતમાં જોઈએ છે. બાપજીની પછવાડે લોકો દોડચા કરે છે કે વખતે ભગવાન દેખાડે તો પણ પ્રયત્ન વગર કશું મળતું નથી. પ્રયત્નવાદ એ સમતાવાદનું ચોથું અંગ છે.

સમતાવાદની પાંચમી વાત તે સ્વાન્તઃ સુખ માટે છે. પણ હવે તેના માટે હું બહુ બોલતો નથી. ટાઈમ ઘણો થઈ ગયો. સ્વાન્તઃ સુખાય, એ પાંચમી વાત છે. પાંચે વાતો સમતાવાદમાં અતિઆવશ્યક છે. કેમ કે છેલ્લું 'મેટાફિઝિક્સ' સમતાવાદમાં પણ સ્વીકારાયું છે. કોમ્યુનિસ્ટ લોકો પણ મેટાફિઝિક્સ સ્વીકારે છે. પણ તેમનું રૂપ જરા જુદું છે. ભાષા જુદી છે. પણ તે સ્વીકારે જ છે. પણ સ્વાન્તઃ સુખની પાંચમી વાત સરસ રીતે ગીતા સમજાવે છે. ગીતાનો રસ્તો જ અલૌકિક છે. અહીં બધા શિક્ષિત લોકો હોવાથી કહું કે તમે જે બધું ભણાવો છો તે શિક્ષણ કહેવાય અને બાળક પોતે મેળે જે વિચાર ઉપાડે છે તેને સંસ્કાર કહેવાય. તમને થશે વ્યાસ, આટલા મોટા, દૈવી તત્ત્વજ્ઞાનીનો અભ્યાસ કરવાવાળા, વેદોનું જેણે જુદું જુદું સંકલન કર્યું તે આવી રીતનાં સામાન્ય પુરાણો લખે! કલ્પિત વાર્તાઓ લખે! પુરાણમાં ઘણી કલ્પિત વાર્તાઓ છે, શા માટે લખે છે તે ખબર છે? આ એક મોટો 'માસ સાયકોલોજી'નો અભ્યાસ છે. તેમાં તમે કોઈ ને કહો નહીં કે તું આવો થા. પણ વાર્તા દ્વારા તેવા થવાનું નિરૂપણ કરવાનું હોય. એક વાર્તા કહો. તેમાં ઉચ્ચતમ થયેલો પુરુષ દેખાડો. સાંભળનારના મનમાં એમ થાય કે હું તેના જેવો થાઉં અને તે જે ઉપાડે તેનું નામ સંસ્કાર કહેવાય અને ગોખાવશો તેનું નામ શિક્ષણ કહેવાય. શિક્ષણથી માણસ સુધરતો નથી. સંસ્કારથી સુધરે છે અને ગીતાએ સ્વાન્તઃ સુખ તે જ રીતે સમજાવ્યું છે. બહુ જ સુંદર રીત છે.

એક બીજું દૃષ્ટાંત યાદ આવે છે તે કહું. બહુ જાણવા જેવી વાત છે. રામપુરનો નવાબ માંદો પડયો. આખું ગળું કફથી ભરાઈ ગયું અને અવાજ નીકળે નહીં. શ્વાસોચ્છ્વાસની તકલીફ થવા લાગી. વૈદ્યો, હકીમો, ડોક્ટરોએ બધાએ હાથ ધોઈ નાખ્યા હતા. તેવામાં લીલાધર નામના વૈદ્ય ત્યાં આવ્યા. બધાંએ કહ્યું કે હવે અંતિમ

સ્થિતિ છે. લીલાધર વૈદ્યે આવીને તેમને તપાસ્યા અને કહ્યું કે એને હું સારું કરીશ. તેણે બધા ડોક્ટરો, વૈદ્યો અને હકીમોને પૂછ્યું કે દવા આપીને સારા કરું કે દવા દેખાડીને સારા કરું? ત્યારે બધા ગુસ્સે થઈ ગયા કે પોતાને સમજે છે શું? દવા દેખાડીને તે કાંઈ સારું થતું હશે? બધાએ કહ્યું દવા દેખાડીને સારા કરો. તેણે પચાસ લીંબુ મંગાવ્યાં. ને એક છોકરાને કીધું કે દર્દીના મોંઢા પાસે લીંબુ લઈ જા અને કાપ. છોકરો ચરરર.... કરીને લીંબુ કાપતો ગયો. એક-બે ત્રણ એમ પચાસ લીંબુ કાપતાં જ દર્દીના મોંઢાને પાણી છૂટ્યું, કફ નીકળી ગયો ને નવાબ બોલવા લાગ્યો. આવી જ રીતનું ગીતામાં જ્ઞાની ભક્તનું વર્ણન સાંભળીએ. ગુણાતીતનું વર્ણન સાંભળીએ. સ્થિતપ્રજ્ઞનું વર્ણન સાંભળીએ ત્યારે મોંઢામાં પાણી છૂટે. આપણને લાગે કે આપણે આવા થઈએ. આ સ્વાન્તઃ સુખને માટે આપણે પ્રયત્ન કરીએ. મારું કહેવાનું તાત્પર્ય એટલું છે કે સમતાવાદનો ત્રણ ચતુર્થાંશ ભાગ ગીતા સમજાવે છે અને ચોથો ભાગ છે તે ફક્ત આર્થિક છે. પણ માણસની વૃત્તિ જ્યાં સુધી બદલાતી નથી ત્યાં સુધી આર્થિક સમતા થવાની નથી અને તેનો કાંઈ પણ અર્થ નથી. નોટ ઇવન ઇન રશિયા. રશિયામાં પણ તે સમતા થઈ નથી અને થવાની નથી. સમતાવાદમાં પાંચ બુનિયાદી-બેઝિક વાતો છે એમ કોમરેડશીપના યુગમાં જરા મિજાજથી કહો. વિશ્વને કહેવા જેવું તમારી પાસે છે. મારા નવલોહીયા યુવાન ભાઈઓને કહું, કે તમારી પાસે કાંઈ કહેવા જેવું છે, આપવા જેવું છે, તેનું અહીં ડેમોન્સ્ટ્રેશન કરશો તો તે દુનિયા ઉપાડશે. કેવળ તમારો ઉપદેશ સાંભળવા કોઈ નવરો બેઠો નથી. જે દેશને આવું અલૌકિક તત્ત્વજ્ઞાન મળ્યું છે તે આવો કંગાળ કેમ? અને આટલા જુવાનિયા હોવા છતાં, વિચારશીલ માણસો હોવા છતાં! એનું કારણ છે. ગીતા એ ઘડપણમાં વાંચવાનો ગ્રંથ છે એવી સમજણ ઘૂસી ગઈ છે. એટલે કે જિંદગીમાં બધી હરામખોરી કરી લીધા પછી ગીતા વાંચવાની એવું રૂપ આવ્યું છે. પણ તે પહેલાં તો ઘરડો ઉપર ચાલ્યો. અરે, જુવાન છોકરો જો ગીતા વાંચવા લાગે તો ઊલટું આજુબાજુનાં ઘરનાં લોકો કહે કે હજુ વાર છે, કારણ કે એના બાપને એમ લાગે છે કે ગીતા વાંચ્યા પછી સંન્યાસી થઈ જશે. પણ એ ગાંડાઓને ખબર નથી કે ગીતા

સંન્યાસી માટે નથી. મને એક ભાઈએ કીધું કે 'ગીતા સંન્યાસીઓ માટે છે.' ત્યારે મેં તેને કીધું કે 'તને ખબર છે કે ગીતાના સ્ટેજ ઉપર ચાર પાત્રો છે તેમાંથી કોણ સંન્યાસી છે? ધૃતરાષ્ટ્ર, સંજય, કૃષ્ણ અને અર્જુન આ ચાર પાત્રોમાંથી કોણ સંન્યાસી છે? કોઈ જ સંન્યાસી નથી. અરે ઊલટું ધનુષ્યબાણ ફેંકી દીધેલો અને સંન્યાસ લેવા નીકળેલો અર્જુન પાછાં ધનુષ્યબાણ ઉપાડે છે. ગાંડીવ હાથમાં લઈ લડવા તત્પર બને છે.' જે ગીતા સાંભળ્યા પછી આવો 'સ્પાર્ક' નિર્માણ થાય છે. તે ગીતાને, તે ચૈતન્યનો આવું બોલી બોલીને કોલસો કરી નાખ્યો. ઘરડા હશો તો તો ગીતા વાંચો જ. કેમ કે તે આવતા જન્મારે પણ ઉપયોગી થશે અને આ જન્મારે પણ ભગવાનને કંઈ કહી શકશો કે મેં કંઈ કામ કર્યું છે. ઘરડા થયા હશો તો પણ વાંચો, અને જુવાન હશો તો તે વાંચો જ વાંચો. ઊલટું કહું કે ઘડપણમાં તે વાંચજો જ પણ તે પહેલાં જુવાનીમાં પણ તે વાંચો. તો તે ઘડપણમાં ઉપયોગી થશે. ઘડપણમાં ઘણા લોકો સાંભળવા જાય. ત્યારે 'નેગેટિવ થિંકિંગ' કહે તો પણ માથું ધૂણાવે અને કોઈ પોઝેટિવ થિંકિંગ કહે તો પણ માથું ધૂણાવે. તેમને બુદ્ધ પણ ખબર ન હોય અને કૃષ્ણ પણ ખબર ન હોય. કાંઈ જ ખબર નથી હોતી તેથી માથું ધૂણાવે રાખે છે.

એનું કારણ એ છે કે એ લોકોનું મગજ ઠેકાણે નથી હોતું. એક પ્રસંગ કહું એટલે ધ્યાનમાં આવશે. સૌરાષ્ટ્રમાં જાફરાબાદ ગામ છે. તે કાળે મુંબઈથી જાફરાબાદ સ્ટીમર જતી હતી. બપોરે બાર-એક વાગે જાફરાબાદથી નીકળી મુંબઈ જાય. જાફરાબાદના એક ભાઈને કાંઈ અગત્યનું કામકાજ આવ્યું. તેણે નક્કી કર્યું કે આજે હમણાં ને હમણાં મારે મુંબઈ જવું જોઈએ. ગરમીના દિવસો હતા. બારેક વાગે સ્ટીમર છૂટે અને અગિયાર વાગ્યે નક્કી કર્યું. તે પેટીમાં કપડાં ભરવા લાગ્યો. બિસ્તરો બાંધતી વખતે તાર ઉપરથી પંચિયું લીધું. અહીંથી આ કાઢે, ત્યાંથી ગંજી કાઢે અને હાંફળો ફાંફળો બિસ્તરો બાંધવા લાગ્યો. બિસ્તરો બાંધતો જાય, પસીનો લૂછતો જાય. અહીંથી એક વસ્તુ લે છે ત્યાંથી બીજી. સામાન બાંધ્યા કરે છે. તેટલામાં એક પડોશણ બેન આવ્યાં, 'કેમ છગનભાઈ તમે મુંબઈ જાવ છો?' તો કહે, 'હા' 'ત્યારે તમને

અમારાં ગંગાબેન ખબર છે? પાલા રહે છે તે?' તો કહે, 'હા' 'તેમનું એડ્રેસ ખબર છે'? તો કહે, 'હા' 'તેમને કહેજો કે તમારે ત્યાં લગ્ન છે તો ત્યાં આવવાના છીએ.' તો કહે 'ભલે!' તે બહેને વિચાર કર્યો કે આ બધામાં જ હા....હા....બોલ્યા કરે છે તે ખરેખર તે સાંભળે છે કે નહીં? બધાની જ હા બોલ્યા કરે છે. તેથી તેમણે કહ્યું 'તમે ત્યાં જઈને એમ કહેજો કે પાલામાં પાણીની બહુ અગવડ છે ને અમારા જાફરાબાદમાં બે કૂવાઓ છે. તો અમે એક કૂવો પણ લેતા આવીશું.' તો કહે 'હા'. પછી એટલામાં તે ભાઈ બિસ્તરો બાંધી રહ્યા. પસીનો લૂછી નાંખ્યો અને બિસ્તરા ઉપર બેઠા અને કહ્યું કે 'હા, ગંગાબેન, બોલો, તમે શું કહેતાં હતાં?' 'તો આટલો બધો વખત તમે હા, હા, શું કરતા હતા?' ગંગાબહેને કહ્યું. 'તે વખતે મારું ધ્યાન બિસ્તરો બાંધવામાં હતું. તમે જે બોલતાં હતાં તે તરફ મારું ધ્યાન જ ન હતું.' આવી રીતના જે લોકો ઘડપણમાં બિસ્તરા બાંધવા લાગે ત્યારે ગીતામાં ધ્યાન રહેતું નથી. એનો અર્થ એ નથી કે ઘડપણમાં ગીતા ન વાંચવી જોઈએ. પણ જુવાન માણસે જ્ઞા માટે વાંચવી જોઈએ તે કહું છું. વયોવૃદ્ધે તો વાંચવી જ જોઈએ કારણ કે તેમણે તરત જ ભગવાનને જવાબ આપવાનો છે. તેમણે તો ગીતાનું તત્ત્વજ્ઞાન કહેવું જોઈ એ. વાંચવું પણ જોઈ એ.

આજે આખી દુનિયા વિચારોની તરસી છે. વિચારોની કિંમત છે, ત્યારે આ રીતની તરસી દુનિયાને જ્યારે તેની જરૂર છે તે વખતે જો યોગ્ય રીતે અહીં કંઈક કરી દેખાડીશું, ડેમોન્સ્ટ્રેશન કરીશું, તો વિશ્વના ફિલોસોફર્સ પણ તે ઉપાડશે. ગીતા એ અલૌકિક ગ્રંથ છે. તે ઉપાડો અને મહાન સંસ્કૃતિ કે જે આથમશે જ નહીં, (આપણે જગતમાંથી ચાલ્યા જઈશું છતાં પણ તે સંસ્કૃતિ આથમશે નહીં) તે સંસ્કૃતિને પુનર્જિવિત કરવા થોડો ઘણો હાથ મેં પણ લગાડયો છે તેનું સમાધાન લઈ લો અને જે પુણ્ય મળે તે પુણ્ય લઈ જાવ. આટલું જ કહું અને સમતાવાદના કાળમાં, કોમરેડશીપના યુગમાં ગીતાની અતિઆવશ્યકતા છે એટલું કરીને હું તમારી રજા લઉં છું.

કેમ કે સમય બહુ થઈ ગયેા છે. તમે બધા અહીં શાંતિથી બેઠા છેા. હું સમજું છું કે તમને મારું બેાલવું ગમે છે એટલે તમે શાંતિથી બેઠા છેા તેમ નથી. પણ તમે સભ્ય છેા એટલે શાંતિથી બેઠા છેા. વચ્ચે ઊઠાય નહીં એ સભ્યતા છે, તેથી તમે બેઠા છેા. પણ છતાં તમારી એ શાંતિ જોઈ ને હું આનંદિત થયેા છું. તેટલી જ શાંતિથી આપણે સ્વાધ્યાયનું એક ભાવગીત ગાઈશું અને પછી આપણે ઊઠીશું.*

---

*સદ્‌વિચાર દર્શન, વિમલજ્યોતિ, મુંબઈના સૌજન્યથી.

યુનિવર્સિટી પ્રેસ, વલ્લભ વિદ્યાનગર